શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર
એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા • વર્ષ-૮ અંક-૫ જૂન/જુલાઈ-૧૩

## સાબરકાંઠા વિશેષાંક





॥ જય અંબે ॥
ભરતભાઈ સોની ... ૯૮૯૮૩ ૬૯૫૦૦
વિકી બી. સોની ... ૯૮૨૫૬ ૨૧૧૪૫
નિશાંત બી. સોની (I.C.W.A.I.)
SINCE 1973
શ્રી
વાઘેશ્વરી
રોલીંગ વર્કસ એન્ડ ટુલ્સ
આપની સંપત્તિની
સંપૂર્ણ સુરક્ષા માટે....
આજે જ વસાવો....
: MANUFACTURES :
Siddhi Safe
Surendranagar
INSURANCE VALID
72x36x30
60x36x27
48x36x27
28x22x21
72x36x30
60x36x27
60x30x27
36x24x21
24 hours Secure Your
Money in Siddhi Safe
Imported
Guarantied Lock
Heavy Weight
Heavy Strong
Heavy Size
Fire Proof
હેડ ઓફિસ : સોની બજાર, ગ્રાઉન્ડ ફલોર, વાદીપરા ચોક, પતરાવાળી હોટલ સામે, સુરેન્દ્રનગર.
બ્રાંચ : ૨, મૈત્રી કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફલોર, ઘડીયાળી પોળ, સાંઇનાથ રીફાઇનરીની બાજુમાં, વાંકી શેરી, માંડવી, વડોદરા.
બ્રાંચ : ગ્રાઉન્ડ ફલોર, ભાવનગરી ચેમ્બર્સ, જલ્પા ટુલ્સની બાજુમાં, રતનપોળ, શેઠની પોળ, અમદાવાદ.

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૮ ● અંક : ૫
જૂન'૧૩ – જુલાઈ'૧૩

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

***ચેરમેન***
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી

વિકેન્દ્રીત સંપાદનનો આ ચોથો મણકો છે. આ રીતે પ્રકાશીત પ્રથમ ત્રણ વિશેષાંકોને પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો છે, જેનું એક કારણ એ છે કે સંબંધિત અંકોમાં વિશેષ ભૌગોલિક વિસ્તાર અથવા વિશેષ સામાજિક પ્રબંધ સંદર્ભે આપણા સમાજના પરિવારોની સમુચિત દૃષ્ટિકોણથી સંપાદિત સ્થાનલક્ષી સામગ્રીની યથાતથ પ્રસ્તુતિ થાય છે. આ ચોથા વિશેષાંકમાં સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળે વસતા આપણા પરિવારોની વિગતો છે. તદુપરાંત આ પ્રદેશની વિશિષ્ઠતાઓ અને સામાજિક સાંસ્કૃતિક વિરાસતના આછેરા પ્રતિબિંબો પણ છે. અમને વિશ્વાસ છે કે આ વિસ્તારના આપણા પરિવારોને તો આ અંક પોતિકો લાગશે જ કારણકે આ અંકમાં જે કંઈ વિગતો છે તે એમના દ્વારા જ સંકલન થયેલી છે. સાબરકાંઠા જ્ઞાતિ મંડળના પ્રમુખશ્રી તેમજ અન્ય હોદ્દેદારોએ ચીવટપૂર્વક એકઠી કરેલી વિગતો રસપ્રદ રીતે પ્રસ્તુત થયેલ છે. સેતુના અન્યત્ર વસતા વાચકોને પણ આ અંક થકી આ જિલ્લા વિષે તેમજ અહીં વસતા આપણા પરિવારો વિષે ઉપયોગી અને રસપ્રદ વિગતો જાણવા મળશે.

સેતુનો આગામી અંક (ઓગષ્ટ-સપ્ટેમ્બર) સેતુનો 'દશાબ્દી પ્રવેશાંક' હશે. વાચકોને એ જાણી હર્ષ થશે કે 'સેતુ' એના અવિરત પ્રકાશનના દસમા વર્ષમાં પ્રવેશ કરે છે. ઓગષ્ટ-૨૦૦૪માં 'સેતુ'નો પ્રથમ અંક પ્રકાશીત થયો હતો. 'સેતુ'ની આ દાયકાભરની મજલ ખૂબજ 'મનભર' રહી. સુજ્ઞ વડિલો, ઉદાર શ્રેષ્ઠીઓ, સમભાવી સહયોગીઓ અને સહૃદય વાચકોએ 'સેતુ'ને પોતિકું ગણી ખૂબ જ લાડ લડાવ્યા છે તે બદલ 'સેતુ પરિવાર' તેઓ સહુનો આભારી છે. તેઓનું સેતુ પરનું ઋણ રહેશે જેને અદા કરવા 'સેતુ' આપણા સમાજ પ્રત્યે અટલ શ્રદ્ધા સાથે સદૈવ પ્રતિબદ્ધ રહેશે. સેતુના દશાબ્દી પ્રવેશાંક તેમજ દશાબ્દી વર્ષ દરમ્યાનના બધા અંકોનું સંપૂર્ણ આયોજન અને માર્ગદર્શન શ્રી અતુલ સોનીનું રહેશે. અન્યત્ર દશાબ્દી સંદર્ભે અંકો વિષેનું curtain-raiser પ્રસ્તુત છે.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

**આ અંકના અતિથિ સંપાદકો શ્રી નરેન્દ્રભાઈ સોની, દિનેશભાઈ સોની તથા રશ્મીનભાઈ બારમેડા છે.**



'જ્ઞાતિસેતુ' નો આગામી અંક સાબરકાંઠા વિશેષાંકરૂપે પ્રગટ થઈ રહ્યું છે. તે વેળાએ અંજાર જ્ઞાતિ ટ્રસ્ટ જ્ઞાતિસેતુ ટીમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

'જ્ઞાતિસેતુ' દ્વારા વિવિધ ઘટક વિશેષાંક પ્રગટ કરવાનો પ્રયાસ સારો છે. તેના થકી આપણી જ્ઞાતિના વિવિધ ઘટકો એકબીજાની નજીક આવી શકશે. જે સમયની જરૂરિયાત પણ છે. દરેક ઘટક પોતાની સૂઝ-બુઝ દ્વારા પોતાની આગવી ઓળખ ધરાવતું હોય છે. જે તે જ્ઞાતિજનોના વિકાસમાં મહત્વનો ભાગ ભજવતું હોય છે. જ્ઞાતિસેતુ ટીમ દ્વારા વિવિધ ઘટકોની કાર્યપ્રણાલીની જો વિશેષ માહિતી પ્રગટ કરવામાં આવે તો સંપૂર્ણ જ્ઞાતિના વિકાસમાં જ્ઞાતિસેતુનું મહત્વપૂર્ણ યોગદાન રહેશે.

**– સોની રાજેશ કેશવલાલ**

**પ્રમુખશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-અંજાર**



છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રસિદ્ધ થતું 'જ્ઞાતિસેતુ' મુખપત્ર દ્વારા આપણા સમાજના વિવિધ ઘટકો અને ભારતભરમાં વસતા પરિવારો વચ્ચે પરિચય વધે તેવા પ્રયાસો કરવામાં આવી રહેલ છે. તે ખરેખર પ્રશંસનીય છે.

'જ્ઞાતિસેતુ' માં પરિવારો માટે ઉપયોગી માહિતી ઉપરાંત વિવિધ જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની જાણકારી સૌને મળે છે. કારકિર્દી વિશેષાંક અને મહિલા સશક્તિકરણ વિશેષાંક દ્વારા સમાજને સારું એવું માર્ગદર્શન મળેલ છે. આ ઉપરાંત અગાઉ રાયપુર વિશેષાંક દ્વારા ત્યાંના સમાજની જાણકારી સૌને મળેલ. હાલમાં સાબરકાંઠા વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહેલ છે ત્યારે જ્ઞાતિસેતુ ટીમને માંડવી જ્ઞાતિ તરફથી હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**– વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ**

**પ્રમુખશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-માંડવી**



આપણી જ્ઞાતિનું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' તેમના દરેક અંકના પ્રકાશનથી ઉચ્ચત્તર શિખરો પાર કરી રહેલ છે 'જ્ઞાતિસેતુ'નો દરેક અંક સમગ્ર સમાજ માટે વૈવિધ્યપૂર્ણ અને માહિતીસભર હોય છે.

'જ્ઞાતિસેતુ' માં છેલ્લા કેટલાક અંકોથી વિકેન્દ્રીત સંપાદકીય અભિગમ અપનાવવામાં આવેલ છે. આ એક નવતર પ્રયોગ છે. તેનાથી વિવિધ સ્થળે વસતા આપણા સમાજના પરિવારો એકબીજાથી વધારે પરિચિત થાય છે.

હાલમાં સાબરકાંઠા વિસ્તારમાં વસતા આપણી જ્ઞાતિના વિવિધ પરિવારોની માહિતી સાથેનો સાબરકાંઠા વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહેલ છે તે જાણી આનંદ થયો. આ વિશેષાંક માટે જ્ઞાતિસેતુ પરિવારને મારી હાર્દિક શુભકામના.


**– પ્રફુલભાઈ મગનભાઈ બારમેડા**

**પ્રમુખશ્રી મારૂ કંસારા સોની સમાજ-રાયપુર**

# સાબરકાંઠા વિષે...



નરેન્દ્રભાઈ એમ. સોની
ગાંધીનગર



દિનેશકુમાર જે. સોની
તલોદ



રશ્મીન વાડીલાલ સોની
ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લો ગુજરાત રાજ્યની ઉત્તર પૂર્વમાં આવેલો છે. પૃથ્વીની કર્કવૃત્ત રેખા સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થાય છે. અહીંની ભૌગોલિક સ્થિતિ વિશિષ્ટ છે. ભાતીગળ સાબરકાંઠા જિલ્લાનું વિસ્તૃત વર્ણન આ અંકમાં આપવામાં આવેલ છે. આપણે વાત કરવી છે, આ જિલ્લામાં વિવિધ સ્થળે સ્થાયી થયેલા આપણા સમાજ એટલે કે મારૂ કંસારા સોની સમાજના પરિવારો વિશે.

આ જિલ્લામાં મારૂ કંસારા સોની સમાજ વિષે અમારા પાસે પ્રાપ્ત માહિતી અનુસાર અંદાજે ૧૯૪૩ થી ૧૯૪૫ના સમય ગાળામાં સ્વ. શ્રી સોની દામજીભાઈ ખેતશીભાઈ મૂળ રહેવાસી ચકાર (કોટડા)એ અને તેમના નાના ભાઈશ્રી રવજીભાઈ અને ખેંગારભાઈએ સાબરકાંઠામાં પ્રથમ કાયમી વસવાટ હેતુ આવ્યા હોવાનું અનુમાન છે.

હાલમાં આપણા સમાજના પરિવારો સાબરકાંઠાના જુદા જુદા ગામોમાં, જેવા કે, બાયડ, ભીલોડા, ડેમોઈ, ધનસુરા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, વડાલી ગામોમાં સ્થાયી થયેલા છે. આ ઉપરાંત સાબરકાંઠા મંડળના સભ્યો (કુટુંબો) અમદાવાદ, ભુજ, ધોળકા, દહેગામ, ગાંધીનગર, ગાંધીધામ, જામનગર, કઠલાલ, મહેસાણા, નડીયાદ, વડોદરા, રાજસ્થાનના ડુંગરપુર ખાતે સ્થાયી થયેલ છે. પરંતુ સાબરકાંઠા સમાજ સાથે જોડાયેલા છે અને તમામ પ્રવૃત્તિમાં સક્રિય રહે છે. હાલ સાબરકાંઠા જિલ્લામાં આપણા સમાજના અંદાજે ૧૦૦-૧૦૫ કુટુંબો અને ૫૦૦ થી ૫૨૫ જેટલી જનસંખ્યા છે.

આ આપણા સમાજના અહીં વસતા લોકો મોટા પાયે સોના-ચાંદીના મૂળ વ્યવસાય સાથે સંકળાયેલ છે. તે ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થતા અન્ય વ્યવસાય જેવા કે બેન્કિંગ સેવાઓમાં, સરકારી નોકરી, જુદા જુદા ઉદ્યોગોમાં, IT તેમજ ફોટોગ્રાફી જેવા અનેકવિધ ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરેલ છે. જેની વિગતો સમાવતો આ સાબરકાંઠા વિશેષાંક.

આ બધી વિગતો એકઠી કરી તેનું જ્ઞાતિસેતુના સાબરકાંઠા વિશેષાંક માટે સંપાદન કરવાનું કાર્ય કરવાની અમને જે તક મળી છે. તે દ્વારા અમે સાબરકાંઠા જિલ્લાની, સાબરકાંઠા મંડળની અને તેમાં સમાવિષ્ટ લોકોની વિગતો/ માહિતી સમાજ સુધી પહોંચાડવાનો અમોએ પ્રયાસ કરેલ છે.

આ માહિતી/વિગતો એકઠી કરવામાં સમાજના હોદ્દેદારો/કારોબારી સભ્યશ્રીઓ તેમજ જ્ઞાતિજનો વગેરે સહુ લોકોએ સહકાર આપેલ છે તે બદલ અમો તેમનો ખૂબ ખૂબ હૃદયપૂર્વકનો હાર્દિક આભાર માનીએ છીએ.

આ વિશેષાંકના સંપાદન કાર્યમાં જ્ઞાતિ સેતુના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા, અતુલભાઈ સોની, મનુભાઈ કોટડીયા તરફથી અમને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળેલ છે. તે માટે અમે એમનો આદરપૂર્વક આભાર માનીએ છીએ.

**નરેન્દ્રભાઈ એમ. સોની**
**ગાંધીનગર**

**દિનેશકુમાર જે. સોની**
**તલોદ**

**રશ્મીન વાડીલાલ સોની**
**ગાંધીનગર**

**અતિથિ સંપાદકો**

# શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકો

મનુભાઈ કોટડિયા

અગાઉ આપણે શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય, બેઠકજીનું મહત્વ તથા વસીયતનામા વિષે જ્ઞાન પ્રાપ્ત કર્યું. હવે આપણે શ્રીમદ્ અખંડ ભુમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકોના ચમત્કાર તથા સ્થાનથી માહિતગાર થઈશું.



શ્રી આચાર્ય મહાપ્રભુજીની ચોર્યાસી (૮૪) બેઠક અખંડ ભારતવર્ષમાં સ્થાપિત છે. જ્યાં જ્યાં આપશ્રીએ અલૌકીક ચમત્કારો બતાવ્યા છે અને જ્યાં જ્યાં આપે શ્રીમદ્ ભાગવત્ પારાયણ કર્યું છે ત્યાં ત્યાં આપની બેઠક સ્થાપીત થઈ છે. ચોર્યાસી પ્રકારની ભક્તિ આપે પ્રગટ કરી છે. તેથી ચોર્યાસી વૈષ્ણવોના હૃદયમાં આપે સ્થાપના કરી છે. એક્યાશી પ્રકારની સગુણ ભક્તિ અને ત્રણ પ્રકારની નિર્ગુણ ભક્તિ, પ્રેમ, આશક્તિ, વ્યસનનો ભેદ છે. આ ચોર્યાસી વૈષ્ણવો મુખ્ય ભક્તિના અધિકારી થયા છે. જે તેઓની વાર્તામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**બેઠક : ૧ : શ્રી ગોકુલની બેઠકનો ચમત્કાર :** શ્રી ગોકુલમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની (૩) ત્રણ બેઠક આવેલી છે. એમાંની એક બેઠકનો ગોવિંદઘાટ ઉપર છોંકર (સમી)ના વૃક્ષ નીચે છે. આપ પ્રથમ જ્યારે ગોકુલ પધાર્યા ત્યારે આપ છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. ત્યારે દામોદરદાસ હરસાનીને આપે આજ્ઞા કરી કે *'દમલા, ગોવિંદઘાટ તથા ઠકુરાણીઘાટ બંને ઘાટ બરાબર એક સરખા છે. આમાંથી ક્યો ગોવિંદઘાટ છે અને ક્યો ઠકુરાણી ઘાટ છે તે સમજાતું નથી.'* ત્યારે અચાનક ત્યાં એક સ્ત્રી આવી. જેણે પગથી માથા સુધી હીરા અને પન્ના જડેલ આભરણ પહેરેલ હતું. તેણે શ્રી આચાર્યજી મહાપ્રભુજીને કહ્યું તમે જ્યાં છોંકર નીચે બિરાજેલા છો તે ગોવિંદઘાટ છે તથા આપની દક્ષિણ બાજુ ઠકુરાણી ઘાટ છે. આટલું કહીને તે સ્ત્રી અંતરધ્યાન થઈ ગઈ ત્યારે શ્રી આચાર્યજી આપે દામોદરદાસને કહ્યું કે *'જો દમલા શ્રી યમુનાજી આવા પરમ ઉદાર છે. કેમકે આપણે સહેજ વિસ્મીત થઈ ગયા તે શ્રી યમુનાજીથી સહન ના થઈ શક્યું અને તત્કાલ પધરામણી કરીને આપણને ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટ બતાવી ગયા'* ત્યારે દામોદરદાસે વિનંતી કરી કે *'હે મહારાજ ! ગોવિંદ ઘાટ અને ઠકુરાણીઘાટ વિષેનો અભિપ્રાય શું છે ?'* ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે, રાવળથી ઠકુરાણીઘાટ સુધીની હદ શ્રી સ્વામીનીજી છે તથા મહાવનથી ગોવિંદઘાટ સુધી શ્રી ઠાકોરજીની હદ છે અને આ છોંકર બ્રહ્મનું સ્વરૂપ છે. તે દિવસ શ્રાવણ સુદ અગિયારસનો હતો તેથી સુતરના પવિત્રા કેસરમાં રંગી કેશરી ધોતી ઉપરણા તથા મિશ્રી સિદ્ધ કરીને રાત્રીના આપ પોઢયાં અને આપશ્રીની આજ્ઞાથી દામોદરદાસ આપનાથી દૂર પોઢી ગયા. ત્યારે આપના મનમા ચિંતા ઉદ્ભવી કે મારું ભૂતલ પર પ્રાગટ્ય દૈવીજીવોનો ઉદ્ધાર કરવા થયો છે. જેથી માયાવાદ ખંડન કરીને ભક્તિમાર્ગની સ્થાપના કરવી તથા સર્વે તીર્થોને સનાથ કરવા. જીવ તો બધા દોષ ધારી છે અને પુરુષોત્તમ ગુણધારી છે. તો આ બંનેનો સંબંધ કેવી રીતે શક્ય છે ? આ ચિંતા માત્રથી શ્રી યમુનાજીના પ્રવાહમાંથી કરોડો કામદેવ જેવું સૌંદર્ય ધરાવતા દેદીપ્યમાન સાક્ષાત શ્રીનાથજી આપ પ્રગટ થઈને શ્રી આચાર્યજી, મહાપ્રભુજીની નીકટ પધારીને આજ્ઞા કરી તું શા માટે ચિંતીત છે ? તું તો સર્વે પ્રકારે વધુ સમર્થ છે. ત્યારે શ્રી આચાર્યજી, આપે પ્રણામપૂર્વક કહ્યું, *'જીવ ક્યાં ? અને આપ ક્યાં ? જેથી આ સંબંધ કેવી રીતે સંભવ છે ?'* ત્યારે આપ શ્રીનાથજીએ આજ્ઞા કરી કે આપ જેને *'નામ પમાવશો'* સેવામાં તેમના સર્વે પ્રકારના દોષનું નિવારણ થઈ જશે તથા આજ્ઞા કરી. *'શરણાગતનું ઉદ્ધાર'* કરનારા શ્રીકૃષ્ણ આપને હું અરજ કરું છું.

આટલું સાંભળીને આપશ્રી આચાર્યજીએ ધોતી ઉપરણા ધરીને પવિત્રા પહરાવીને મિશ્રી ભોગ ધર્યો ત્યારે શ્રી ગોવર્ધન નાથજી આજ્ઞા કરી કે આપ જેને 'બ્રહ્મસંબંધ' કરાવશો તેઓને હું નિશ્ચય અંગીકાર કરીશ. આવી આજ્ઞા કરીને આપ અંતર્ધ્યાન થઈ ગયા. ત્યારે શ્રી આચાર્યજી મહાપ્રભુ આપે દામોદરદાસને કહ્યું *'જો દમલા તે કાંઈ સાંભળ્યું ?'* ત્યારે દામોદરદાસે જવાબ આપ્યો મહારાજ *'સાંભળ્યું તો ખરું'* પણ કંઈ સમજી શક્યો નહીં. પુરુષોત્તમના વાક્યને વેદ પણ સમજી શક્યા નથી. તો આ જીવ શું સમજી શકે ? ત્યારે આપશ્રીએ કહ્યું કે દમલા શ્રી ઠાકોરજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા આપી છે. ત્યારે દામોદરદાસે વિનંતી કરી કે મહારાજ કૃપા કરીને પ્રથમ તો મને જ બ્રહ્મસંબંધ કરાવો ત્યારે બારસના દિવસે પરોઢીયે શ્રી આચાર્યજીએ દામોદરદાસને સ્નાન કરાવીને પ્રથમ છોંકરની નીચે બ્રહ્મસંબંધ કરાવ્યો. તથા માર્ગનો રહસ્ય સિધ્ધાવીને તેના હૃદયમાં સ્થાપના કરી તથા આપે દામોદર દાસને કહ્યું કે *''દમલા આ માર્ગ તારા માટે જ પ્રગટ કર્યો છે.''*

આ ચમત્કાર શ્રી આચાર્યજી મહાપ્રભુજી આપે ગોવિંદઘાટના છોંકર વૃક્ષની નીચે બનાવ્યો.

ઈતિ શ્રી ગોવિંદઘાટની બેઠકનો ચમત્કાર સંપૂર્ણ.

# દશમું ડગલું માંડતી વેળાએ....

**અતુલ સોની**

સમાજ વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. વ્યક્તિ અને વ્યક્તિત્વનો વિકાસ સમાજને ઘડે છે. આપણો જ્ઞાતિ સમાજ સદા પ્રગતિશીલ રહેલ છે. સમયના વહેણને સમજીને, તેના સાદને સાંભળીને સમાજે પરિવર્તનને સહર્ષ સ્વીકારેલ છે. કચ્છ સ્થિત મારૂ કંસારા સોની જ્ઞાતિ એક વિશેષ ઓળખ ધરાવે છે. અગાઉના સમયમાં સમાજના પરિવારો એકબીજાની નજદીક વસવાટ કરેલ જેથી પરસ્પર હુંફથી સધિયારો રહે અને સામુહિક વિકાસ શક્ય બને.

સમય સદા પરિવર્તન શીલ હોય છે. સમયાંતરે વ્યવસાયિક અને બીજા કારણોસર જ્ઞાતિ સમાજના કેટલાક પરિવારો કચ્છ બહાર સ્થળાંતર કરી નવી દુનિયા વસાવી. કહેવાય છે કે માનવી વતનથી દૂર જાય પણ 'વતન' તેનાથી દૂર જતું નથી. મુંબઇ, રાયપુર, સાબરકાંઠા, અમદાવાદ તથા વિદેશ જઇ વસેલ પરિવારજનો સદાકાળ વતન કચ્છથી સંકળાયેલ રહ્યા.

કચ્છ અને કચ્છ બહાર વસતા પરિવારોની ભૌગોલિક રીતે દૂર હોવા છતાં સામાજીક રીતે એકમેકથી જોડાયેલ રહેવાની ઝંખના કાયમ રહેલ છે જે સ્વાભાવિક છે.

અમદાવાદ ખાતે વસવાટ દરમિયાન આ ઝંખનાની વિશેષ ઝાંખી થઇ. સમાજના પરિવાર વચ્ચે અરસપરસ સંવાદનું કોઇ માધ્યમ હોવું જોઇએ તેવી પ્રતિતી થવા લાગી. આજ વિચાર 'જ્ઞાતિસેતુ' મુખપત્ર પ્રકાશનનું વિચાર બીજ બની ગયું. અમદાવાદમાં ૬૦-૭૦ વર્ષોથી જ્ઞાતિ પરિવારો વસવાટ કરતા હતા પરંતુ વ્યવસ્થિત જ્ઞાતિમંડળની રચનાનો યોગ વર્ષ ૨૦૦૩માં થયો. માત્ર એક વર્ષની ઉંમરમાં આ જ્ઞાતિમંડળે એક નાનકડું પગલું ભરવાની હિંમત કરી. શ્રી શૈલેષ કંસારા, શ્રી સૂર્યકાંત સોની, શ્રી તુલસીદાસ કંસારા, શ્રી રાજેન્દ્ર સોની, શ્રી જયેશ ઘડીયાળી, શ્રી ગિરીશભાઈ સોની, શ્રી જયમીનભાઈ સોની, શ્રી કનુભાઈ બીજલાણી તથા શ્રી પ્રશાંત બીજલાણી સાથે અમારી દરરોજ ખૂબ ઊંડાણપૂર્વક ચર્ચા થતી રહી અને અંતે સમાજ માટે એક મુખપત્ર પ્રસિદ્ધ કરવાનું સાહસ કરવાનું નક્કી થયું.

સંપાદન ક્ષેત્રમાં વિશેષ અનુભવ ધરાવતા વડીલ શ્રી હંસરાજભાઈ કંસારા એ મુખપત્રનું તંત્રી સ્થાન સ્વીકારી જાણે વિચારબીજને વિકસીત કરી ચરિતાર્થ કરવાનું મહાકાર્ય હાથ ધર્યું. પ્રસ્તાવિત મુખપત્રનું નામ 'સેતુ' નક્કી કરવામાં આવેલ. દરમિયાન મુખપત્ર પ્રકાશન વિષય પર કચ્છ જ્ઞાતિ સંસ્થાના અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ થતો રહ્યો. વર્ષ-૨૦૦૪ના ઓગષ્ટની ૧૫મી તારીખે બનેલ ઐતિહાસિક કહી શકાય તેવી ઘટના જાણે કાલે જ બની હોય તે રીતે મારા સંસ્મરણમાં તાજી છે. તે દિવસે મુખપત્ર 'સેતુ'ના પ્રથમ પ્રવેશાંકનું વિમોચન થયું. કચ્છ અને કચ્છ બહાર વસતા સમાજના અગ્રણીઓ પ્રથમ વખત કચ્છની બહાર એક મંચ પર સાથે મળી 'સેતુ'ને શુભકામના સાથે સર્વાંગ સહકારની ખાત્રી આપી. જ્ઞાતિ ગુરૂઓ ભુજ જ્ઞાતિના સુમનભાઈ ગોર તથા અંજાર જ્ઞાતિના ગોરબાપા શ્રી કનકચંદ્ર વ્યાસએ હૃદયપૂર્વકના આશિષ આપ્યા અને સેતુની સફર શરૂ થઈ.

પ્રથમ વર્ષમાં ત્રણ અંકો પ્રકાશિત કરી સમગ્ર જ્ઞાતિમાં ગામો ગામ વિના મૂલ્ય પહોંચાડવામાં આવ્યા. માહિતી અને પ્રસારણ મંત્રાલય - નવી દિલ્હી ખાતે 'જ્ઞાતિસેતુ' નામ રજીસ્ટ્રેશન થયું. ત્યારથી જ્ઞાતિ સેતુના નાના નાના ડગલાની શરૂઆત થઈ.

આ દરમિયાન શ્રી મનુભાઈ કોટડીયાની વ્યવસાયિક સૂઝબુઝ અને નક્કર વ્યવસ્થાપનનું બળ સેતુને પ્રાપ્ત થયું. કુ. એકતા કટ્ટા સહતંત્રી પદે રહેતા કચ્છમાં વસતા આપણા પરિવારો સાથે સેતુના જોડાણની કડી પ્રસ્થાપિત થઈ. આ ઉપરાંત સેતુના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં વ્યાપક વિસ્તરણ હેતુ માનદ્ સહયોગીઓએ ખંત અને ચીવટથી કાર્ય કર્યું છે. તેમના વ્યક્તિગત યોગદાન વિષે વિગતવાર વિગતો આગામી અંકોમાં પ્રસ્તુત થશે.

આ અંક નવમા વર્ષનો અંતિમ અંક છે. હવે પછીનો અંક દશાબ્દી પ્રવેશાંક તરીકે પ્રકાશિત થશે. આપણા સમાજના પરિવારો બહુ ઓછા હોવા છતાં સંખ્યાની દૃષ્ટિએ અમદાવાદ જ્ઞાતિના સાહસને સમગ્ર સમાજે પોતીકું સમજી એવી રીતે સહકાર આપેલ છે અને સેતુના એક એક ડગલું જેમ કે આગળ વધવામાં સહયોગ આપી પ્રોત્સાહિત કરતા રહ્યા છે. હવે 'દશમું પગલું માંડતી વેળાએ' આપનો સૌ સહકાર મળતો રહેશે તેવી ખાત્રી છે.

'જ્ઞાતિસેતુ' ના દશાબ્દી વર્ષની ઉજવણી કેવી રીતે કરવી જોઇએ એ અમો અમારા વાચક મિત્રો તરફથી જાણવા માંગીએ છીએ. કેટલાક સૂચનો મળેલ છે 'સેતુ' દ્વારા વર્ષ દરમ્યાન કોઈ સ્પર્ધાનું આયોજન થાય. વર્ષ દરમ્યાન સંમેલનો યોજાય કે વર્ષના તમામ છ એ છ અંક વિશીષ્ટ બની રહે તેવું આયોજન થાય. સમગ્ર વાચક વર્ગ સામેલ થઈ રહે અને સમાજ વિકાસમાં સેતુનું યોગદાન વધી શકે તેવા તમામ સૂચનો આવકાર્ય છે.

છેલ્લા એક દાયકામાં આપણા સમાજે કરેલ પ્રગતિના સાક્ષી બનવાનું સદ્દભાગ્ય 'સેતુ'ને મળેલ છે તેનો અમોને ગર્વ છે. 'જ્ઞાતિ સેતુ' સમાજના પરિવારો વચ્ચે 'સેતુ' સમાન બની રહેવાની દિશા કાર્ય કરવા પ્રયત્નશીલ રહેલ છે અને રહેશે. ■

# શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ સોની મહામંડળ, મોડાસા

રશ્મીન વી. બારમેડા-ગાંધીનગર

## સામાન્ય સભા તથા સ્નેહ સંમેલન બેરણાંના કુદરતી સૌંદર્યના સાનિધ્યમાં

શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ સોની મહામંડળની સામાન્ય સભા તથા સ્નેહસંમેલન ગત તા. ૧૬-૬-૨૦૧૩ને રવિવારના રોજ બેરણાં-હિંમતનગર ખાતે યોજાયેલ. બેરણાં હિંમતનગરથી ૫ કિમી દૂર કુદરતી સૌંદર્ય તથા ખૂબ જ હરિયાળા વાતાવરણમાં આવેલું છે. રવિવાર તથા તહેવારના દિવસોમાં દૂર દૂરથી પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લઈ ધન્ય અનુભવે છે. ખૂબ જ સુંદર ભગવાન શ્રી શંકરનું ભવ્ય મંદિર તથા અન્ય આકર્ષણો આ સ્થળની વિશેષતાઓ છે.

કાર્યક્રમનો પ્રારંભ સુંદર પ્રાર્થના સાથે કરવામાં આવેલ. આ પ્રસંગે યોજાયેલ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભામાં માનદ્ મંત્રી શ્રી જીતેન્દ્રકુમાર સોનીએ ગાંધીનગર સંસ્થાની કામગીરીની માહિતી આપી હતી. ત્યારબાદ સંસ્થાના ઉપ-પ્રમુખશ્રી સોની બકુલભાઈ મોહનભાઈ, દહેગામના માતૃશ્રી સ્વ. શ્રીમતી વિમળાબેન મોહનલાલ સોનીના દુ:ખદ અવસાન અંગે શોક ઠરાવ કરી ઉપસ્થિત સભ્યોએ બે મિનિટનું મૌન પાળીને સદ્ગતને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ધનસુરાના સોની શ્રી ભાઈલાલ-ભાઈ જીવરામભાઈના સ્વાગત ઉદ્બોધન બાદ સામાન્ય સભાની કામગીરીની શરૂઆત કરવામાં આવેલ હતી. માનદમંત્રીશ્રી સોની જીતેન્દ્રકુમારે સંસ્થાની ગત વર્ષ દરમિયાન કારોબારી સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા સંસ્થાના ગત વર્ષના હિસાબની રૂપરેખા રજુ કરેલ અને આ અંગે વધુ ચર્ચા વિચારણા હાજર રહેલા તમામ સભ્યો સાથે કરી હતી. વિશેષ કાર્યક્રમમાં શ્રી સોની હિરેનકુમાર જયંતભાઈ, ડેમાઈએ શિક્ષણક્ષેત્રે કારકિર્દી તેમજ શાળા-સ્કુલના પ્રવેશ અંગે વિશેષ માહિતી આપી તમામ જ્ઞાતિજનોને યોગ્ય માર્ગદર્શન પુરુ પાડેલ હતું.

કાર્યક્રમમાં આગળ વધતાં આ સામાન્ય સભામાં પ્રથમવાર સંસ્થા તરફથી, સંસ્થાના સભ્ય ભાઈઓ માટે આર્થિક મદદરૂપ થઈ શકાય તેવી યોજનાની જાહેરાત સંસ્થાના સહમંત્રીશ્રી રશ્મિનભાઈ બારમેડા દ્વારા કરવામાં આવી હતી. જેનો જરૂરતમંદ સભ્યોએ ઉત્સાહપૂર્વક લાભ ઉઠાવેલ હતો.

બપોરના સમયે મહામંડળ તરફથી હાજર રહેલા દરેક સભ્યશ્રીઓ તેમજ જ્ઞાતિજનો માટે સુંદર અને સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા સ્થળ પર કરવામાં આવી હતી અને હાજર રહેલા સૌએ તેનો ભરપૂર આનંદ માણેલ.

ભોજન બાદ બીજા સત્રમાં સંસ્થા તરફથી જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું અને દરેક વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી જ્ઞાતિના વડીલોના હસ્તે યોગ્ય પુરસ્કારનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન જ્ઞાતિજન શ્રી સોની સુરેશભાઈ અમીચંદ, ધાનેરા તરફથી રૂા. ૧૦૦૦/- અને જ્ઞાતિજન શ્રી સોની વાડીલાલ જીવરામ-ધનસુરા તરફથી રૂા. ૧૦૦૦/- આજીવન વાર્ષિક શૈક્ષણિક ફંડ સંસ્થાને આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને હાજર રહેલ દરેક સભ્યે ઉમળકાભેર વધાવી લીધેલ. ઈનામ વિતરણ બાદ જ્ઞાતિના ઉત્સાહી બાળકો દ્વારા ડાન્સ, ગીત તથા અન્ય વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની રજુઆત કરવામાં આવી હતી. ઉપરાંત વિવિધ રસપ્રદ રમતો જેવી કે સંગીત-ખુરશી, હાઉસી વગેરેનું આયોજન કરવામાં આવેલ જે હાજર રહેલ તમામ જ્ઞાતિજનોએ ભાગ લઈ ખૂબજ આનંદ ઉઠાવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ કારોબારી સભ્યોની તથા શ્રી ઘનશ્યામ સોની, શ્રી ચેતન સોની, શ્રી નિલેશ સોની, શ્રી જયમીન સોની તથા અન્યોએ ભારે જહેમત ઉઠાવેલ. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દ્વારા હાજર રહેલ તમામ આજીવન સભ્યશ્રીઓ અને વડીલો તેમજ જ્ઞાતિજનોનો આભાર માનવામાં આવ્યો હતો.

## પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નિમંત્રણ

સમસ્ત બારમેડા પરિવારના આરાધ્ય દેવ શ્રી ખેતરપાળ દાદાના મંદિરનો જીર્ણોધ્ધાર તેમજ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન :

- તા. ૬-૯-૨૦૧૩, શુક્રવાર, ભાદરવા સુદ એકમ

સવારે : ગણપતિ સ્થાપન તેમજ શોભાયાત્રા

- તા. ૭-૯-૨૦૧૩, શનિવાર, ભાદરવા સુદ બીજ

**સવારે :** પ્રાણપ્રતિષ્ઠા, હોમ-હવન

બીડુ હોમવાની વિધી સાંજે ૪-૦૦ કલાકે

મગ પ્રસાદ : સાંજે ૭-૦૦ કલાકેથી

**મંદિરનું સ્થળ :** ભીડનાકા બહાર, દાદુપીર રોડ, ભુજ

ઉપરોક્ત પ્રસંગે સમસ્ત બારમેડા પરિવારના સભ્યોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**વિશેષ નોંધ :**

બહારગામથી આવનારા મહેમાનો માટે ઉતારાની વ્યવસ્થા હોઈ અગાઉથી સંપર્ક કરી સંખ્યા જણાવી દેવી. જેથી મહેમાનોની વ્યવસ્થા જાળવી શકાય.

**સંપર્ક :**

ચંદુભાઈ બારમેડા (મો) ૯૮૨૫૨૨૬૦૬૪

મનોજભાઈ બારમેડા (મો) ૯૪૨૮૪૭૧૯૯૯

સત્યમભાઈ બારમેડા (મો) ૯૮૨૫૮૫૭૨૫૮

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

**સોની નરેન્દ્રભાઈ મગનલાલ - ગાંધીનગર**

### પ્રથમ પરિચય પસંદગી સંમેલનની ભવ્ય સફળતા બદલ ઋણ સ્વીકાર

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ આયોજીત પ્રથમ પરિચય પસંદગી સંમેલન તા. ૨૦-૧-૨૦૧૩ને રવિવારના રોજ ગાંધીનગર મુકામે મળેલ તે ભવ્ય સફળતાને વરેલ.

આ પરિચય પસંદગી સંમેલનમાં ૩૪૫ થી વધુ ઉમેદવાર યુવક-યુવતીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ સર્વ ઉમેદવારો તથા તેમના વાલીઓનો હું હ્રદયપૂર્વક આભાર માનું છું.

ખુશનુમા ગુલાબી ઠંડીમાં સવારે ૯-૦૦ કલાકે સર્વે મહેમાનોનું આગમન શરૂ થયું. આ સમયે મંડળ દ્વારા ભાવભર્યું અને પ્રેમપૂર્ણ સ્વાગત થયું હોય તેવું સૌ મહેમાનોએ અનુભવ્યું.

ધીમે ધીમે ગાંધીનગર કડી કેમ્પસમાં ખીમજી વિશ્રામ હોલ જ્ઞાતિજનોથી છલકાઈ ઉઠ્યો. આવેલ સૌએ સવારના ચા-નાસ્તાને ભરપૂર ન્યાય આપ્યો. ત્યારબાદ શાંતિપૂર્ણ રજીસ્ટ્રેશન સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. ખૂબ જ સુંદર શરૂઆત જ્ઞાતિજનોના સહકાર અને મંડળના સભ્યશ્રીઓના અથાગ પ્રયત્નોથી સમગ્ર કાર્યક્રમ નયનરમ્ય સમાજ ઉપયોગી અને સફલ બની રહ્યો. તેમાં એક નાટક 'લગ્ન કરે એ લાડકવાયા' દ્વારા લગ્ન કરે તે લોકો સૌને કેમ લાડકવાયા લાગે છે. તે વિશે સમજ આપી.

બપોરે ૧૨-૩૦ કલાકે ભોજન સમારંભ શરૂ થયું. દિવસ દરમ્યાન ખૂબ જ શાંતિ અને આનંદમય વાતાવરણ સાથે સાંજે ૫-૦૦ કલાકે કાર્યક્રમ પૂર્ણ થયો ત્યાં સુધી સૌ સભ્યોએ ખૂબ જ આનંદપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો તે બદલ હું સર્વેનો આભાર માનું છું. આ તકે હું મંડળના પ્રમુખ તરીકે આ કાર્યક્રમમાં તન-મન-ધનથી સેવા, સહયોગ અને સમર્પણ આપનાર સર્વે જ્ઞાતિજનો, સભ્યશ્રીઓ, આમંત્રિતશ્રીઓ તથા ભાગ લઈ રહેલા તમામ ઉમેદવાર અને તેમના વાલીઓના હ્રદયપૂર્વક આભાર માનું છું. ઉપરાંત આ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલ તમામ ઉમેદવારોની મનોકામના પરમાત્મા પૂર્ણ કરે તેવી સહ્રદય પ્રાર્થના કરૂં છું. સાથે સાથે આવનારા સમયમાં શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ પ્રેરિત દરેક કાર્યક્રમ પ્રસંગમાં આપ સર્વેનો આવો જ અપ્રિતમ સહકાર મળશે તેવી આશા રાખું છું.

### આગામી કાર્યક્રમની વિચારણા

પરિચય મેળાની સફળતા બાદ અમોને લગ્નવયની મોટી ઉંમર થઈ ગયેલ હોય તેવા ઉમેદવારો માટે કોઈ ખાસ પસંદગી મેળો યોજવા માંગણી આવી રહેલ છે. આ બાબતે એક વિશેષ પસંદગી મેળાનું સાબરકાંઠા તથા અંજાર જ્ઞાતિના સંયુક્ત ઉપક્રમે અંજાર ખાતે કરવા વિચારણા ચાલી રહેલ છે. આ પસંદગી મેળામાં વિશેષતા ૩૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતા ઉમેદવારો માટે આયોજન કરવામાં આવનાર છે. આ અંગે જ્ઞાતિજનોના સૂચનો આવકાર્ય છે. વિશેષ વિગત માટે સંપર્ક : (૧) નરેન્દ્રભાઈ સોની - ગાંધીનગર-સાબરકાંઠા પ્રમુખ મો. ૯૪૨૭૩૦૫૮૭૪ (૨) રાજેશભાઈ કે. વિશાપરમાર - પ્રમુખશ્રી અંજાર જ્ઞાતિ (મો) ૯૫૮૬૨૭૧૬૭૯નો સંપર્ક કરવા વિનંતી.

### સમાજની અપેક્ષા અને આપણી સમીક્ષા

**દિનેશ જે. સોની - તલોદ**

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ ૧૯૭૯થી શરૂ થયેલ ત્યારબાદ ૧૯૯૯ થી તેની વિધિવત્ રજીસ્ટ્રેશન નંબર ઈ/૨૭૮૭ ની સ્થાપના થઈ. સમાજ પ્રત્યે દરેક વ્યક્તિની અપેક્ષાઓ ઘણી ઊંચી હોય છે. સામાજિક પરિવર્તન માટે આપણા સમાજમાં છેલ્લા કેટલાક વર્ષોથી પ્રયત્નો ચાલે છે. કેટલાક પરિવર્તનો સમાજના પ્રયત્નોથી, કેટલાક બદલાતા સમય સાથે તાલમેલ મેળવવા માટે અને કેટલાક પોતાની જરૂરિયાત મુજબ થયા છે. પરિવર્તન માટે હિંમતપૂર્વક પહેલ કરનારા થોડાક જ મળે.

**સંગઠિત સમાજ :** જ્ઞાતિ સેતુના ૨૦૦૪ના પ્રથમ અંકમાં તલોદના સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ એ પોતાનું મંતવ્ય જણાવેલ અને લખ્યું હતું કે આપણું એક અખિલ ભારતીય લેવલનું એક મહામંડળ હોવું જોઈએ. તે બાબતને ધ્યાનમાં લઈને સાબરકાંઠા મંડળે ચિંતન શિબીર દ્વારા મહામંડળની સ્થાપના કરાવી આપી. તેમજ કેટલાક વર્ષ પહેલા પરિચય મેળા અંગે વિચારનારા એકલા પડી જતા ત્યારે અમારું મંડળ હિંમત હાર્યું નહિ અને આજે અમને તેમાં જબરજસ્ત સફળતા મળી. આમ સામાજિક પરિવર્તન માટે સંગઠિત સમાજની તાતી જરૂર છે.

**આપણું કર્તવ્ય :** સૌ પ્રથમ તો સમાજનું કામ એટલે આપણું કામ સમાજના કામમાં દરેકે દરેક વ્યક્તિનો સહયોગ હોય તો તે સમાજ વધુ સારી પ્રગતિ કરી શકે. સૌની અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકે. સમાજ એટલે 'ફંડ-ફાળો' એવું સમજવાની જરૂર નથી. સમાજ કાર્યકરો કોના માટે કામ કરે છે તે કેવી

અનુસંધાન પાના નં. 33

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ, ભુજ

લત્તા સોલંકી-ભુજ

'મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે' આ પંકિતઓ સાંભળીએ એટલે વેકેશન અને વેકેશન એટલે બાળકો માટે મોજ, મસ્તી, ખેલકૂદ ને આનંદ. આ મામાના ઘર જેવી વેકેશનની પ્રતીતિ કરાવતો 'સમર કેમ્પ'નું આયોજન બાળકો માટે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ.

સમર કેમ્પમાં પાંચ વર્ષથી પંદર વર્ષના બાળકોને સંસ્કાર સિંચનમાં અનેક લોકો પ્રાર્થના પઠન અને મનન કરાવવામાં આવેલ. પ્રાણાયામ અને યોગ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા અને યાદશક્તિ સતેજ કરવાના આસનો વ્યાયામ અને ધ્યાન શીખવવામાં આવ્યા હતા. બાળકોના તન-મનને તરોતાજા કરે એવી જુદી જુદી રમતો રમાડવામાં આવેલ અને વન મિનીટ અને ક્વીઝ જેવા કાર્યક્રમો વડે બાળકોની બુદ્ધિ પ્રતિભાને ખીલવાની તક મળી. બાળકોને આઉટીંગ માટે લઈ જવામાં આવ્યા ત્યાં હીંચકા, લપસણીની મોજમાણી બાળકોએ લીંબું ચમચી, રીવર્સ ગેમ, પાસ-પાસ, ચિઠ્ઠી આપે જેવી વૈવિધ્યપૂર્ણ રમતો રમાડવામાં આવી. સમર કેમ્પના સમાપન કાર્યક્રમમાં બાળકોએ રેકોર્ડ ડાંસ રજૂ કરી. દર્શકોની તાળીયો મેળવી. બાળકો માટે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેશન શો દરમિયાન બાળકોની માતાઓએ પણ બાળકો સાથે રેમ્પ વોક કર્યું હતું. બાળકો સાથે તાલ મિલાવતી મમ્મીના કદમોએ 'સોને પે સુહાગા' જેવું કામ કર્યું હતું.

**જુદી જુદી ગેમના વિજેતા : ● લીંબુ ચમચીના વિજેતા** (૧) બુદ્ધભટ્ટી રાહુલ એ (૨) પોમલ યશ્વી એ. (૩) છાત્રાળા શીવાની. **● રીવર્સ ગેમના વિજેતા :** (૧) બીજલાણી વરૂણ કે. (૨) પોમલ પૂજા બી. (૩) પરમાર પ્રિયાંશી એચ. **● ૧ મિનીટ ગેમ :** (૧) બગ્ગા પ્રિયાંશી (૨) પરમાર સ્નેહા (૩) બુદ્ધભટ્ટી રાહુલ (૪) મૈયા ભવ્ય. **● મધર્સ કેમ્પ વોકના વિજેતા** (૧) બુદ્ધભટ્ટી પુનમબેન (૨) પરમાર ભારતીબેન રહ્યા હતા.

સોની પ્રભુદાસભાઈ ખેતશી ખેંગાર ટ્રસ્ટ તરફથી બાળકો ખાસ આઉટીંગ ખર્ચ નાસ્તો અને ગીફ્ટ આપવામાં આવેલ. મધર્સ રેમ્પ વોકના ઈનામો રોહિણી ભરત બુદ્ધભટ્ટી દ્વારા અરૂણાબેન, લત્તા સોલંકી, શીતલબેન, ભાવનાબેન, નીલાબેન, પ્રભાબેન તરફથી બાળકોને ગીફ્ટ અને નાસ્તો આપવામાં આવેલ. સમર કેમ્પના ચેરપર્સન તરીકે શીતલ બુદ્ધભટ્ટી અને ખુશાલી બુદ્ધભટ્ટીએ સેવાઓ આપેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતા સોલંકીએ ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે પાશ્ચાત્ય સંસ્કૃતિની બોલબાલા છે પણ આપણી વૈદિક સંસ્કૃતિનું જતન કરવું જોઈએ. બાળકો જે શ્લોક કે મંત્ર શીખવવામાં આવ્યા છે તેનું રોજ એકવાર પઠન કરાવે અને બાળકોને વેકેશનમાં ખૂબ જ સમય આપી રમાડે જેથી આખા વર્ષની એનર્જી રીસ્ટોર થાય. બાળકો અને માતાઓને રેમ્પવોકમાં ભાગ લેવા બદલ અભિનંદન આપ્યા હતા. પ્રાણાયામ, યોગ અને સંસ્કાર સિંચન લત્તા આઈ. સોલંકી દ્વારા કરાવવામાં આવેલ. મહિલા મંડળ કારોબારીના સભ્યો રીટા બુદ્ધભટ્ટી, પ્રીતિ બગ્ગા, નીલા પોમલ, ભાવના ચનાણી, ઈંદિરા સોલંકી, રોહિણી બુદ્ધભટ્ટી, સુધા બુદ્ધભટ્ટની પ્રેમાળ લગની અને મહેનતથી બાળકોએ સમર કેમ્પને ખૂબ જ માણ્યો હતો.


શુભેચ્છા સહ....

દિનેશભાઈ

મો. ૯૯૭૮૩૨૦૦૧૦



સોની ઠાકરશી ભગવાનજી

નરનારાયણ હોટલ, વથાણ ચોક, નખત્રાણા

# શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળની સાધારણ સભા

**નરેન્દ્રભાઈ સોની**

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજની સાધારણ સભા તા. ૨૩-૬-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૪-૩૦ કલાક સુધી મુ. ચંદ્રાલા, હોટેલ પાલવ ખાતે મળેલ હતી.

આ સાધારણ સભાનું પ્રમખ સ્થાન શ્રી ચીમનભાઈ વેલજીભાઈ સોની (વડોદરા)એ સંભાળેલ હતું. આ સભામાં સમાજના અગ્રણીઓને ખાસ મહેમાન તરીકે શ્રી હંસરાજભાઈ કંસારા, જ્ઞાતિસેતુના મુખ્ય તંત્રીશ્રી, અમદાવાદ. શ્રી ચીમનભાઈ વેલજીભાઈ સોની (બારમેડા) રહે. વડોદરા. શ્રી જીતેન્દ્રભાઈ ડી. પોમલ, નાયબ સેક્સન અધિકારીશ્રી નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શ્રી ગિરીશભાઈ કે. બારમેડા, અમદાવાદ. શ્રી સુંદરલાલજી પી. સોની, તંત્રીશ્રી, સ્વર્ણ જાગૃતિ, અમદાવાદ. શ્રી અરૂણભાઈ ટી. કંસારા, સી.એ. ગાંધીધામ-કચ્છ. શ્રીમતી સોનલબેન કંસારા, મ્યુનિ. કોર્પોરેટર, અમદાવાદ હાજરી આપેલ.

શ્રી અરૂણભાઈ અને શ્રીમતી સોનલબેન તેમના અનિવાર્ય સંજોગો અને અન્યત્ર રોકાણ હોવાના કારણે હાજર રહી શકેલ ન હતા. પરંતુ તેમના તરફથી પ્રસંગની સફળતા માટેના શુભેચ્છા સંદેશ આવેલ હતા.

આ ઉપરાંત શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના શ્રી ભાઈલાલભાઈ સોની-પ્રમુખશ્રી, શ્રી રશ્મીનભાઈ બારમેડા-ગાંધીનગર, શ્રી જીતુભાઈ સોની-ડેમોઈ, શ્રી ઘનશ્યામભાઈ સોની-મોડાસા, શ્રી જયમીનભાઈ ખીમજીભાઈ સોની-તલોદ, શ્રી બકુલભાઈ સોની-દહેગામ, શ્રી પિયુષ એમ. સોની-મોડાસા વગેરે હોદ્દેદારો-કારોબારી સભ્યશ્રીઓ અને સભ્યોને મહેમાન તરીકે આમંત્રણ પાઠવવામાં આવેલ હતા અને તેનો તેઓએ સહર્ષ સ્વીકાર કરી, હાજરી આપી, આનંદની લાગણીમાં વધારો કરેલ હતો.

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના સભ્યોએ હાજરી તમામ લોકોએ વધાવી હતી.

મિટીંગના નિયત કાર્યક્રમ પ્રમાણે પ્રાર્થના કરી શ્રી ચીમનભાઈ સોની-વડોદરા (સભઆના અધ્યક્ષશ્રી)ના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

આ મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રી જયંતિભાઈ નેણશીભાઈ -દહેગામનું અવસાન થયેલ હોવાથી બે મિનીટનું મૌન પાડવામાં આવેલ.

ઉપરોક્ત આમંત્રિત તમામ મહેમાનોનું મંડળ તરફથી યોગ્ય સન્માન કરવામાં આવેલ અને મહેમાનોએ પણ તેમના પ્રવચનમાં મંડળની કામગીરીની બિરદાવી પ્રશંસા કરેલ.

મંડળના મંત્રીશ્રી દ્વારા સને ૧૯૯૯ થી ૨૦૧૩ સુધીના હિસાબોની વિગત રજુ કરેલ. હાસ્યરસિક કાર્યક્રમમાં 'ગોર મહારાજના ગોટાળા' નામનું કોમેડી નાટક લોકોએ મન ભરીને માણ્યું હતું. સમુહમાં સ્વાદિષ્ટ ભોજન ગ્રહણ કરી લોકો સંતુષ્ટ થયા હતા.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ મંડળ તરફથી નોટબુક (ફૂલ સ્કેપ) વિતરણ કરવામાં આવેલ.

સમારંભના અંતિમ તબક્કે લોકોએ આઈસક્રીમનો સ્વાદ પણ માણેલ હતો. અંતમાં આભારવિધિ સાથે સમયસર કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં અને આનંદ, અરસપરસ ખુશીની લાગણીસહ સૌ જ્ઞાતિજનોએ વિદાય લીધી.

## અમદાવાદ જ્ઞાતિ દ્વારા સાભાર સ્વીકાર

### પૌત્ર રત્ન પ્રાપ્તિ

ખેડબ્રહ્મા (સાબરકાંઠા) : શ્રી નરેશભાઈ દામજીભાઈ સોલંકી (પાર્થ જ્વેલર્સ)ના સુપુત્ર **ચિ. પાર્થ**ના ઘેર પુત્ર રત્ન તા. ૧-૧૦-૨૦૧૨ના રોજ જન્મ થયેલ છે. **ચિ. ધુમિત** તેની ખુશાલીમાં રૂા. ૫૦૧ અમદાવાદ જ્ઞાતિના મેડીકલ ફંડમાં સપ્રેમ ભેટ.

### શુભ લગ્ન

ભૂજ : શ્રી વસંતભાઈ પ્રેમજીભાઈ પોમલ (વી. પી. જ્વેલર્સ-ભૂજ) ની સુપુત્રી **ચિ. પ્રેક્ષા**ના શુભ લગ્ન બળદિયા નિવાસી શ્રી મહેશભાઈ હરીલાલ સાકરીયાના સુપુત્ર **ચિ. પ્રશાંત** સાથે તા. ૨-૬-૨૦૧૩ના રોજ થયા તેની ખુશાલીમાં રૂા. ૧૦૦૧ અમદાવાદ જ્ઞાતિના મેડીકલ ફંડમાં ભેટ.

### શુભ સગાઈ

(સાબરકાંઠા) તલોદ : સોની દિનેશકુમાર જેઠાલાલ બારમેડાની સુપુત્રી **ચિ. વૈશાખી** ની સગાઈ ઉત્તરસંડા નિવાસી શ્રી સોલંકી નરેન્દ્રભાઈ હરીરામભાઈ ના સુપુત્ર **ચિ. દિપન** સાથે તા. ૨૧-૦૬-૨૦૧૨ ના રોજ થઈ તેની ખુશાલીમાં અમદાવાદ જ્ઞાતિના મેડીકલ ફંડમાં રૂા. ૧૦૦૧ સપ્રેમ ભેટ.

### શુભ દૂધ પીણા

(સાબરકાંઠા) ડેમાઈ : શ્રી સોની જયેશકુમાર ઉમરશીભાઈ કટ્ટા ના સુપુત્ર **ચિ. ધ્રુવ** ના દૂધ-પીણાં નો શુભ પ્રસંગ શિરોહી નિવાસી શ્રી જગદીશભાઈ ધનજીભાઈ બુધ્ધભટ્ટી સુપુત્રી **ચિ. નેહા** સાથે સંપન્ન થયો તેની ખુશાલીમાં અમદાવાદ જ્ઞાતિ મેડીકલ ફંડમાં રૂા. ૫૦૧ સપ્રેમ ભેટ.

**ઉપરોક્ત ખુશાલી ભેટનો શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે. દાતાઓને ધન્યવાદ**

# સાબરકાંઠા એક ભાતીગળ ભોમકા

**સંકલીત**

સાબરકાંઠા જિલ્લો અરવલ્લી ગિરીમાળાઓની ગોદમાં આવેલો વન સમૃદ્ધિ અને વનસંપત્તિ તથા પ્રાકૃતિક સૌંદર્યના કારણે દૈદિપ્યમાન છે, તેમજ પ્રાચીન સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો, મેશ્વો નદીના કાંઠે આવેલ તીર્થધામ શામળાજી, ખેડબ્રહ્મા ખાતે આવેલ આદ્યશક્તિ નાના અંબાજીનું મંદિર, ગઢડા શામળાજી, વિજયનગરમાં વિરેશ્વર મહાદેવ જેવા યાત્રાધામો આવેલા છે. ઈડરમાં ગઢ ક્ખા બાયડ તાલુકામાં ઝાંજરીનો ધોધ નૈસર્ગિક સૌંદર્યધામ તરીકે આગવી ઓળખ ધરાવે છે. જિલ્લાના ગાઢ જંગલોથી આચ્છાદિત વિજયનગર તાલુકાની અરવલ્લી પર્વતમાળાઓ વચ્ચે આવેલા અભાપુરનાં શિલ્પસ્થાપત્ય વર્ષોથી પોતાની આગવી અસ્મિતા જાળવીને બેઠા છે. હરણાવ નદીને કાંઠે કેટલાક હિન્દુઓના અને જૈન ધર્મના અંદાજે પાંચસોથી હજાર વર્ષ પુરાણા સ્થાપત્ય, પ્રાચીન સમયના અભાપુરના સ્થાપત્ય પોળોના જંગલો તરીકે ઓળખાત શારણેશ્વર મંદિર, શિવમંદિર પુરાતનકાળનો આભાસ કરાવે છે.

પુરાણમાં બ્રહ્મક્ષેત્રના નામે ખ્યાત સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ક્ષેત્રમાંથી પ્રાગઐતિહાસિક યુગના માનવીની ૮૫ વસાહતો, ૭૫૫ પાષાણ-ઓજારો, ૧૬ પાષાણ સમાધિ જેવા બહુમૂલ્ય પૂર્વકાલીન પુરાતાત્વિક ભૌતિક સંપત્તિ અને ઐતિહાસિક તથ્યો જેવા ભાતિગળ ઈતિહાસ આ જિલ્લો તેના ગર્ભમાં છુપાવીને બેઠો છે. મોગલો સામેના ઘમાસાણ યુધ્ધમાં રાણા પ્રતાપ જેવા પ્રતાપી રાજાને આશ્રય સ્થાન આપી, આક્રમણ માટે વળતો પ્રહાર કરવાની શક્તિ પ્રદાન કરનાર તથા આ ધરતીના લોકો તથા વિજયનગર તાલુકાના પાલ દઢવાવમાં અંગ્રેજ હકુમત સામે સ્વતંત્રતા માટે બહાદુરીપૂર્વક લડી શહીદી વહોરનાર આદિવાસી વીરતાનો ઈતિહાસ, જે આ ધિંગી ધરાનો પ્રભાવ છે.

**ભૌગોલિક સ્થાન :** સાબરકાંઠા જિલ્લો ગુજરાત રાજ્યની ઉત્તર પૂર્વમાં આવેલો છે. ૨૩-૦૨ ઉત્તર અક્ષાંશથી ૨૪-૩૦ ઉત્તર અક્ષાંશ તેમજ ૭૪-૪૩ પૂર્વ રેખાંશથી ૭૩-૩૯ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. દુનિયાની કર્કવૃત્ત રેખા સાબરકાંઠા જિલ્લામાંથી પાસ થાય છે. સાબરકાંઠા જિલ્લો ૭૩૯૦ ચો. કિમી. વિસ્તાર ધરાવે છે. જે રાજ્યનો ૪.૨ ટકા જેટલો વિસ્તાર છે. જિલ્લાના કુલ વિસ્તાર પૈકી ૧૨૬૬.૩૮ ચો.કિમી. જેટલો વિસ્તાર જંગલ આચ્છાદિત છે. ઉત્તર પૂર્વનો ભાગ અરવલ્લીની પર્વતમાળાઓથી આચ્છાદિત છે. પંચમહાલ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓ આ જિલ્લાની સરહદે આવેલા છે.

જિલ્લામાં પૂર્વ વિસ્તારમાં માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં અરવલ્લીની ગિરિમાળાઓ આવેલી છે, જેની વધુમાં વધુ ૯૦૦ મીટર જેટલી ઊંચાઈ છે. આ ગિરિમાળાઓની નાની-મોટી ટેકરીઓ હિંમતનગર તાલુકાના વિસ્તારમાં આવેલી છે. જ્યારે જિલ્લાના ઈડર મથકે પ્રખ્યાત ઈડરિયો ગઢ આવેલો છે.

**હવામાન :** સાબરકાંઠો જિલ્લો મહદ્ અંશે ડુંગરાળ પ્રદેશ અને મેદાન છે. અરવલ્લી પર્વતની ગિરિમાળાઓ જિલ્લાના ઉત્તર અને પૂર્વ ભાગમાં પથરાયેલી છે. ડુંગરાળ પ્રદેશની ઊંચાઈ ૩૦૦ થી ૯૦૦ મીટર સુધીની છે. જિલ્લામાં મુખ્યત્વે રેતાળ, ગોરાડુ અને મધ્યમકાળી જમીન છે. જિલ્લાની આબોહવા વિષમ છે. ઉનાળામાં ૪૦ થી ૪૩.૪ ડિગ્રી તાપમાન અને શિયાળામાં ૬ થી ૧૨ ડિગ્રી તાપમાન રહે છે. જિલ્લામાં વરસાદનુ પ્રમાણ અનિયમિત છે. સરેરાશ વરસાદ ૭૧૫ થી ૧૦૦૦ મિલીમીટર જેટલો પડે છે. વરસાદ મહદ્અંશે જુન માસમાં શરૂ થઈ સપ્ટેમ્બર સુધી પડે છે. જેમાં જુલાઈ-ઓગષ્ટ માસમાં વરસાદનું પ્રમાણ વધુ હોય છે. જિલ્લાના અલગ અલગ ભાગમાં વરસાદનું પ્રમાણ એકસરખુ નથી.

આ જિલ્લાની સાબરમતી, હાથમતી, માઝુમ, વાત્રક, હરણાવ અને ખારી મુખ્ય નદીઓ છે. મોટા ભાગની નદીઓ અરવલ્લીની ગિરિમાળાઓમાંથી નીકળીને સાબરકાંઠામાંથી પસાર થઈ સાબરમતી નદીને મળે છે. સાબરમતી નદી ઉત્તરથી દક્ષિણ જિલ્લાની પશ્ચિમ સરહદ ઉપર વહે છે, જ્યારે બાકીની નદીઓનો પ્રવાહ ઈશાનથી વાયવ્ય સરહદનો છે. આ ઉપરાંત અન્ય નદીઓમાં ઈન્દ્રાસી, સુઈ, ગુહાઈ, વેકણ, ડેભોલ, સાકરી, ભેકાઈ, બુઢેલી કાસંબી અને વરણાસી નામની નદીઓ છે. જેનો પ્રવાહ ઉનાળામાં સુકાઈ જાય છે. હાથમતી, મેશ્વો, માઝુમ, હરણાવ ગુહાઈ નદીઓના પાણી જળબંધ કે આડબંધ દ્વારા રોકી પાણીનો મર્યાદિત પ્રમાણમાં સિંચાઈ માટે ઉપયોગમાં લેવાય છે.

**સાબરકાંઠાના દર્શનીય સ્થળો : શામળાજી તીર્થધામ :** ગુજરાતમાં પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી એટલે કાળિયા ઠાકરનું તીર્થધામ. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને પંચમહાલ, દાહોદ જિલ્લાઓ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતની શ્રદ્ધાળુ ભાવુક જનતા કાળિયાના દર્શનાર્થે ઊમટે છે. સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં ગુજરાતની સરહદે અડીને આવેલું શામળાજી અરવલ્લી ગિરીમાળાની ગોદમાં લીલી વનરાજી વચ્ચે કુદરતી સુંદરતા ધરાવતું અનોખું તીર્થધામ છે. જ્યાં માનવી શ્રધ્ધા અને ભક્તિથી પ્રેરાઈ કાળિયા ઠાકર શામળિયાને ઈષ્ટદેવ માને છે. ધરતીના છોરુ અહીં અખંડ શ્રધ્ધા અને સમર્પણ ભાવ સાથે ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. શામળાજીના દર વર્ષે કાર્તિકી પૂનમ દેવદિવાળીએ ભવ્ય લોકમેળો ભરાય છે. આ ભવ્ય લોકમેળામાં સમગ્ર આદિવાસી સમાજનું આગવું પ્રતિબિંબ પડે છે. ખાસ તો શામળાજી મંદિર પાછળ આવેલ મેશ્વો નદીમાં નાગધરો આવેલ છે.



મો. ૯૪૨૭૯૫૦૧૮૯ (શીલા આર. સોની)
મો. ૯૪૨૭૫૯૨૨૩૪ (રાજેશ સી. સોની)
ફોન. ૦૨૬૫-૨૬૩૨૯૧૮

# આર. કે. જ્વેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના તથા**
**રીયલ ડાયમંડના દાગીના બનાવનાર તથા વેચનાર**

દુ.નં. ૨૩, પરમેશ્વર ટાવર-એ, સુસેન તરસાલી રીંગ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૯.



શુભેચ્છા સહ....

એન. એચ. સોની
મો. ૯૯૨૫૬૬૦૮૯૦

# નરેન્દ્રભાઈ હરીરામભાઈ સોની

(સમાજ કલ્યાણ નિરીક્ષક - આણંદ)

રહેઠાણ : શ્રીજી એપાર્ટમેન્ટ, કુબેર નિવાસની સામે, મુ.પો. ઉત્તરસંડા (નડીયાદ)

---

જે. એચ. સોની
મો. ૯૮૯૮૧૩૩૪૫૯

# જ્યોતિબેન હરીરામભાઈ સોની

(મેડીકલ સ્કલ્પચર આર્ટીસ્ટ)

કેન્સર વિભાગ સિવીલ હોસ્પીટલ, અમદાવાદ


**પ્રતાપી પૂર્વજો**

# સાબરકાંઠા જીલ્લામાં સમાજનું પ્રથમ પદાર્પણ


**દિનેશ જે. સોની-તલોદ ● સૌજન્ય : કિશોર હરિલાલ સોની-ભુજ**

કચ્છના ચકાર કોટડાથી ૧૯૪૦માં ખેતશીભાઈના ત્રણ દિકરા દામજીભાઈ રવજીભાઈ અને ખેંગારભાઈ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે હડમતીયા ગામમાં આવીને વસ્યા. રોજગાર માટે સોનીની દુકાન કરી. પરંતુ ગામ નાનુ હોવાથી આજુ-બાજુના ગામોમાં રૂબરૂ જઈને સોના-ચાંદીના દાગીનાનો ઓર્ડર લેતા અને ગ્રાહકોને તેમના ઘરે દાગીના તૈયાર કરીને પહોંચાડતા તે વખતે આ ત્રણેય ભાઈઓની આજુબાજુના ગામડામાં મહાજન તરીકેની આગવી ઓળખાઈ થઈ ગઈ હતી. સૌ પ્રથમની ધારાસભાની ચૂંટણી ૧૯૫૨માં યોજાઈ તે વખતે ઈડર સ્ટેટના રાજા મહારાજ શ્રી દલજીતસિંહજી હિંમતસિંહજી કોંગ્રેસ પક્ષના કેન્ડીડેટ તરીકે ઉભા રહ્યા ત્યારે આ ત્રણેય ભાઈઓએ ચૂંટણી પ્રચાર માટે ખૂબ જ મદદ કરી. તેમની મહેનતથી મહારાજશ્રીની જીત થઈ તે ખુશાલીમાં મહારાજશ્રીએ આ ત્રણેય ભાઈઓને હડમતીયા પાસેની ૮૦૦ એકર જમીન બક્ષીસ તરીકે આપી. ત્રણેય ભાઈઓએ આ જમીન ઉપર એક કંપો વસાવ્યો અને તેનું નામ આપ્યું સોની કંપો. જમીન વધુ હોવાથી તેમણે બીજલબાપા આયર તથા પુંજીરામ બ્રાહ્મણને સાથે રાખ્યા અને બીજા કુટુંબોને બોલાવીને જમીન ખેડવા માટે રાખ્યા. પરંતુ ૧૯૫૬ના સુધારાથી ગણોતધારામાં ઘણી નવી જોગવાઈઓ કરવામાં આવી. તેમાં ખેડે તેની જમીનના કાયદા ૭૦૦ એકર જમીન બીજા ખેડનારા કુટુંબોના નામે થઈ ગઈ. આ ત્રણેય ભાઈઓ પાસે ૧૦૦ એકર જમીન જ રહી. ત્યારબાદ સૌથી મોટાભાઈ દામજીભાઈ મોડાસા ગામ જઈને વસ્યા અને રવજીભાઈ ધનસુરા જઈને વસ્યા અને ખેંગારભાઈ સોનીકંપામાં જ રહ્યા.


**સ્વ. ખેતશીભાઈ સોની પરિવાર**



સ્વ. દામજીભાઈ ખેતશીભાઈ સોની




સ્વ. રવજીભાઈ ખેતશીભાઈ સોની



સ્વ. ખેંગારભાઈ ખેતશીભાઈ સોની

# કર્તવ્ય પરાયણ તેમજ કર્મનિષ્ઠ : સ્વ. મીઠુભાઈ સોની

**વાડીલાલ સોની, ભાઈલાલભાઈ સોની-ધનસુરા**



સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં આપણા સમાજમાં 'મીઠુ સોની' તેમજ ધનસુરા પંથકના સમગ્ર કચ્છી સમાજમાં 'મીઠુ બાપા' ના હુલામણા નામે જાણીતા એવા અમારા પ.પૂ. પિતાશ્રી સોની જીવરામભાઈ માવજીભાઈનો જન્મ કચ્છના મંજલની બાજુમાં આવેલ અણંદસર નામના ગામમાં થયેલ હતો. એમનું મૂળવતન તો ઘારો પરંતુ માવજીબાપા એમના મામાના ખોળે આણંદસરમાં બેઠેલા જેથી તેમનો જન્મ આણંદસરમાં થયેલ હતો. બાલાવસ્થાનો અભ્યાસ મંજલમાં કરેલો અને ખૂબ જ નાની ઉંમરમાં (૧૨ થી ૧૩ વર્ષ) લગ્ન થઈ ગયેલા. ધંધાકીય કારણો માત્ર ૧૫ વર્ષની ઉંમરે તેઓ ઘરેથી નીકળી વજેપુરા કમ્પામાં આવી સ્થાયી થયેલા. વજેપુરા કંપાથી તેઓ ધનસુરા આવ્યા ધનસુરામાં દુકાન ભાડે રાખી સોના-ચાંદીનું કામ ચાલુ કરેલું છે. ધનસુરાથી પાછા કરાંચી ગયા અને કરાંચીમાં સોનીની દુકાને નોકરી કરતા અને રણછોડલેનમાં રહેતા. જ્યારે હિન્દુસ્તાન - પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે તેઓ પાછા ધનસુરા આવ્યા ત્યારે અમારા દાદા પણ ધનસુરા આવેલા હતા. ફરી પાછા ધંધાકીય કારણે ધનસુરાથી મુંબઈ કામ કરવા ગયા. મુંબઈમાં વળગાદીમાં નોકરી કરતા હતા. દાદાના અવસાન બાદ તેઓ ધનસુરા આવ્યા અને પછીથી ધનસુરા સ્થાયી થયેલા.

મીઠુબાપા સ્વભાવે મિલનસાર તથા હસમુખા હતા. આપણા સમાજના અમદાવાદમાં વસ્તા સ્વજનો સાથે પણ ખૂબ જ હળી મળી ગયેલા. નામમાં જેવી મીઠાશ હતી તે મીઠાશમાં પાછી સાકર (અમારા માતુશ્રી) ભળી એટલે મીઠાશ ખૂબ જ વધી ગઈ. આપણા સમાજના ભાઈઓને સોનાનું કામકાજ શીખવાડીને પગભર કરતા. માત્ર કર્મ કર્મને કર્મમાં જ માનનારા મીઠુબાપા એ જીવનભર કર્તવ્ય પણ એ જ પ્રમાણે નિભાવ્યું. અમને ભણાવતા અને અમે આજે બે પાંદડે છીએ તે તેમના પ્રતાપે જ.

**પ્રતાપી પૂર્વજો**

# શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના આદ્યસ્થાપક સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ, તલોદ



કચ્છના અંજાર તાલુકાના ખંભરા ગામના મૂળ વતની સ્વ. સોની જીવરામભાઈ કલ્યાણજીભાઈ ૧૯૫૫માં તેમના પાંચ દિકરા સાથે તલોદથી ૮ કિમી. દૂર આવેલા મોતીસરી ગામે આવીને વસ્યા હતા. તેમના પાંચ દિકરા પૈકી ત્રીજા નંબરના દિકરા સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ ૧૯૫૭માં ૧૮ વર્ષની ઉંમર તલોદ માર્કેટયાર્ડમાં આવેલ બચુભાઈ પટેલને ત્યાં લેથના કારખાનામાં માસિક ફક્ત ૬૦ રૂ. ના પગારથી નોકરીએ લાગ્યા હતા. પરંતુ પોતાનો ધંધો હોય તો સારું તેવું તે હંમેશા વિચારતા. એ માટે તેઓ નોકરીએથી છુટ્યા પછી સાંજના ટાઈમે એક ઘડિયાળની દુકાને કામ શીખવા જતા. ૧૯૬૦માં તેમણે પોતાની ઘડિયાળ રીપેરીંગની એક નાની દુકાન કરી. ૧૯૬૨માં તેઓ સોની પ્રેમજીભાઈ ગોવિંદજીની દિકરી લીલાબેન સાથે સામાજીક રીત રિવાજ મુજબ લગ્નગ્રંથીથી જોડાયા. તેમના લગ્નજીવન દરમિયાન સમયાંતરે પાંચ પુત્રનો પ્રવેશ થયો. સમય જતાં તેમણે ઘડિયાળના રીપેરીંગની સાથે સાથે નવા ઘડિયાળનું વેચાણ પણ ચાલુ કર્યું અને આ ઘડિયાળના ધંધાનો ખૂબ જ સારો વિકાસ કર્યો. ૧૯૬૭માં તો તેમણે પોતાનું એક સુંદર મકાન બનાવ્યું. તેમનો સામાજિક દૃષ્ટિકોણ પણ સૌથી અલગ હતો. માટે તા. ૨૫-૫-૧૯૭૯ ના રોજ તેમણે તે વખતના સાબરકાંઠા જિલ્લાના વડીલો સોની રવજીભાઈ ખેતશીભાઈ, સોની લાલજીભાઈ વેલજીભાઈ તેમજ બીજા આઠ સભ્યોની એક મિટીંગ પોતાના ઘરે બોલાવીને શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળની સ્થાપના કરી. ઘડિયાળનો ધંધો મોટા દિકરા રશ્મીનભાઈને સોપીને તેમણે તા. ૨૫-૧૧-૧૯૮૭ ના રોજ જે. જે. જ્વેલર્સના નામથી સોના-ચાંદીની દુકાન ચાલુ કરી.

જ્ઞાતિ સેતુના વર્ષ ૨૦૦૪ના પ્રથમ અંકમાં સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈએ પોતાનું મંતવ્ય જણાવેલ અને લખ્યું હતું કે આપણું અખિલ ભારત લેવલનું એક મહામંડળ હોવું જોઈએ. તે માટે તેમણે તથા સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ (વડાલીવાળા) એ વર્ષ ૨૦૦૭ માં ખેડબ્રહ્મા મુકામે શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ દ્વારા સમસ્ત મારૂ કંસારા સોની સમાજની એક ચિંતન શિબીરનું આયોજન કર્યું અને તે શિબીરમાં શ્રી અખિલ ભારતીય મારૂં કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સ્થાપના કરાવી આપી.

**સ્વ. જેઠાલાલ જીવરામભાઈ સોની પરિવાર**

| રશ્મીનભાઈ (તલોદ) | દિનેશભાઈ (તલોદ) | વિજયભાઈ (ગાંધીનગર) | શૈલેષભાઈ (તલોદ) | જયમીનભાઈ (અમદાવાદ) |
|---|---|---|---|---|
| ● દાનીશ | ● વૈશાખી | ● જયમીત | ● નૈનશી | ● રાજ |
| | ● મનાલી ● દર્શન | ● હેનીલ | ● ખુશીલ | ● કશીશ |


શુભેચ્છા સહ...

રશ્મીનભાઈ સોની મો. ૯૮૯૮૧૭૩૩૧૩
શૈલેષભાઈ સોની મો. ૯૮૯૮૫૦૧૧૫૪

**જે. જે. જ્વેલર્સ**

સોના-ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

સુભાષચોક, ટાવર રોડ, તલોદ
ફોન : ૦૨૭૭૦-૨૨૦૮૩૫

રશ્મીનભાઈ સોની મો. ૯૮૯૮૧૭૩૩૧૩
શૈલેષભાઈ સોની મો. ૯૮૯૮૫૦૧૧૫૪

**ન્યુ જનતા વોચ કું.**

સુભાષચોક, ટાવર રોડ, તલોદ
ફોન : ૦૨૭૭૦-૨૨૦૮૩૫

# સાબરકાંઠા-પ્રવાસન

સંકલીત

રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન વર્ષ ૨૦૦૮-૦૯ ઉજવણીના ભાગરૂપે હાથ ધરેલ પ્રવાસન સ્થળ વિકાસ યોજના હેઠળ પ્રસિદ્ધ શામળાજીની વિષ્ણુ મંદિર અને તેના આસપાસના સ્થળના વિકાસ માટે રૂા. ૫૬૦.૧૨ લાખની ફાળવણી કરવામાં આવી છે અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીની આકર્ષક યાત્રાધામ તરીકે વિકસાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યના વનવિભાગ દ્વારા જિલ્લાના પર્યટન સ્થળ તરીકે વિકસતા શામળાજી તીર્થધામ ખાતે ૬૦ મા રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને લોકભાગીદારી થકી ૬.૩૯ હેક્ટર વિસ્તારમાં આકાર લઈ રહેલા શ્યામલ વનઉદ્યાનનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો છે.

આ શ્યામલ વનો વિકસતા શ્યામલ વન શામળાજી તીર્થધામના દર્શનાર્થીઓ, વનપ્રેમીઓ, વૃક્ષપ્રેમીઓ, પ્રવાસીઓ, યાત્રિકો, આયુર્વેદ તજજ્ઞો, વિદ્યાર્થીઓ, પર્યટકો અને મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**અભાપુર શિલ્પ - સ્થાપત્યો :** સાબરકાંઠા જિલ્લાના ગાઢ જંગલોમાંથી આચ્છાદિત વિજયનગર તાલુકામાં પર્વતોની હારમાળા વચ્ચે આભાપુરના શિલ્પ-સ્થાપત્યો વર્ષોથી પોતાની આગવી અસ્મિતા જાળવીને બેઠા છે. પ્રત્યેક ગુજરાતી એ એ સ્થાપત્યોના વૈભવ અને વારસાથી અવગત થયું જ પડે તેવા પ્રાચીન સ્થાપત્યો મિસાલ સમાન છે.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં હરણાવ નદીને કાંઠે કેટલાક ઐતિહાસિક સ્મારકો અડીખમ ઊભેલા છે. પુરાતત્વ ખાતાના અભ્યાસે પણ એ હકીકત પ્રતિપાદિત કરી છે કે આ ભવ્ય સ્મારકો હિન્દુ અને જૈન ધર્મના છે, જે અંદાજે પાંચસોથી હજાર વર્ષ પુરાણાં છે. આ સ્મારકોની આજુબાજુના વાતાવરણ પર્વત, નદી અને પ્રકૃતિના ત્રિવેદી સંગમ વચ્ચે નિર્માણ થયેલું હોઈ, તેની ભવ્યતા પુરાતત્વવીય કાળમાં કેવી હશે તેનો ખ્યાલ આવી શકે તેમ છે. અત્રે જૈન મંદિરના ભગ્ન અવશેષો પાસે વૃક્ષ પરતી પાંદડુ નીચે પડે તો તેનો સંગીતમાં અવાજ સંભળાય તેવી નીરવ શાંતિનો અહેસાસ કરાવે તેવી પ્રકૃતિની ભરમાર છે. પ્રાચીન સમયમાં અભાપુરમાં આ શિલ્પ-સ્થાપત્યો પોળોના જંગલ તરીકે ઓળખાતા અભાપુર મુકામે શારણેશ્વર મદિર, શિવશક્તિ મંદિર, કુંડ ત્રણ જૈન મંદિરો છે. ઈડરથી ઈશાન ખૂણામાં ખેડબ્રહ્મા - અંબાજી માર્ગ ઉપર હરણાવ નદીના કાંઠાથી શરૂ કરીને પોળોની પ્રસિદ્ધ ડુંગરની ધારીમાં દસ કિમી. સુધીમાં જંગલ વિસ્તારમાં પથરાયેલો છે.

અહીં પ્રાચીન સમયમાં એક આખી નગરી સંતાયેલી હશે એમ માનવું જ રહ્યું. ભૂતકાળમાં ઈડરમાં મોગલ સામ્રાજ્યના કારણે જૈન અને હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરવામાં આવાં સ્થાપત્યો અસ્ત થયા હશે. અભાપુરના સ્મારકો નજરોનજર જોઈએ ત્યાં કયાંક એકલદોકલ કયાંક સમૂહમાં પથરાયેલા છે. લાખેણા જૈન મંદિર ઓળખાતા ત્રણ જૈન મંદિરો જોતાં તે વિશાળ વ્યાપ ધરા પશ્ચિમાભિમુખ છે. આ મંદિરો હાલ ખંડિત હોવા છતાં ગર્ભગૃહ, અંતરાલ, ગુઢમંડપ, સભામંડપ, પ્રવેશદ્વાર ત્રિકમંડપ જેવા અંગોથી સુશોભિત છે. એમાં પણ ગર્ભગૃહની ઝરૂખાની રચનાનું વિશેષ આકર્ષણ તેની પથ્થરની જાળીઓ છે, જેમાં મોગલ કાળના સ્થાપત્યની ઝાખી થાય છે. આ જાળીઓમાં પુષ્પો, પંખીઓ, સાભ નૃત્યાંગના જેવા અલંકાર જોવા મળે છે. મંડપના પ્રવેશદ્વારે તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની બંને છેડે કુબેર તથા કીર્તિપુલની પ્રતિમા છે. જે જૈન અને હિન્દુ સંસ્કૃતિના સુગમ સમન્વયનો અહેસાસ કરાવે છે. આ મંદિર ૧૫મી સદીનું હોવાનું મનાય છે. જ્યારે ત્રીજા જૈન મંદિરનું બાંધકામ ઇંટ અને પથ્થરનું મિશ્ર છે. મંડપના મુખે ભગવાન ઈન્દ્રને રક્ષક દેવ તરીકે દર્શાવાયા છે. તેની શાખ ઉપરનું યક્ષિણીઓનું શિલ્પકામ ધ્યાનાકર્ષક છે. મંદિરમાં અંબિકા, ચંદ્રેશ્વરી, પદ્માવતી વગેરે યક્ષિણીઓ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ગર્ભગૃહ શિખરથી સ્કંપ સુધીનો ભાગ રક્ષાયેલો છે.

અભાપુરનું અનેરું આકર્ષણ શારણેશ્વર મંદિર પણ શોભામાં અભિવૃદ્ધ કરે છે. મંદિર ઉપર ભૈરવ, બ્રહ્મા, સરસ્વતી, અપ્સરા, ઈન્દ્ર, શિવ, પાર્વતી, વિષ્ણુ જેવા દેવી-દેવતાઓના શિલ્પાંકનો છે. અહીં વામનસ્તંભ, ભોગાસન, હંસાવતી તથા નરથરનાં અંકનો અંકિત થયેલા છે. અભાપુરમાં શિવભક્તિનું મંદિર પણ પુરાતન છે. આ મંદિરમાં સૂર્ય, વામન, ગણેશ, ભૈરવ, પાર્વતી વગેરેના શિલ્પાંકનો છે. મંદિરનો પ્રવેશસ્તંભ મિશ્ર ઘાટનો છે, તેની પીઠ મંડોવર અને શિખર અંગોથી વિભુષિત છે. મંદિર પાસેના કુંડ પણ તે કાળના શિલ્પકલાના પ્રાચીન વારસાનો પરિચય આપે છે.

અભાપુરના આ પુરાતન મંદિરો જૈન અને હિંદુ સંસ્કૃતિના સમન્વય સમાન આજે પણ અડીખમ ઊભાં છે. આ સ્થાપત્ય સોલંકી કાળના મનાય છે. અન્ય આવા સ્થાપત્યોની સરખામણીમાં અભાપુર સ્થાપત્યમાં પથ્થરોની સાથે ઇંટોનો પણ ઉપયોગ થયેલો હોઈ કાળક્રમે વહેલા લુપ્ત થયાં હશે તેમ પુરાતત્વ ખાતાનું માનવું છે. અવશેષો આપણા ભવ્ય પુરાતન વારસાની સાક્ષીરૂપે આજે પણ ઊભા છે. વર્ષભર સહેલાણીઓ આ ભવ્ય વારસાની ઝાંખી નીરખવા આવે છે.

**રોડાનાં મંદિર :** સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર શહેરથી ૧૫ કિમી.ના અંતરે પૂર્વ દિશાએ રાયસિંગપુર (રોડા) ગામના સીમાડામાં પ્રાચીન અવશેષો ધરાવતું પૂર્વ ચાલુક્ય શૈલીનું સાત મંદિરોના સમુહનું પ્રાચીન સ્થાપત્ય આવેલું છે. આ સ્થાપત્યમાં સ્તંભો, દરવાજા, કમાનો તેમજ દિવાલો ઉપર ઉપસાવેલી ભાતવાળી કિનારો આવેલી છે. આ મંદિરનું નિર્માણ સાતમી અને નવમી સદીની વચ્ચે થયું હોવાનું કહેવાય છે. આ મંદિરો પૈકી બે મંદિરો અને કુંડ નાશ પામેલ છે અને ગણેશ તથા વિષ્ણુની બે પ્રતિમાઓ હયાત છે, પરંતુ શિવ અને સૂર્યની બે પ્રતિમા હયાત નથી. આ મંદિર પૈકી જૂનું મંદિર અદ્વિતીય અને અજોડ છે. તે પશુ-પક્ષીના મંદિર તરીકે ઓળખાય છે, કારણકે તેમાં તેના ઉપર સુશોભન કરેલી ધાતુની તકતીમાં દેવ કે દેવીની જગ્યાએ પ્રાણીઓ અને પક્ષીઓના આકાર કોતરેલા છે. કદાચ પક્ષીઓનું મંદિર ભારતભરમાં આ એકમાત્ર હશે. આ સ્થળો પુરાતત્ત્વીય અગત્ય ધરાવતા હોઈ ભારત સરકારના પુરાતત્વ ખાતા હસ્તક આવેલા છે.

**નાના અંબાજી - ખેડબ્રહ્મા :** અરવલ્લી ગિરીકંદરાઓ ઘેરાયેલો આ સાબરકાંઠા જિલ્લો એક વાર અવશ્ય નીરખવા જેવો છે. અહીં ખેડબ્રહ્મા ખાતે મા અંબાજીનુ મંદિર આવેલું છે. રંભ અને કરંભ નામના દૈત્યો કશ્યપ મુનિને ત્યાં અવતર્યા હતા. બંને અસુરો મહાબળવાન હતા. આ અસુરો સંતાનહીન હતા. સંતાન માટે તેઓએ ખૂબ જ તપશ્ચર્યા કરી હતી અને એકવાર કરંભ દૈત્યે પંચનદ પ્રદેશના જળ વિસ્તારમાં જઈ ત્યાં જળમાં પત કરવા માંડ્યું. એના તપના તાપથી દેવરાજ ઈન્દ્ર અકળામણ થઈ અને ઈન્દ્રે આ વિસ્તારના જળપ્રદેશમાં મગરનું રૂપ લઈને કરંભનો નાશ કર્યો. કરંભનો નાશ થયાનું જાણતાં જ રંભ ભારે ક્રોધિત થયો તેણે પોતાનું મસ્તક હોમવાનો નિશ્ચય કર્યો. જ્યાં તે પોતાનું મસ્તક હોમવા જાય છે. ત્યાંજ બ્રહ્માજીએ પ્રગટ થઈને તેને ઈચ્છિત વરદાન માગવાનું કહ્યું અને રંભે ત્રિલોકને જીતનાર મહાબળવાન પુત્રની માંગણી કરી. રંભના મહાબળવાન પુત્ર તરીકે મહિષાસુરનો જન્મ થયો. જે પોતાના અતુલ બળથી સમગ્ર ત્રિલોકને રંજાવા લાગ્યો. આખરે બધા દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને શરણે ગયા અને આ ત્રિદેવના તેજમાંથી મા અંબાજીનું પ્રાગટ્ય થયું, જે અત્યંત તેજસ્વી, શક્તિશાળી અને અતુલ બળશાળી હતા અને તેમણે મહિષાસુરનો નાશ કર્યો. આથી તેઓ મહિષાસુરમર્દિની પણ કહેવાયા.

મા અંબાજીનું સ્થાન ઘણું જ પુરાતન છે. આ સ્થાન ષષ્ટકોણ ક્ષેત્ર મુજબ પ્રસ્થાપિત થયેલું છે. આ સ્થાનની ચારે દિશાઓમાં ધર્મસ્થાનો આવેલા છે. પૂર્વ દિશામાં શંખેશ્વર મહાદેવ, દક્ષિણ દિશામાં ક્ષીરજંબા માતા તથા બ્રહ્માજીના મંદિરો, પશ્ચિમે ચામુંડા તથા કોટેશ્વર મહાદેવના મંદિરો છે. માતાજીનું મંદિર ખેડબ્રહ્મા ખાતે ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ યંત્રાકારે છે. પીઠ ઉપર પ્રાચીન યંત્ર ગોઠવેલું છે. યંત્રના સ્વરૂપે માતાજી તેજ સ્વરૂપે છે. પાછળ ગોખ છે ત્યાં માતાજી બિરાજે છે. ***(સંદર્ભ - વેબસાઈટ પરની માહિતી)***




મો. ૯૪૨૬૫૪૧૨૧૫

# જય જવેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**પ્રો. સોની જયકુમાર ઉમરશીભાઈ**

મેઈન બજાર, મુ. ડેમાઈ, જી. સાબરકાંઠા

# સાબર સંગે વસ્યા ઉમંગે..

**રશ્મીન વાડીલાલ સોની-ગાંધીનગર**

અંદાજીત સો વર્ષ પૂર્વેથી આપણા સમાજના કેટલાક પરિવારોનું મહદ્અંશે વ્યવસાયિક કારણોસર સાબરકાંઠા જિલ્લામાં સ્થળાંતર થયેલ. સમયાંતરે વસવાટ કરેલ કેટલાક પરિવારોની વિગતો આ લેખમાં સામેલ છે. **— તંત્રીમંડળ**

● અંદાજે ૧૦૦ વર્ષ પૂર્વ કચ્છના ચકાર કોટડાના વતની સોની દામજીભાઇ ખેતશીભાઇ, સોની રવજીભાઇ ખેતશીભાઇ તથા સોની ખેંગારભાઇ ખેતશીભાઇ સાબરકાંઠાના દેશાઇપુરા કંપા જ્યાં કચ્છના પટેલ પહેલા આવીને વસેલ હતા. ત્યાં આવીને સોનીનો વ્યવસાય શરૂ કરેલ. પરંતુ બેવર્ષ બાદ તેઓએ હળમતિયા કંમ્પે (હાલના તખતગઢ) તેઓએ પોતાના વ્યવસાય બદલી નાખેલ. આ મારૂ સોની કચ્છમાંથી સૌ પ્રથમ પરિવાર સાબરકાંઠા આવી વસ્સ્યું હતું. અહીં વ્યવસાય દરમ્યાન તેઓએ મોહનપુર ઠાકોર પાસેથી જંગલની પડતર જમીન અંદાજે ૫૦૦ એકર જેવી ખરીદ કરેલ અને તેને ખેતીલાયક બનાવી ખેતી કરવા લાગેલ. પરંતુ જમીન વિશાળ હોવાથી તે જમીન ખેતી કરવા માટે કચ્છી પટેલોને જમીન વાવવા માટે આપેલ. અને તેમને ત્યાં વસાવેલ અને કમ્પા બનાવેલ. આ કમ્પાનું નામ તેમણે સોની કમ્પા રાખેલું હતું. ત્યાર બાદ ધંધાના વિકાસ અર્થે તેઓએ પોતાની ધંધાની દુકાન બદલી અને ધનસુરા મુકામે ચાલુ કરેલ. ત્યારબાદ ધનસુરા મુકામે વિથોણા હતું. સોની ધારસીભાઇએ પણ દુકાન ચાલુ કરેલ અને આણસર વતની સોની જીવરાજભાઇ માલજીભાઇએ દુકાન ચાલુ કરેલ. આમ ધનસુરા મુકામેથી ધંધાના વિકાસઅર્થે તેમણે મોડાસા મુકામે તેમની બીજી શાખા ચાલુ કરેલ. સોની દામજીભાઇ ખેતશીભાઇના ૩ પુત્રો હતા. (૧) વીરજીભાઇ (૨) મોહનભાઇ (૩) વિઠ્ઠલભાઇ. તેમના વીરજીભાઇના વારસદારો પૈકી ચંદુભાઇ અંજાર મુકામે સ્થાયી થયેલ છે. કિરીટભાઇ નખત્રાણા મુકામે સ્થાયી થયેલ છે. જ્યારે કનુભાઇ અમદાવાદ વાડજ મુકામે સ્થાયી થયેલ છે. મોહનભાઇના સંતાનોમાંથી અરવિંદભાઇ ગુજકોમાસોલમાં નોકરી કરતા હતા તે રીટાયર્ડ થઇ ગાંધીધામ મુકામે સ્થાયી થયેલ છે. જ્યારે બકુલભાઇ દહેગામ મુકામે મસાલા બનાવવાનો ધંધો કરી. દહેગામ મુકામે સ્થાયી થયેલ છે. જ્યારે વિઠ્ઠલભાઇ મામલતદાર કક્ષાએ પહોંચી મોડાસા મુકામે સ્થાયી થયેલ છે. તેમના વારસદારો પૈકી મનિષભાઇ મોડાસા મુકામે સોનીનો વ્યવસાય કરે છે. જ્યારે બીજા પુત્ર કેતનભાઇ લીંભોઇ મુકામે સોની વ્યવસાય કરે છે.

સોની રવજીભાઇ ખેતશીભાઇના પુત્રો પૈકી હરિલાલ ઇડર મુકામે વસવાટ કરેલ તેમના પુત્રો પૈકી રમેશભાઇ અમદાવાદ મણીનગર મુકામે સ્થાયી થયેલ. જ્યારે બીજા નંબર પુત્ર ચંપકભાઇ હાલ હિંમતભાઇ નજીક ફ્રોર્મ બનાવવાની ફેક્ટરીમાં નોકરી કરે છે અને ત્રીજા નંબર પુત્ર હાલ ભુજ મુકામે સોનીનો વ્યવસાય કરે છે. જ્યારે ખેતાર ખેતશીના વારસ અમૃતલાલ હાલે વડાલી મુકામે સોનીનો વ્યવસાય કરે છે.

● અંદાજે ૭૦ થી ૭૫ વર્ષ પહેલા મેરાઉના વતની સોની દામજીભાઇ કેશવજીભાઇ તથા માતાના મઢ વતની સોની માધવજીભાઇ પ્રેમજીભાઇ સાથે મળીને ડેમાઇ મુકામે સોનીનો વ્યવસાય શરૂ કરેલ અને ત્યાં સ્થાયી થયેલ. તે પૈકીના સોની માધવજીભાઇ પ્રેમજીભાઇ એ અલગ થઇ હિંમતનગર મુકામે સોનીનો વ્યવસાય શરૂ કરેલ અને ત્યાં સ્થાયી થયેલ. હાલે તેમના વારસદારો પૈકી તેમના ભાઇ રતનસિંહભાઇ અને તેમના પુત્ર રાજુભાઇ ઘડિયાળનો વ્યવસાય કરે છે. હિંમતનગરમાં સ્થાયી થયેલ છે. સોની દામજી કેશવજીભાઇના વારસદારો પૈકી ઉમરશીભાઇ તથા તેમના બંને પુત્રો પ્રકાશભાઇ તથા જયેશભાઇ હાલ ડેમાઇ મુકામે સોનીનો વ્યવસાય કરે છે અને ત્યાં સ્થાયી થયેલા છે. તથા સોની દામજીભાઇ કેશવજીભાઇના ભાઇ સોની નેણશીભાઇ કેશવભાઇના પુત્રો હાલે મોડાસા મુકામે સ્થાયી થયેલ છે. સોની નેણશીભાઇ કેશવજીભાઇના પુત્રો પૈકી સોની પ્રેમજીભાઇના એક પુત્ર ઘનશ્યામભાઇ હાલે બી.ઇ. સિવિલ કરી અને મકાન બાંધકામ તથા પ્લાનીંગ સુપરવિઝનનો બિઝનેશ કરે છે. જ્યારે તેમના બીજા પુત્ર અશ્વિનભાઇ બી.ઇ. આઇ.સી. કરીને મોડાસા મુકામે ઇલેક્ટ્રોનીક્સનો શો રૂમ ચલાવે છે. સોની નેણશીભાઇ કેશવજીભાઇના બીજા પુત્ર મણીલાલ તથા તેમના પુત્ર પિયુષભાઇ હાલે મોડાસા મુકામે સોનીનો શો રૂમ ધરાવે છે. તથા સોની નેણશીભાઇ કેશવજીભાઇ પુત્ર જયંતિભાઇ તથા તેમના પુત્ર હિરેનભાઇ હાલ મોડાસા મુકામે સ્થાયી થયેલ છે. તેમાં હિરેનભાઇ હાઇસ્કુલમાં શિક્ષકની નોકરી કરે છે. તથા ધો. ૧૧ અને ૧૨ સાયન્સ ટ્યુટોરીયલ કલાસ ચલાવે છે. જયંતિભાઇના બીજા પુત્ર હાલ કોઠારા મુકામે સોનીનો શોરૂમ ચલાવે છે.

● અંદાજે ૭૫ થી ૮૦ વર્ષ પહેલા આણસરના વતની સોની જીવરામભાઇ માવજીભાઇ ધનસુરા મુકામે સોની વ્યવસાય ચાલુ કરેલ. હાલમાં તેમના વારસદારો પૈકી વાડીલાલભાઇ જીવરાજભાઇ તથા પુત્ર ચેતનકુમાર ધનસુરા મુકામે મોબાઇલનો શોરૂમ ધરાવે છે. જ્યારે તેમના જ્યેષ્ઠ પુત્ર અમદાવાદ ખાતે ઇલેક્ટ્રોનીક્સની ફેકટરીમાં મેનેજર તરીકે નોકરી કરે છે અને અમદાવાદ મુકામે સ્થાયી થયેલ છે. જીવરામભાઇ માવજીભાઇના

નાના પુત્ર ભાઈલાલભાઈ તથા તેમના પુત્ર નિલેશકુમાર હાલે ધનસુરા મુકામે સોનીનો શો રૂમ ધરાવે છે.

● સોની જીવરામભાઈ માવજીભાઈના કાકાઈ ભાઈ પરસોત્તમભાઈ વાલજીભાઈના પુત્ર જીતેન્દ્રભાઈ હાલે ડેમાઈ મુકામે મોબાઈલ તથા ઘડિયાળનો શો રૂમ ધરાવે છે. તેમના નાનાભાઈ મિતેષકુમાર ડેમાઈ નાગરીક શરાફી મંડળીમાં નોકરી કરે છે.

● અંદાજે ૬૦ થી ૭૦ વર્ષ પહેલા વિરાણી મોટી નિવાસી સોની પ્રાગજીભાઈ માધવજીભાઈ ધનસુરા મુકામે સોની વ્યવસાય શરૂ કરેલ. પરંતુ કચ્છમાં કચ્છી પટેલમાં અખાત્રીજે થતા લગ્નો માટે કામ કરવા વિરાણી મોટી ગયા ત્યારે તેમની દુકાન મકાન માલિક ખાલી કરી નાખતા તેમને ધનસુરા છોડવાનો સમય આવેલ અને ત્યારબાદ તેઓ તલોદ મુકામે સ્થાયી થયેલ. હાલે સોની પ્રાગજીભાઈ માધવજીભાઈના વારસદારો પૈકી ખીમજીભાઈ તથા તેમના વારસદારો પૈકી જીતેન્દ્રકુમાર ગાંધીનગરમાં હાઈરલ ઈલેક્ટ્રોનીક્સ ફેક્ટરીમાં મેનેજર હોદ્દો નિભાવી રહ્યા છે. ગાંધીનગર ખાતે સ્થાયી થયેલ છે. તેમના બીજા વારસદાર દિપકકુમાર તથા જયમિનકુમાર હાલે તલોદ મુકામે ઈલેક્ટ્રોનીક્સ શો રૂમ ધરાવે છે અને ત્યાં સ્થાયી થયેલ છે.

● અંદાજે ૭૦ વર્ષ પહેલા ખંભરા નિવાસી સોની ચાંપશીભાઈ તથા જીવરામભાઈ તથા પોપટભાઈ સાબરકાંઠા હળમતિયા મુકામે સ્થાયી થયેલ. ત્યારબાદ સોની ચાંપશીભાઈ તથા તેમના પુત્ર શાંતિલાલ તલોદ મુકામે સોનીનો વ્યવસાય શરૂ કરેલ અને તલોદ મુકામે સ્થાયી થયેલ. હાલે શાન્તિલાલના પુત્ર મેહુલકુમાર તલોદ મુકામે સોનીનો શોરૂમ ધરાવે છે અને સ્થાયી થયેલ છે. સોની જીવરામભાઈના પુત્ર કાંતિલાલ, જેઠાલાલ, નટવરભાઈ, ગોપાલભાઈ તથા મનસુખલાલ તલોદ મુકામે સ્થાયી થયેલ.

● અંદાજે ૭૦ વર્ષ પૂર્વે ભુજ નિવાસી સોની ગોરધનભાઈ તથા તેમના પુત્ર મણીલાલ તથા ભરતભાઈ ધનસુરા મુકામે ઘડિયાળનો શોરૂમ શરૂ કરી અને ધનસુરા મુકામે સ્થાયી થયેલ. પરંતુ તેમાંથી સોની મણીલાલના પુત્રો હાલે અમદાવાદ મુકામે સ્થાયી થયેલ છે.

● અંદાજે ૪૦ વર્ષ પૂર્વે કોટડા ચકાર નિવાસી સોની દામજીભાઈ જેઠાભાઈ તથા તેમના પુત્રો સોની જીતેન્દ્રકુમાર તથા રીતેશકુમાર હાલ સાંઠબા મુકામે ઘડિયાળનો વ્યવસાય કરે છે તથા ત્યાં સ્થાયી થયેલ છે.

● અંદાજે ૯૦ વર્ષ પૂર્વે વિથોણ નિવાસી સોની ધારશીભાઈ તથા તેમના પુત્રો ધનસુરા મુકામે સ્થાયી થયેલ તથા તેમણે ટીંટોઈ મુકામે ખેતીનો વ્યવસાય અપનાવેલ. હાલ તેમના વારસદારો ભુજ મુકામે સ્થાયી થયેલ છે.

આમ સમય સમય પર આપણા પરિવારો સાબરકાંઠાના ગામોમાં વસતા ગયા. આ પરિવારો સોના-ચાંદીના વ્યવસાય ઉપરાંત અન્ય વ્યવસાય અને નોકરી-ધંધામાં સફળતાપૂર્વક આગળ વધેલ છે.


પ્રો. ગોપાલભાઈ જીવરામભાઈ સોની
મો. ૭૬૦૦૧ ૪૯૮૦૫



**શ્રીજી જવેલર્સ**

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**માતાજી ચોક, પોલીસ સ્ટેશન સામે, તલોદ, જી. સાબરકાંઠા**

# સાબરકાંઠાનું લોકજીવન

સંકલીત

કુદરતને ખોળે વસતા આ વનવાસી આદિજાતિ લોકો એમની આગવી સંસ્કૃતિ અને રીતરિવાજો તેમજ આભૂષણો અને ઉત્સવો આ જિલ્લાની વિશેષ ઓળખ છે. સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓના બહુધા વિસ્તારમાં આદિવાસી લોકો રહે છે. અરવલ્લીની ગિરિમાળાઓમાં વસવાટ કરતા આ લોકો સ્વતંત્ર સ્વભાવના, ખમીરવંતા ડુંગળી ભીલો, ભીલ, ગરાસિયા, ડુંગરી ગરાસિયા મુખ્ય જાતિઓમાંના છે. જેમાં પણ નિનામા, બામણિયા, રાઠોડ, બળેવિયા, ખરાડી, ચૌહાણ, મડિયા, સુવેરા, પારઘી, અસારી, ડામોર, કલાસ્વા, કટારા, જોષિયારા, ગડસા, ભરાડા, ખાણમા, પલાત, ગોપાત, તબિયાર, પરમાર, મકાવાણા, ગમાર, ડાભી જેવી અલગ અલગ અટકો ધરાવે છે. આ જાતિઓને અનુસૂચિત જનજાતિઓ તરીકે જાહેર કરેલ છે. આદિવાસી લોકો સામાન્ય રીતે પોતાના ખેતરમાં ઝૂંપડામાં ઘર બનાવીને છૂટાછવાયા રહે છે.

ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલો ઝૂંપડાને ખોલરું કહે છે, જે ઊંચી જગ્યાએ બાંધવામાં આવે છે. લગ્ન કર્યા બાદ સંયુક્ત કુટુંબથી અલગ રહેવા માટે ખોલરું બાંધવામાં આવે છે. જેની ચારે બાજુ કાંટાળી વાડ અવશ્ય જોવા મળે છે. પ્રવેશદ્વારની ઝાંપલીને સજાવવામાં આવે છે.


આદિવાસીઓનો પહેરવેશ વિશિષ્ટ છે. ડુંગરી ભીલ સ્ત્રીઓ ૧૬ હાથનો ઘેરદાર ચણિયો પહેરે છે. એમના આભૂષણો મુખ્યત્વે ચાંદી, પિત્તળ, કાંસાના હોય છે. પગના આભૂષણોને કડલા અને છડા કહે છે. જે ચાંદીના હોય છે. પગની આંગળીએ એલ્યુમિનિયમ, પિત્તળ કે ચાંદીની વીટીઓ પહેરે છે. તેને ચગોઠીયા કહેવામાં આવે છે. હાથે ચાંદીના કે હાથીદાંતના સૂર બલોયા પહેરે છે. આ ઉપરાંત કાચની કાવરીઓ, બંગડીઓ પહેરે છે. ગળામાં રસલોને હાંસીડી પહેરે છે. જે ચાંદીની બાવેલી હોય છે. નજર ન લાગે તે માટે ગળામાં કાળા રંગનો દોરો પહેરે છે. નાકમાં ચાંદીની કે પિત્તળની સનોરી પહેરે છે. આંખમાં મેશ આંજવાનો રિવાજ હજુ પણ ચાલે છે.

આદિવાસી લોકોના ઓજારો જ પણ જાત જાતના અને ભાતભાતના હોય છે. તીરકામઠું પણ અવશ્ય જોવા મળે છે. કટારી, પાણીદાર અને ધારવાળી તલવાર જેની કાળા મ્યાનની ટોચને ચાંદીથી મઢવામાં આવે છે.

**સાબરકાંઠાનું સત્વ :** સાબરકાંઠા જિલ્લો અગાઉ મહીકાંઠા એજન્સીનો ભાગ હતો. ૧૯૪૮માં મહીકાંઠા જિલ્લો એવું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ મહી નદી આ વિસ્તારમાંથી પસાર થતી નથી એટલે અહીંના આ વિસ્તારમાં વહેતી નદી સાબરમતીના નામ પરથી આ જિલ્લાનું નામ સાબરકાંઠા જિલ્લો આપવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લાની પશ્ચિમે મહેસાણા જિલ્લો છે. તે વખતના મુંબઈ રાજ્યના ૨૯ રજવાડા અને જાગીરોની સાથે અમદાવાદ જિલ્લાનો પ્રાંતિજ તાલુકો અને મોડાસા મહાલ ભેળવી ૧ ઓગષ્ટ ૧૯૪૯થી સાબરકાંઠા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. ભૂતપૂર્વ પશ્ચિમ ભારતના દેશી રાજ્યના એજન્સીના સાદરા વિભાગના અન્ય રાજ્યો આંબલિયા, મોહનપુરા, માલપુર અને બાયડને આ જિલ્લામાં ભેળવી દેવામાં આવ્યા. નવેમ્બર-૧૯૫૬માં રાજ્યની પુનઃરચના થતાં મુંબઈ રાજ્યની વિદર્ભ-મરાઠાવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશોની સાથે રચના કરવામાં આવી અને સાબરકાંઠા જિલ્લો બૃહદ્ મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ આ જિલ્લો ગુજરાત રાજ્યનો અભિન્ન હિસ્સો બન્યો.


**વ્યક્તિ વિશેષ :** ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરનાર યુગ કવિ ઉમાશંકર જોષી આ જિલ્લાના પનોતા પુત્ર છે, તથા એવા જ ગુજરાતી સાહિત્યમાં કાંઠુ કાઢનાર યાદગાર સાહિત્ય આપનાર પન્નાલાલ પટેલ, અભિનય સમ્રાટ અને રાજકારણ ક્ષેત્રે નામના મેળવનાર ઉપેન્દ્ર ત્રિવેદી તથા અરવિંદ ત્રિવેદી પણ આ જિલ્લાના સપુતો છે.



**ઉમાશંકર જોષી :** ઉમાશંકરનો જન્મ ભિલોડા તાલુકાના બામણા ગામમાં ઈ.સ. ૧૯૧૧માં થયો. વર્ગ એ જ મારું સ્વર્ગ છે. એવું ઉચ્ચારનાર આ સંસ્કાર પુરુષે સાહિત્યના લગભગ બધા જ સ્વરૂપો ખેડ્યા, સામાજિક કાર્યકરોની ઝુંબેશથી પ્રાથમિક શિક્ષણ બામણામાં લઈ ઈ.સ. ૧૯૨૦માં વધુ અભ્યાસ માટે ઈડર આવ્યા. મેટ્રીકની પરીક્ષા અમદાવાદમાં આપી. ભણવામાં તેજસ્વી હતા, એમ.એ.ની પરિક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી અધ્યાપક બન્યા. ઈ.સ. ૧૯૪૭ સંસ્કૃતિ નામનું સામયિક શરૂ કર્યું. એ દ્વારા સાહિત્યિક પત્રકારત્વનો આદર્શ પૂરો પાડ્યો. અનેક લેખકો એમણે તૈયાર કર્યા. ઈ.સ. ૧૯૩૬માં ‘ગંગોત્રી’ માટે એમને રણજિતરાય સુવર્ણચંદ્રક, ઈ.સ. ૧૯૪૪માં ‘પ્રાચીન’ માટે મહિડા પારિતોષિક તથા નર્મદ સુવર્ણચંદ્રક ‘મહાપ્રસ્થાન’ માટે ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, ઈ.સ. ૧૯૬૭માં ‘અભિરુચિ’ માટે કવિ નાનાલાલ પારિતોષિક અને ‘નિશિથ’ માટે ભારતીય જ્ઞાનપીઠના એવોર્ડ તેમને પ્રાપ્ત થયા હતા.

તેઓના મહત્વના કાવ્ય સંગ્રહોમાં 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'પ્રાચીના', 'નિશીથ', 'આતિથ્ય', 'વસંતવર્ષ', 'અભિજ્ઞા', 'મહાપ્રસ્થાન', 'ધારાવસ્ત્ર' તથા 'સપ્તપદી' વગેરે છે. તેમની તમામ કાવ્યરચનાઓ 'સમગ્ર કવિતા' ના નામે સંકલિત થઈ છે.

તેઓશ્રીએ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ તેમજ કલકત્તાની વિશ્વ ભારતીનું કુલપતિપદે શોભાવ્યું. તેમજ સાહિત્ય પરિષદના ૨૪મા અધિવેશનમાં પ્રમુખ હતા. એમના સંપાદનો, વિવેચનો અને વ્યાખ્યાનો સરળ, નિખાલસ છતાં પાંડિત્યથી સભર હોય છે. જે સાહિત્ય દ્રષ્ટિવંત અને તેજસ્વી અધ્યાપકની યાદ અપાવે છે. તેઓ હંમેશાં સંવાદની ભૂમિકાઓની જ કરતા. ગાંધીજીના પ્રભાવે તેઓ સત્યાગ્રહમાં જોડાયા, જેલવાસ થયો, કટોકટી વેળા નિર્ભયપણે પોતાના સ્વતંત્ર વિચારો રજૂ કર્યા. તેઓશ્રી રાજ્યસભાના મનોવિત સભ્ય રહ્યા. ઈ.સ. ૧૯૮૮ની ડિસેમ્બરની ૧૯મી તારીખે તેઓશ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ૯૦૦ મી જન્મજયંતિના ઉત્સવમાં ભાગ લેવા હેતુ તીથલમાં હતા અહીં એમની તબિયત અચાનક બગડતાં તેમને અમદાવાદ લાવવામાં આવ્યા જ્યાં એમનો દેહવિલય થયો.



**પન્નાલાલ પટેલ :** પન્નાલાલ પટેલનો જન્મ ગુજરાતના ઈશાન ખુણામાં આવેલા અને હાલ રાજસ્થાનમાંના ડુંગરપુર પાસે આવેલ માંડલી ગામે થયો હતો. તેમણું ઝાઝું શિક્ષણ લીધું નહોતું, પરંતુ કોઠાસૂઝ અને આજીવન-ગામડાના પ્રત્યક્ષ અનુભવના આધારે તેમજ નૈસર્ગિક પ્રતિભાના બળે ગુજરાતી ભાષાને કેટલીક ઉત્તમ કૃતિઓ આપી છે. તેમની મુખ્ય નવલકથાઓ 'વળામણા', 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'નો ગુજરાતી ભાષાની શ્રેષ્ઠ રચનાઓમાં સમાવેશ થાય છે. 'માનવીની ભવાઈ' માટે તેઓને 'ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર' પણ પ્રાપ્ત થયો હતો. 'વાત્રકને કાંઠે' તથા 'સુખદુઃખના સાથી' વગેરે તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. ગામડું અને ગ્રામજીવન એના માનવીના મન તેમની કૃતિઓમાં તાદ્દશ રીતે વ્યક્ત થયા છે.

**કલાક્ષેત્રે પ્રદાન :**



**અરવિંદ ત્રિવેદી** : 'રામાયણ' સિરિયલના 'લંકેશ' અને લોકપ્રિય પૂર્વ સાંસદ અરવિંદ ત્રિવેદીનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોરના ૮મી નવેમ્બર ૧૯૩૮ના રોજ થયો હતો.

અરવિંદ સાબરકાંઠા મતવિસ્તારમાંથી ૧૯૯૧-૧૯૯૬ દરમ્યાન સાંસદ તરીકે ચૂંટાયા હતા. ગરીબ આદિવાસીઓના હૃદયમાં એમની લોકચાહના આજે પણ અકબંધ છે. તેઓશ્રી ફિલ્મ, ટીવી અને નાટકોના કલાકાર ઉપરાંત પ્રોડ્યુસર અને ડાયરેક્ટરક પણ હતા. 'વિશ્વામિત્ર' સહિત ૧૫ જેટલી સિરીયલોમાં પણ એમનું માતબર પ્રદાન રહ્યું. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૭૫ જેટલા નાટકોમાં સરાહનીય કામ કર્યું. ઓલઈન્ડિયા રેડિયો, અમદાવાદ અને મુંબઈ પરથી ૫૦ જેટલા રેડિયો નાટકો પ્રસારિત થયા. ૨૫૦ જેટલા ગુજરાતી ચલચિત્રોમાં નાટક, ખલનાયક અને ચરિત્ર અભિનેતા તરીકે અભિનય આપ્યો. જેમાં ગુજરાત સરકારે ઉત્તમ અભિનેતા તરીકે આઠ એવોર્ડથી એમને નવાજ્યા છે. એમની ફિલ્મોમાં પ્રથમ ફિલ્મ હતી 'લીલુડી ધરતી'. આ ઉપરાંત 'જેસલ-તોરલ', 'રાજા ભરથરી', 'રાજા ગોપીચંદ', 'દેશ રે જોયા દાદા પરદેશ રે જોયા' એવી ફિલ્મો લોકપ્રિય બનેલી.

આ ઉપરાંત 'શિવતાંડવ સ્રોત' અને રામાનંદ સાગરની 'રામાયણ' સિરિયલમાં રાવણના પાત્ર દ્વારા અધ્યાય ક્ષેત્રે એમણએ કારકિર્દીનું એવરેસ્ટ સર કર્યું. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્મા અને અન્ય ઊંચા કલાપારખુઓએ એમના શિવતાંડવ સ્રોતની ભારોભાર પ્રશંસા કરી. 'રામાયણ' સિરિયલમાં રાવણના પાત્રને જીવંતતા બક્ષતા એમના સંવાદો અને ઉત્કૃષ્ટ અભિનયને ફાળે જાય છે.

આ ઉપરાંત રાવણના પાત્રને ખલનાયક તરીકે નહીં પણ પ્રતિનાયક તરીકે ઉપસાવવામાં આવ્યું તે પણ મહત્વનું હતું. જેના કારણે એમને જબરદસ્ત લોકપ્રિયતા હાંસલ થયેલી. અરવિંદભાઈ તથા ઉપેન્દ્રભાઈ બે સગા ભાઈઓ બાપથી તો સવાયા નીકળ્યા પણ એકબીજાથી પણ સવાયા નીકળ્યા.

અરવિંદભાઈ તેમના ઈડર ખાતેના નિવાસસ્થાન 'અન્નપૂર્ણા' ખાતે વર્ષોથી અંબાજી પદયાત્રીઓની સેવા માટે વિસામો ચલાવે છે. જેમાં તબીબી સેવાનો પણ સમાવેશ થાય છે.



**ઉપેન્દ્ર ત્રિવેદી :** ૪૧મા રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં રજત કમળ મેળવનાર 'અભિનય સમ્રાટ' 'પદ્મશ્રી' ઉપેન્દ્ર ત્રિવેદી.

ઉપેન્દ્ર ત્રિવેદીનું વતન ઈડર તાલુકાનું કુકડિયા ગામ. એમનો જન્મ તા. ૧૪મી જુલાઈ ૧૯૩૭ના રોજ ઈન્દોરમાં થયો હતો. સરકારે એમને સને ૧૯૮૯માં 'પદ્મશ્રી' ના એવોર્ડથી નવાજ્યા હતા. એમણે અભિનયમાં એવું કાઠું કાઢ્યું કે તેઓ 'અભિનય સમ્રાટ' તરીકે ઓળખાયા.

તેઓશ્રીએ ૭૫ જેટલા નાટકોમાં અને ૧૨૫ જેટલા ગુજરાતી ચલચિત્રોમાં એક્ટર, ડાયરેક્ટર, પ્રોડ્યુસર અને લેખક તરીકેની કામગીરી બજાવીને રાજ્યના ૨૧ જેટલા એવોર્ડ

મેળવેલા છે. તેઓને રાજ્ય સરકારનો સર્વોચ્ચ 'પંડિત ઓમકારનાથ' ઠાકુર એવોર્ડ મળેલો છે. ઈ.સ. ૧૯૮૬ થી ૧૯૮૯ના ગાળામાં ગુજરાત સરકારે 'ગુજરાત ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન' ના ચેરમેન તરીકે નિયુક્તિ કરેલી. ગુજરાત વિધાનસભામાં ૧૯૮૪, ૧૯૮૯ અને ૧૯૯૮માં એમ ત્રણ વાર ભિલોડા મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા. તેઓશ્રીએ ૧૯૯૨-૯૪ના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારમાં માહિતી અને સાંસ્કૃતિક વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપેલ. ઈ.સ. ૨૦૦૦માં ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પિકર તરીકે ચુંટાયા હતા. એમણે સિનેમાક્ષેત્રે અભ્યાસઅર્થે સમગ્ર યુરોપ અને દૂર પૂર્વના દેશોનો પ્રવાસ કર્યો છે.

દર્શકની 'ઝેર તો પીધા જાણી જાણી' અને મેઘાણીની 'વેવિશાળ' નવલકથા પરથી ડ્રામા-નાટક સ્ટેજ કરી પ્રસિદ્ધી પામ્યા હતા. તેઓશ્રી ગૌરવ પુરસ્કાર અને દાદા સાહેબ ફાળકે એકેડમીનો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ જેવા સન્માન મળેલી ગુજરાતમાં અપૂર્વ નામના મેળવી છે.

પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા નવલકથા 'માનવની ભવાઈ' પરથી ગુજરાતી ફિલ્મ બનાવી નેશનલ એવોર્ડ મેળવેલ છે. આ ફિલ્મમાં તેઓશ્રીએ પ્રોડયુસર, ડાયરેક્ટર અને ખુદ એક્ટર તરીકેની ભૂમિકા અદા કરેલ છે. તેઓશ્રીની અન્ય મહત્વની ફિલ્મોમાં જેસલતોરલ, રાજા ભરથરી, હોથલ પદમણી, ભાદર તારા વહેતા પાણી, ભ્રષ્ટાચાર મુર્દાબાદ વગેરેનો સમાવેશ થાય છે. ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા અને ત્રીજી શિફ્ટમાં કામ કરતી વ્યક્તિ આપબળે કઠોર પરિશ્રમ અને સ્વકીય સૂઝથી 'પદ્મશ્રી'નો એવોર્ડ મેળવે, 'અભિનય સમ્રાટ' તરીકે ગુજરાતના પ્રત્યેક ઘરમાં નામ ગુંજતું થાય એ તેમની અપૂર્વ સિદ્ધિ છે.

***(સંદર્ભ - વેબસાઈટ પરની માહિતી)***

## સાબરકાંઠા જિલ્લાના દર્શનીય સ્થળો

**દિનેશ જે. સોની - તલોદ**

પુરાણોમાં 'સાભ્રમતિ' એ નામાભિધાન સાથે સાબરમતી નદીનું મહત્વ દર્શાવ્યું છે. સાબરકાંઠા જિલ્લો આ નદીના નામને પામીને તેનુ ભૌગોલિક સ્થાન પર્યાવરણ અને લોકસંસ્કૃતિને સહજ રીતે રજૂ કરે છે. આ જિલ્લામાં કુદરતી સૌંદર્ય ભારોભાર પડેલું છે. અરવલ્લીની ગિરિકંદરાઓ, શામળાજી, ખેડબ્રહ્મા જેવા વિશ્વપ્રસિદ્ધ શ્રદ્ધાસ્થાનો પણ છે. લોકસંસ્કૃતિ, લોકમેળાઓ દર્શનીય આસ્થાકેન્દ્રો અને જરૂર મુજબની શિક્ષણ સંસ્થાઓ આ બધુ સાબરકાંઠાને રાષ્ટ્રના ફલક ઉપર મૂકે છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ ઉપર આવેલ જિલ્લાનું મથક હિંમતનગરમાં પોટરી, ટાઈલ્સ અને કાપડ જીન ઉદ્યોગ તેમજ સાબર ડેરી જિલ્લાની કરોડરજ્જુ આદિ પ્રકલ્પો સમાન છે.

તલોદ એ શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છી મારૂં કંસારા સોની જ્ઞાતિ મંડળનું કેન્દ્ર સ્થાન છે. ગુજરાત રાજ્યની સૌથી વધારે એલ્યુમિનીયમના વાસણો બનાવવાની ફેક્ટરીઓ તલોદ ખાતે આવેલ છે. તલોદ રેલ્વે સ્ટેશનના સ્વાદિષ્ટ ગોટા (બટાકાવડા) એ વર્ષોથી બહુ પ્રખ્યાત છે.

**હાથરોલ :** ૭૦૦ જેટલા વર્ષ પુરાણુ ચૌમુખ શિવજી મંદિર

**વક્તાપુર :** રોકડીયા હનુમાન મંદિર, મીની પાવાગઢ, પીકનીક સ્થળ

**ખેડબ્રહ્મા :** બ્રહ્માજીનું મંદિર (ગુજરાતનું એકમાત્ર) અંબાજી મંદિર કોસંબી મિમાક્ષી, હિરણ્યાક્ષી, નદીઓનો ત્રિવેણી સંગમ.

**વરતોલ :** તળાવ કિનારે ચામુંડા માતાજીનું કાચનું મંદિર

**દેરોલ :** પ્રાચીન શિવમંદિર અને જૈન મંદિર (આશરે ૧૨મી સદી)

**વિજયનગર :** જૈન મંદિરો - ટેકરીઓથી આચ્છાદિત - રળિયામણું તાલુકા મથક

**વિરેશ્વર :** મહાદેવ, સ્વયંસ્ફૂરિત ઝરો, પિકનીક કેન્દ્ર, પ્રાચીન વાવ

**તલોદ :** વર્ષો જુનુ બળીયાદેવનું મંદિર તેમજ બિલેશ્વર મહાદેવ મંદિર

**ગળતેશ્વર :** પુરાતન શિવાલય, પ્રસિદ્ધ પિકનીક સ્થળ, જન્માષ્ટમી મેળો.

**સાંપડ :** મહાકાલી માતાજી પ્રાચીન મંદિર

**સાકરીયા :** પ્રસિદ્ધ હનુમાનજીનું મંદિર

**ઈડર :** ૮૦૦ ફુટ ઊંચો ડુંગર, કાળમીંઢ ખડકો, ઈડરીયો ગઢ, ગઢ ઉપરનો મહેલ, રાવરણમલની ચોકી, પુરાતનવાવ

**સપ્તેશ્વર :** શિવાલય તેમજ પિકનીક સ્થળ

**શામળાજી :** દેવગદાધર વિષ્ણુનું પુરાતન મંદિર, આદિવાસીઓના કાળીયા ઠાકર, ગિરીમાળાઓ વચ્ચે મેશ્વો સરોવર હરિશચંદ્રની ચોરી, મ્યુઝિયમ, સર્વોદય આશ્રમ.

**રાજેન્દ્રનગર :** સહયોગ કુષ્ટ રોગ સેવા કેન્દ્ર

**બાયડ :** પ્રખ્યાત સ્વામિનારાયણ મંદિર, ગાયત્રી મંદિર

**ડેમાઈ :** અગ્નિક્ષેત્ર યજ્ઞશાળા

**વાત્રક :** ધારેશ્વર મહાદેવ, મહાલક્ષ્મીજી મંદિર

**ઝાંઝરી :** વાત્રક નદીનો ધોધ, સૌંદર્યધામ, પિકનીક સ્થળ

**ધુલેટા :** જલારામ મંદિર

**કચ્છ તેમજ અન્યત્ર વસતા આપણા સમાજના આબાલવૃદ્ધ સહુ પરિવારોને તલોદના ચટપટા ગોટા ખાવા અને શામળાજીના દર્શન કરવા સાબરકાંઠે આવવાનું અમારું ભાવભર્યુ ઈજન છે.**

# સ્વ. સોની માધવજી દેવશી સોલંકી પરિવાર કચ્છ માંડવીવાળા વ્યવસાયિક અભિયાન સને ૧૯૪૭ થી ૨૦૧૩

**સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી-વડાલી**



કચ્છ માંડવીમાં ચાંદીના કડલા - કાંબી જેવા દેશી ઘાટના દાગીના બનાવવાનો વ્યવસાય હતો. માધવજીભાઈના મોટા પુત્ર કેશવજીભાઈ સને ૧૯૪૭-૪૮માં સોનાનું કામ કરવા મુંબઈ ગયા ત્યાં દોઢ-બે વર્ષ રહી માંડવી પરત આવ્યા તે પછી સને ૧૯૪૯માં કેશવજીભાઈ તથા તેમના ત્રીજા નંબરના નાના ભાઈ કલ્યાણજીભાઈ ધંધાર્થે સ્થાયી થવા માટે મુંબઈ જવા રવાના થયા.

કેશવજીભાઈના બીજા નંબરના નાનાભાઈ (દામજીભાઈ) ઉર્ફે શંભુભાઈના સસરા સોની દામજીભાઈ ખેતશીભાઈ બારમેડા મુળ ચકાર-કોટડા (કચ્છવાળા) ધનસુરા (સાબરકાંઠા) રહેતા હતા. તેમને મળીને મુંબઈ જઈશું તેવો વિચાર કરીને બંને ભાઈ ધનસુરા ગયા ત્યાં ત્યારે દામજીભાઈ ખેતશીભાઈએ જણાવેલ કે સોના ચાંદીનો ધંધો વડાલી (સાબરકાંઠા) કરશો તો સારો ચાલશે તેમની વાત માની બંને ભાઈ ધંધા માટે મુંબઈને બદલે વડાલી પહોંચ્યા. વડાલીમાં તે વખતે બંને ભાઈ કેશવજીભાઈ તથા કલ્યાણજીભાઈ ખુબ તકલીફમાં રહ્યા આર્થિક સ્થિતિ કપરી હતી. છતાં હિંમત રાખી વડાલીમાં દુકાન ભાડે રાખી ધંધાની શરૂઆત કરી તે વખતે કચ્છના કડવા પાટીદાર ભાઈઓ વડાલી આજુબાજુ ૧૦-૨૦ ઘરના સમુહમાં કંપામાં રહી ખેતી કરતા હતા તેઓ પણ થોડા વખત અગાઉ કચ્છમાંથી વડાલી બાજુ ખેતી માટે આવ્યા હતા તેઓ તરફથી વડાલીમાં ધંધામાં સ્થિર થવા માટે ખૂબ જ સારી મદદ મળી.

દુકાનની સામે ડેલીમાં મહેતા અમૃતલાલ મગનલાલ જૈન વાણીયા રહેતા હતા. તેઓ અવાર નવાર દુકાને આવતા, તેથી તેઓની સાથે નીકટતા બંધાણી સમય જતાં તેઓની સાથે ખૂબ જ ગાઢ કુટુંબ જેવા સંબંધો બંધાયા અમો તેમને અમૃતકાકા કહેતા. અમૃતકાકાના સાળા દોશી મણીલાલ માધવજી વડાલીના નગરશેઠ હતા. અમૃતકાકા દ્વારા તેમની સાથે સંબંધો બંધાયા. અમારો ધંધો જમાવવા ખૂબ જ મદદ કરી. આ રીતે બે ત્રણ વર્ષ વડાલીમાં સ્થિર થયા ત્યાર પછી કેશવજીભાઈએ માતા-પિતા અને ભાઈઓ શંભુભાઈ - વિશનજીભાઈ - ભીમજીભાઈ - રજનીકાંતભાઈ તથા બહેનો બધાને માંડવીથી વડાલી બોલાવી લીધા.

તે પછી સને ૧૯૫૪માં શંભુભાઈએ ખેડબ્રહ્મામાં સોના-ચાંદીની દુકાન કરી. કલ્યાણજીભાઈએ વડાલીમાં સાયકલની દુકાન કરી. તે પછી સમય જતાં વિશનજીભાઈએ ખેડબ્રહ્મામાં મોટરસાયકલ રીપેરીંગની દુકાન - ભીમજીભાઈએ સાયકલની દુકાન તથા રજનીકાંતભાઈએ ઘડિયાળની દુકાન કરી. બધા ભાઈઓ પોતપોતાની રીતે ધંધો કરવા લાગ્યા.

શ્રી સાબરકાંઠા જીલ્લા મારૂ સોની મહામંડળની સ્થાપના તા. ૨૧-૧૧-૧૯૭૯ના રોજ કરવામાં આવી જેમાં સાબરકાંઠા જ્ઞાતિના અન્ય આગેવાનો ઉપરાંત શ્રી કેશવજીભાઈ તથા શ્રી દામજીભાઈ તેમજ માધવજી દેવશી પરિવારે સહકાર આપેલ.

આપણી ભારતભરની સમગ્ર જ્ઞાતિના મહામંડળની સ્થાપના સને ૨૦૦૬માં કરવામાં આવી. જેમાં સાબરકાંઠા જ્ઞાતિ ઉપરાંત પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકીનો મુખ્ય ફાળો હતો અને આજે પણ પ્રેમજીભાઈ મહામંડળના મહામંત્રી તરીકે સમાજ સેવા કરી રહ્યા છે. મહામંડળની સ્થાપનામાં રજનીકાંતભાઈ, નરેશભાઈ, ગિરીશભાઈ તથા પ્રેમજીભાઈના ભાઈ ચંદ્રકાંતભાઈ, લક્ષ્મીકાંતભાઈ તથા કિર્તીભાઈએ પણ સહકાર આપ્યો હતો.

માધવજી દેવશી પરિવારના સભ્યો આજે સુખ સમૃદ્ધિથી વડાલી, ખેડબ્રહ્મા, ભુજ, સતલાસણા, જામનગર, મુંબઈ ખાતે વસવાટ કરી રહ્યા છે. જેમની વ્યવસાયિક વિગત નીચે જણાવેલ છે.

સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ (પ્રો. સંજયકુમાર પ્રેમજીભાઈ સોની) : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (મુ. વડાલી)

સોની અતુલકુમાર પ્રેમજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (રૂપ જ્વેલર્સ - મુ. ઈડર)

સોની વિજયકુમાર પ્રેમજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ (મુ. વડાલી)

સોની કિર્તીભાઈ કેશવજીભાઈ, સોની ત્રિલોકકુમાર કીર્તીભાઈ, સોની રવિકુમાર કીર્તીભાઈ, સોની નરેનકુમાર કીર્તીભાઈ : (ચાંદીના દાગીના હોલસેલ બનાવવાનો વ્યવસાય (મુ. ભુજ)

સોની હિતેનકુમાર ચંદ્રકાંતભાઈ : એમ.સી.એક્સ. બ્રોકર, રીયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ (મુ. ભુજ)

સોની કેતનકુમાર ચંદ્રકાંતભાઈ - મીનરલ વોટર પ્લાન્ટ - જમીન લે-વેચ (મુ. ભુજ)

સોની ભાવિનકુમાર લક્ષ્મીકાંતભાઈ : સર્વિસ (વિરલ જ્વલેર્સ - મુ. ભુજ)

સોની પંકજકુમાર કેશવજીભાઈ : ઈમીટેશન જ્વેલરી વ્યવસાય - (મુ. વડાલી)

સોની નરેશભાઈ દામજીભાઈ : સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ - પાર્થ જ્વેલર્સ (મુ. ખેડબ્રહ્મા)

ડો. ગીરીશકુમાર દામજીભાઈ સોની : વેટરનરી ડોક્ટર (સાબર ડેરી - મુ. ખેડબ્રહ્મા)

સોની નિતીનકુમાર રજનીકાંતભાઈ : સોના ચાંદીના દાગીનાનો શો રૂમ - પ્રજ્ઞા જ્વેલર્સ (મુ. ખેડબ્રહ્મા)

સોની અનિલભાઈ કલ્યાણજીભાઈ : નાસ્તાની ગાડી (મુ. નખત્રાણા)

સોની અજીતકુમાર કલ્યાણજીભાઈ : મોટર સાયકલ રીપેરીંગ કામ (મુ. ભુજ)

સોની દિલીપકુમાર કલ્યાણજીભાઈ : મોટર સાયકલ રીપેરીંગ કામ તથા ઓટોપાર્ટસ ડીલર - મુ. સતલાસણા, જિ. મહેસાણા

સોની વિશનજીભાઈ માધવજીભાઈ : ચાંદી કામ - ભુજ


સોની અરૂણકુમાર ભીમજીભાઈ : ચાંદી કામ - માધાપર, ભુજ

સોની પ્રશાંતભાઈ દિનેશભાઈ : પોતાનો વ્યવસાય - મુંબઈ

સોની પારસભાઈ દિનેશભાઈ : સર્વિસ જામનગર ■

# સાબરકાંઠા સમાજના સક્ષમ સૂત્રધારો


## શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ સોની મહામંડળ



**સ્વ. સોની રવજીભાઈ ખેતશીભાઈ**
ઈડર : વર્ષ ૧૯૭૯-૮૪




**સોની મોહનલાલ દામજીભાઈ**
રણાસણ : વર્ષ ૧૯૮૫



**સ્વ. સોની દામજીભાઈ માધવજીભાઈ**
ખેડબ્રહ્મા : વર્ષ ૧૯૮૬



**સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ**
તલોદ : વર્ષ ૧૯૮૭-૮૯



**સ્વ. સોની દામજીભાઈ માધવજીભાઈ**
ખેડબ્રહ્મા : વર્ષ ૧૯૮૯-૯૧



**સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ**
તલોદ : વર્ષ ૧૯૯૧-૯૨



**સોની વિઠ્ઠલભાઈ (બાબુભાઈ) દામજીભાઈ**
મોડાસા : વર્ષ ૧૯૯૨-૯૩



**સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ**
વડાલી : વર્ષ ૧૯૯૩-૯૪



**સ્વ. સોની માધવજી પ્રેમજીભાઈ**
હિંમતનગર: વર્ષ ૧૯૯૪-૯૫




**સોની મંગળદાસ પુરુષોત્તમદાસ**
ડુંગરપુર : વર્ષ ૧૯૯૭-૨૦૦૧



**સોની કાન્તીલાલ શામજીભાઈ**
દહેગામ: વર્ષ ૨૦૦૧-૨૦૦૬



**સોની શંકરલાલ મંગળદાસ**
ડુંગરપુર : વર્ષ ૨૦૦૬-૨૦૧૨



**સોની ભાઈલાલભાઈ જીવરામભાઈ**
ધનસુરા : વર્ષ ૨૦૧૨ થી....

## શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - તલોદ



**સોની રજનીકાંત માધવજીભાઈ**
ખેડબ્રહ્મા : વર્ષ ૧૯૯૮



**સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ**
તલોદ : વર્ષ ૧૯૯૯-૨૦૦૨



**સોની રજનીકાંત માધવજીભાઈ**
ખેડબ્રહ્મા : વર્ષ ૨૦૦૨-૦૩



**સ્વ. સોની શાંતિલાલ ચાંપશીભાઈ**
તલોદ : વર્ષ ૨૦૦૩-૦૪



**સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ**
વડાલી : વર્ષ ૨૦૦૫-૦૭



**સોની શાંતિલાલ કલ્યાણજી**
વડાલી : વર્ષ ૨૦૦૮



**સ્વ. સોની જેન્તીલાલ નેણશીભાઈ**
દહેગામ : વર્ષ ૨૦૦૯-૧૧



**સોની નરેન્દ્રભાઈ મગનલાલ**
ગાંધીનગર: વર્ષ ૨૦૧૨ થી....

# સાબરકાંઠા જ્ઞાતિએ સર્જ્યો ઈતિહાસ

**પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી - વડાલી**

આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિનું ભારતીય સ્તરનું સંગઠન ન હતું. સાબરકાંઠા જ્ઞાતિ મંડળની અવાર નવાર મળતી મિટીંગમાં આ વિશે ચર્ચા થતી અને તે માટે પ્રયત્ન કરવા તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તા. ૧૫-૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ભુજ મુકામે શ્રી કાલીકા માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તે વખતે ત્યાંના હાજર જ્ઞાતિજનો મળ્યા અને ખેડબ્રહ્મા (સાબરકાંઠા) મુકામે જ્ઞાતિ જ્ઞાગેવાનોની શિબીર યોજવાનું નક્કી કરવામાં આવ્યું અને તે માટે સાબરકાંઠા જ્ઞાતિને વિશ્વાસપૂર્વક જવાબદારી સોંપવામાં આવી.



જૂન-૨૦૦૬માં પ્રથમ પગલા તરીકે ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલા સોલંકીને મળ્યા. તેમણે અમારી સાથે રહી ભુજ જ્ઞાતિના બીજા આગેવાનો સાથે બેઠક કરી. આ ભગીરથ કાર્યમાં ભુજ જ્ઞાતિ તરફથી પુરતો સહકાર મળી રહેશે તેવી ખાત્રી આપી. તે પછી અમો અંજાર, ગાંધીધામ, અમદાવાદ તથા નખત્રાણા તેમજ પશ્ચિમ કચ્છના વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત કરી. મુંબઈ, રાજકોટ, જામનગર, રાયપુર વિગેરેમાં જ્ઞાતિ આગેવાનો સાથે ટેલીફોનથી વાતચીત કરી અને અમોને સંગઠનની સ્થાપના માટેની શિબીરમાં હાજર રહવા અને સહયોગ આપવાની સંમતિ આપી. તા. ૨૨-૨૩ જુલાઈ ૨૦૦૬ બે દિવસ માટેની ચિંતન શિબીરનું આયોજન કરવામાં આવ્યું. તે શિબીરમાં વિવિધ સ્થળોથી લગભગ ૨૦૦ જેટલા જ્ઞાતિ આગેવાનો હાજર રહ્યા. બે દિવસની ચર્ચા વિચારણાના અંતે ૨૩-૭-૨૦૦૬ના જ્ઞાતિના મહામંડળની સ્થાપનાની જાહેરાત ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ કરી અને શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી મુ. ભુજનો સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. હાજર સર્વ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક તાળીઓના ગળગળાટ સાથે આ નિર્ણયને વધાવી લીધો.

સાબરકાંઠા જ્ઞાતિના આગેવાનો- કાર્યકરોએ તન-મન-ધનથી મહામંડળની સ્થાપના માટે ભારે જહેમત ઉઠાવી સફળતાપૂર્વક બે દિવસની ચિંતન શિબીર કાર્યક્રમ પાર પાડ્યો હતો.

તા. ૧૩-૧૨-૨૦૦૬ના રોજ સમગ્ર જ્ઞાતિનું મહાસંમેલન ભુજ મુકામે યોજવામાં આવ્યું અને તે વખેત પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીએ મહામંડળની કારોબારીની જાહેરાત કરી. તે સાથે સત્તાવાર રીતે મહામંડળની કામગીરી શરૂ થઈ. મહામંડળનું બંધારણ તૈયાર કરવાની જવાબદારી શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી ભુજને સોંપવામાં આવી હતી. તેમણે જ્ઞાતિજનોની ટીમ સાથે મળી આપણી જ્ઞાતિને અનુરૂપ બંધારણ તૈયાર કર્યું. અને મહામંડળનું નામ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ રાખવામાં આવ્યું અને તે નામથી રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. મહામંડળમાં પંદર હોદ્દેદારો સાથે એકાવન સભ્યોની કારોબારીની રચના કરવામાં આવેલ છે.

મહામંડળની સ્થાપના માટે જે કોઈ જ્ઞાતિજનોએ સહકાર આપેલ તે માટે સર્વેનો સાબરકાંઠા જ્ઞાતિ ખૂબ ખૂબ આભાર માને છે અને આ રીતે મહામંડળની સ્થાપના ખેડબ્રહ્મા (સાબરકાંઠા) મુકામે શ્રી અંબે માતાજીના સાનિધ્યમાં સફળતાપૂર્વક થઈ જેનો સાબરકાંઠા જ્ઞાતિને ખૂબ જ આનંદ છે. મહામંડળ જ્ઞાપણી જ્ઞાતિ માટેના જરૂરી કાર્યો કરશે તેવો દરેક જ્ઞાતિજનને વિશ્વાસ છે. આ તબક્કે એ પણ જણાવવું આવશ્યક છે કે મહામંડળની રચનામાં પ્રારંભે અને ત્યારબાદ મહામંડળની પ્રત્યેક પ્રવૃત્તિના પ્રારૂપે આપણા સમાજના લોકપ્રિય સામયિક 'જ્ઞાતિસેતુ'નું અનેરું યોગદાન રહ્યું છે. સાબરકાંઠા સમાજ એ માટે 'જ્ઞાતિસેતુ'નું ઋણી છે.

### સમાજ પ્રતિજ્ઞા

ભારત વર્ષમાં વસતા બધા કચ્છી મારૂ કંસારા સોની મારા સ્વજન છે.
હું મારા સમાજને ચાહું છું.
મારા સામાજિક વારસા પર મને ગર્વ છે.
હું સદાયે મારા વ્યક્તિગત તેમજ સમાજમાં પ્રવર્તમાન દૂષણો દૂર કરવા પ્રયત્ન કરીશ.
શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ મારું સામાજિક સંગઠન છે.
હું મારા સેવા મંડળને મારી નિષ્ઠા અર્પું છું.
હું મારા માતા-પિતા, વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જ્ઞાતિબંધુ સાથે પ્રેમથી વર્તીશ.
જ્ઞાતિબંધુઓના કલ્યાણ અને પ્રગતિમાં મારું સુખ નિહિત છે.
ભગવાન સહસ્ત્રાર્જુનને મારા તન, મન, ધન અર્પણ કરું છું.

**– રાજેશ કાંતિલાલ સોની-બાયડ**

વાડીભાઈ
મો. ૯૯૯૮૨૩૨૩૦૮

ચેતન
મો. ૯૯૯૮૩૩૧૩૩૮



# Gajanand Telecom

- ❖ Nokia
- ❖ Samsung
- ❖ Micromax
- ❖ Onida
- ❖ Karbon
- ❖ Cubit

*All Type of Mobiles, Accessory & Fax Centre*

**Samsung Authorized Mobile SIS Service Centre**

Jawahar Bazar, Nr. Char Rasta, At. Po. Ta. Dhansura-383310. Dist. S.K. (Gujarat)

---

ભાઈલાલભાઈ
મો. ૯૪૨૮૬ ૪૬૬૫૩



નિલેશ
મો. ૯૪૨૬૫ ૫૧૫૬૦

# સોની ભાઈલાલભાઈ જીવરામભાઈ

**સોના ચાંદીના દાગીના બનાવનાર**

હાર્દિક શુભેચ્છા સહ...

**સ્વ. શ્રી જીવરામભાઈ માવજીભાઈ અને સ્વ. સોની સાકરબેન જીવરામભાઈ, ધનસુરા પરિવાર**

સોની વાડીલાલ જીવરામભાઈ
સોની રશ્મીન વાડીલાલ
સોની ચેતન વાડીલાલ
સોની ટ્વીશા ચેતન
સોની ક્રીશા રશ્મીન

સોની દમયંતીબેન વાડીલાલ
સોની જ્યોતી રશ્મીન
સોની જનક ચેતન
સોની પ્રથમ ચેતન
સોની સૌમ્યા રશ્મીન

સોની ભાઈલાલ જીવમરામભાઈ
સોની આશાબેન ભાઈલાલ
સોની નીલેશ ભાઈલાલ
સોની રીમા નીલેશ
સોની દક્ષીત નીલેશ


સોની રક્ષા જુબીન અને સોની જુબીન હરિલાલ, તલોદ

**જવાહર બજાર, ચાર રસ્તા, ધનસુરા**

# ॥ શ્રદ્ધાંજલિ ॥







## પૂજ્ય પિતાશ્રી સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ બારમેડા

જન્મતા. ૯-૪-૧૯૪૧ સ્વ તા. ૮-૪-૨૦૧૦

આપની અણધારી વિદાય અમારા કાળજા કંપાવી ગઈ,
આપની હસતી તસ્વીર જોઈ અમારી આંખો રડી પડે છે.
દાન કર્યા, કરૂણા કરી, પારકા કર્યા પોતીકા,
ધર્મ કાર્ય કરી તેજ લીસોટો બની ગયા
આત્મબળથી વાત કરીને અઘરા કાર્યો કરી ગયા.
પુણ્ય, સેવાને દાન કાજે સ્વાસ્થ્યને પણ ભુલી ગયા,
કામકરીને સર્જન માટે ચંદન જેમઘસાઈ ગયા.
જ્યાં ગયા ત્યાં પ્રભાત થશે.
આસપાસના ઉપવનને શણગારી ગયા.
કર્યા કામદીપ બનીને અમને અજવાળી ગયા.
આપ અમારી વચ્ચે નથી તે હૃદય માનતું નથી,
યાદોમાં આપ જીવીત છો,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને ચીર શાંતિ અર્પે
એવી પ્રાર્થના સહ...

**લી. સ્વ. જેઠાલાલ જીવરામભાઈ સોની સહપરિવાર**

## શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ : સામાન્ય સભા













## શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ સોની મહામંડળ : સામાન્ય સભા





## વર્તમાન નેતૃત્વ

# શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ



**નરેન્દ્રભાઈ એમ. સોની**
પ્રમુખશ્રી
મો. ૯૪૨૭૩ ૦૫૮૭૪



**દિનેશકુમાર જે. સોની**
ઉપપ્રમુખશ્રી
મો. ૯૪૨૬૪ ૪૮૫૯૭



**રાજેશકુમાર કે. સોની**
મંત્રીશ્રી
મો. ૯૯૭૪૦ ૩૦૫૩૫



**રશ્મીનકુમાર જે. સોની**
ખજાનચીશ્રી
મો. ૯૮૯૮૧ ૭૩૩૧૩

### કારોબારી સભ્યો

| | | | |
|---|---|---|---|
| મેહુલકુમાર એસ. સોની | (મો) ૯૮૯૮૪૦૨૮૩૨ | ધર્મેન્દ્રભાઈ બી. સોની | (મો) ૯૪૨૮૯ ૨૨૦૬૪ |
| શૈલેશકુમાર જે. સોની | (મો) ૯૮૯૮૫૦૧૧૫૪ | જયેશકુમાર યુ. સોની | (મો) ૯૪૨૬૫ ૪૧૨૧૫ |
| ગોપાલભાઈ જે. સોની | (મો) ૭૬૦૦૧ ૪૯૮૦૫ | સૂર્યકાંત એમ. સોની | (મો) ૯૬૮૭૦ ૭૫૬૩૩ |
| પ્રતિકકુમાર એચ. સોની | (મો) ૯૦૩૩૧ ૨૭૦૦૪ | | |

# શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારૂ સોની મહામંડળ



**નરેન્દ્રભાઈ એમ. સોની**
પ્રમુખશ્રી



**દિનેશકુમાર જે. સોની**
ઉપપ્રમુખશ્રી



**રાજેશકુમાર કે. સોની**
મંત્રીશ્રી



**રશ્મીનકુમાર જે. સોની**
સહમંત્રીશ્રી

### કારોબારી સભ્યો

| | | | |
|---|---|---|---|
| ઘનશ્યામ પી. સોની, મોડાસા | (મો) ૯૯૯૮૬૯૪૬૯૪ | યોગેશકુમાર એસ. સોની, ધાનેરા | (મો) ૯૪૨૬૩૩૧૪૦૨ |
| વિનોદકુમાર એમ. સોની, ડુંગરપુર | (મો) ૦૭૭૩૭૬૩૮૮૩૮ | પીયુષકુમાર એમ. સોની, મોડાસા | (મો) ૯૪૨૮૧૮૬૭૧૮ |
| જીતેન્દ્ર પી. સોની, ડેમાઈ | (મો) ૯૪૨૬૩૩૭૦૩૦ | અમીતકુમાર એ. સોની, વડાલી | (મો) ૯૪૨૮૬૮૦૮૧૫ |
| જયમીનકુમાર કે. સોની, તલોદ | (મો) ૯૪૨૭૯૪૯૭૯૫ | | |

**મારા કારણે કો'કની આંખમાં આંસુ ! મારું જીવન નિષ્ફળ છે,**
**મારા માટે કો'કની આંખમાં આંસુ ! મારું જીવન સફળ છે.**



**સ્વ. સોની મણીબેન બેચરલાલ બગ્ગા**
સ્વ. સં. ૨૦૬૯ ચૈત્ર વદ એકમ,
શુક્રવાર, તા. ૨૬-૪-૨૦૧૩





**સ્વ. સોની બેચરલાલ પ્રાગજી બગ્ગા**
સ્વ. સં. ૨૦૫૭ પોષ સુદ બારસ,
રવિવાર, તા. ૭-૧-૨૦૦૧

આપનો શીતળ સ્વભાવ કુટુંબ પ્રત્યેનો લગાવ આપની પરિવાર પ્રત્યેની પ્રીતની રીત પરિવારના સૌ આપની ચાહતથી રાહત અનુભવત્વ ઉપવન જેવું જીવન જીવી જનાર પરિવારના હિતની સ્મિતથી જીતને ગૌરવશાળી ગીતની નિત એવના કરનાર, વટવૃક્ષ જેવા માવિત્રોની ખોટ ક્યારેય પુરાશે નહીં. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

**શોકાતુર**

સોની હિંમતલાલ બેચરલાલ બગ્ગા
સોની સુરેશભાઈ બેચરલાલ બગ્ગા
સોની ભરતભાઈ બેચરલાલ બગ્ગા
સોની દિનેશભાઈ બેચરલાલ બગ્ગા
સોની સંજયભાઈ બેચરલાલ બગ્ગા
સોની શૈલેષકુમાર હિંમતલાલ બગ્ગા
સોની ભાવેશકુમાર સુરેશભાઈ બગ્ગા

અ.સૌ. તરલાબેન હિંમતલાલ બગ્ગા
અ.સૌ. શાંતાબેન સુરેશભાઈ બગ્ગા
અ.સૌ. જીજ્ઞાબેન ભરતભાઈ બગ્ગા
અ.સૌ. હંસાબેન દિનેશભાઈ બગ્ગા
અ.સૌ. જયશ્રીબેન સંજયભાઈ બગ્ગા
અ.સૌ. માયાબેન શૈલેષકુમાર બગ્ગા
અ.સૌ. શિતલબેન ભાવેશકુમાર બગ્ગા

**-: દિકરી - જમાઈ :-**

સોની દમયંતીબેન રમેશચંદ્ર પોમલ (અમદાવાદ)
સોની જયોતીબેન રમણીકલાલ કટ્ટા (નખત્રાણા)

**-: દોહિત્રા-દોહિત્રી :-**

સોની ભાવનાબેન રાજેશભાઈ કટ્ટા (ભૂજ)
સોની હર્ષદભાઈ રમેશભાઈ પોમલ (અમદાવાદ)
સોની નિલેશભાઈ રમેશભાઈ પોમલ (અમદાવાદ)
સોની જીકલભાઈ રમણીકભાઈ કટ્ટા (નખત્રાણા)
સોની દીપ્સાબેન રમણીકભાઈ કટ્ટા (નખત્રાણા)

**-: પરપૌત્રા અને પરપૌત્રી :-**

પ્રાચી - ધાર્મી શૈલેષકુમાર બગ્ગા
રાચી - જેનિલ ભાવેશકુમાર બગ્ગા

**-: પૌત્રા :-**

સોની ભૌતિક સુરેશભાઈ બગ્ગા
સોની કિશન ભરતભાઈ બગ્ગા
સોની નિહાલ દિનેશભાઈ બગ્ગા
સોની હર્ષ સંજયભાઈ બગ્ગા

**-: પૌત્રી :-**

સોની ભાવિનીબેન ભુપેન્દ્રભાઈ કટ્ટા (નખત્રાણા)
સોની રોશની દિલીપકુમાર હેડાઉ (ભુજ)
સોની દિપાલી હિરેનકુમાર બારમેડા (દહીંસરા)
સોની રશ્મી ભરતભાઈ બગ્ગા
સોની રિયંકા દિનેશભાઈ બગ્ગા
સોની પ્રિયા સંજયભાઈ બગ્ગા
સોની વૈશાલી સુરેશભાઈ બગ્ગા
સોની જાનકી દિનેશભાઈ બગ્ગા

**સમસ્ત બગ્ગા પરિવાર નખત્રાણા (કચ્છ)**

# તમારી ખુબીના માલિક બનો, ગુલામ નહીં

દાનીશ આર. સોની, મીતલ ડી. સોની-તલોદ

***આગ કો પતંગોને ખેલ સમજ રખ્ખા હૈ,***
***સબ કો અંજામ કા ડર હો યે જરૂરી તો નહીં.***

દુનિયા કોઈ નવો વિચાર આસાનીથી સ્વીકારતીય નથી. દુનીયા બનાવેલા રસ્તે ચાલતા રહેશો તો કોઈ ક્યારે પૂછશે નહીં કે તમે ક્યાં જાવ છો. કોઈ નવી કેડી કંડારવા જશો તો દુનિયા તરત જ સવાલ કરશે કે આ તું શું કરે છે ? કેટલાક લોકો વિરોધ પણ કરશે કે તું જે કરે છે એ બરાબર નથી. આખી દુનિયામાં એવી કેટલીક પરંપરાઓ રીતિ-રિવાજો માન્યતાઓ અને ધારણાઓ છે જે યુગોથી એમની એમ ચાલી આવે છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે એને પડકારવાની કોઈ હિંમત નથી કરતું. દુનિયા એક જ નિયમમાં માને છે કે બધુ જેમ ચાલતું હોય તેમ ચાલવા દો. આપણા મનમાં ફરિયાદ હોય છે પણ આપણે સવાલ કરતા નથી. સવાલ કરતા પહેલા તમારી પાસે જવાબ હોવો જોઈએ. એ જવાબ સાચો પણ હોઈ શકે અથવા ખોટો પણ હોઈ શકે. મહત્વ સાચા કે ખોટાનું નથી. મહત્વ એનું હોય છે કે તમારી પાસે જવાબ છે એ જવાબ તમારો પોતાનો છે. કેટલાક લોકો પોતાના જવાબને ચકાસે છે. આપણને બધાને જે જવાબો છે એ સ્વીકારી લેવાની આદત પાડી દેવામાં આવી હોય છે.

ઘણી બધી બાબતો એવી હોય છે જેના વિશે આપણે એવુ માનતા હોઈએ છીએ કે આ બરાબર નથી. શું હોવું જોઈએ એનો અંદાજ આપણી પાસે હોય છે. પણ આપણે બોલતા નથી. ઘરમાં કે ઓફિસમાં જ્યારે કોઈ ચર્ચા થતી હોય ત્યારે પણ આપણે આપણી માન્યતા અને વિચારોને દબાવી રાખીએ છીએ. મારી વાત કોઈ સ્વીકારશે નહિં અથવા તો મને મુરખ કે નાસમજ માનશે એવું ઘણા માને છે. પણ એવું હોતું નથી. જ્યાં સુધી તમે ચુપ રહો છો ત્યાં સુધી તમે ટોળામાંના જ એક છો. દરેક માણસમાં એક લીડર જીવતો હોય છે. છતાં દરેક માણસ લીડર બની શકતો નથી. એનુ કારણ એ જ હોય છે કે માણસ પોતાનામાં રહેલા લીડરને સૌથી પહેલા મારી નાખતો હોય છે એના કારણે જ દુનિયામાં ફોલોઅર્સ, અનુયાયીઓ, શિષ્યો અને ગુલામોની સંખ્યા વધતી જાય છે.

દરેક માણસમાં એકાદ તો એવી ખુબી હોય જ છે જે બીજા બધા કરતાં જુદી હોય. દરેકનું પોતાનું વજુદ છે. આપણે આપણી ખુબીને બહાર ન લાવીએ તો આપણામાં શું છે એ કોઈને ક્યારેય ખબર પડવાની નથી. આપણે એવું ધારી લેતા હોઈએ છીએ કે કોઈ કંઈ નહીં થવા દે આપણી મહેનત પાણીમાં જશે. બે મિત્રો હતા એક મિત્રએ કહ્યું કે આપણા સમાજમાં આ એક બદી છે. એને મારે નાબુદ કરવી છે. બીજા મિત્રએ કહ્યું કે રહેવા દે કોઈ તારી વાત નહીં માને. પેલા મિત્રએ કહ્યું કે હા પણ હું તો પહેલા મારી વાત માનું. તું માને છે કે મારી વાત સાચી છે જો આપણે બે માનશું તો જ આવતી કાલે આખી દુનિયા માનશે. હું જ માની લઉં કે કોઈ નહીં માને તો પછી કોઈ કેવી રીતે માનવાનું છે. કંઈ ન કરવા કરતા કંઈક કરવાનો પ્રયત્ન વધુ ઉત્તમ છે. બહુ બહુ તો શું થશે. મારે જે બદી દુર કરવી છે એ નહીં થાય પણ એ તો અત્યારે પણ એટલીસ્ટ મને તો એવું થશે કે મેં પ્રયત્ન કર્યો. કમસે કમ લોકોને એટલું તો થશે કે આપણા સમાજમાં બદી છે.

સફળ થવાનો એક માર્ગ એ છે કે બધા કહે એ માની ન લો. બધુ જ સ્વીકારી ન લો. શંકા જાગે ત્યાં સવાલ કરો અને સવાલના જવાબ શોધો. દુનિયા એ નવું વિચારનારને પાગલ જ કહ્યા છે પણ આવા પાગલો જ પછી ડાહ્યા સાબિત થતા હોય છે. દુનિયાનો નિયમ છે કે પહેલીવાર તમે કોઈ નવો વિચાર આપશો તો દુનિયા હસી કાઢશે, તમે તમારા પ્રયત્ન ચાલુ રાખશો તો પછી એવું કહેશે કે ભલે મહેનત કરે પણ સફળ થવાનો નથી, જેવા તમે સફળ થશો તો આખી દુનિયા તમને સ્વીકારવા લાગશે. તમારી વાત અને તમારી જાત પર તમને ભરોસો હોવો જોઈએ. તમારી વાતને વળગી રહો. બધા જેવા થવું બહું જ સરળ છે પણ પોતાના જેવુ થવું બધાના નસીબમાં નથી હોતું. દરેક માણસ પોતાની યુનિકનેસ સાબિત કરી શકતો નથી એટલે જ સામાન્ય લોકોની કાયમ બહુમતી રહે છે. ગમે તેવા ગંભીર સંજોગોમાં પણ તમારા વિચારને દૃઢતા પૂર્વક વળગી રહો.

માણસ પાસે બે જ રસ્તા હોય છે કશુંક જુદું જ કરો અથવા શરણે થઈ જાવ.

## દશાબ્દી વર્ષ માટે લોગો ડીઝાઈન સ્પર્ધા

'જ્ઞાતિસેતુ' ના દશમાં વર્ષની ઉજવણી માટે વિશેષ લોગો તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સમાજના ડીઝાઈનરો, આર્ટીસ્ટો અને વાચકોને દશાબ્દી વર્ષ ઉજવણીનો વિશિષ્ટ લોગો ડિઝાઈન કરવા 'સેતુ' આમંત્રણ પાઠવે છે. આપ આપની ડિઝાઈન જ્ઞાતિ સેતુના નિમ્નલીખિત સરનામે તા. ૩૧-૮-૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા વિનંતી. પસંદગી પામેલ લોગોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે. – વ્યવસ્થાપક સમિતિ

**ડીઝાઈન મોકલવાનું સરનામું : અતુલ સોની**
ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ઈ-મેલ : soniatulkumar@yahoo.com

# વિવેકનું વજૂદ

સોની નરેન્દ્રભાઈ મગનલાલ - ગાંધીનગર

આપણે ઘણીવાર કોઈ વડીલ, ગુરૂજન કે પરમાત્માને પ્રણામ એટલે કે નમસ્કાર કરીએ છીએ. આ નમસ્કારનો મતલબ શો ? તો નમસ્કાર... એટલે હું માનું છું કે સામે અવારનવાર વ્યક્તિનો તેના ગુણ-દોષ સાથે નમ્રતાપૂર્વક આવકાર. સફળતા અપાવી શકે અને તેની નાનકડી એક વાત કરવી છે.

એકવાર ન્યૂયોર્ક શહેરની બહાર હાઈવે પરની નાનકડી મોટેલ પાસે એક પરિવાર આવ્યું. રાતનો સમય હતો વરસતો વરસાદ હતો. હોટલની નાઈટ ડ્યુટીમાં મિ. જ્યોર્જ રીસેપ્શનીસ્ટ ડ્યુટી પર હતા. તેને ફેમીલીના યુવાને વિનંતી કરી કે અમારે ફક્ત રાતવાસો કરવા, એક મારા માતા-પિતા માટે તથા એક મારા પરિવાર માટે એમ બે રૂમ જોઈએ છે.

જ્યોર્જ કહ્યું, 'સોરી, રૂમ ખાલી નથી. આપ બીજે તપાસ કરો.' ત્યારે પરિવારના વડીલે કહ્યું કે અમે ઘણા દૂરથી આવીએ છીએ. આજુબાજુ બધે જ તપાસ કરવામાં જ રાત પડી ગઈ છે. પરંતુ ક્યાંય રૂમ નથી. ખેર.. ચાલો, આપણે બીજે જઈએ, 'એમ કહી મોટેલ બહાર નીકળ્યા. ત્યાં પાછળથી જ્યોર્જે અવાજ કર્યો' સર, પ્લીઝ વેઈટ, આપ અમારે ત્યાં આશા લઈને આવ્યા છો. વળી બહાર વાતાવરણ પણ મુસાફરી માટે અનુકુળ નથી. તેથી જો આપને અનુકુળ હોય તો ઓફ ડ્યુટીમાં રહેવા માટે મને એક રૂમ મળી છે. ફેસીલીટી ઓછી છે. પરંતુ આપ સૌ રાતવાસો કરી શકશો. મારી ડ્યુટી રાતના ૮ થી સવારના ૮ સુધી છે. જેથી મારે રૂમની જરૂર નથી. આપને કોઈ પણ ચાર્જ નહી લાગે.

પેલા ફેમીલીએ રાતે આરામ કર્યો. સવારના જ્યોર્જે હળવો નાસ્તો કરાવ્યો. જતાં જતાં ફેમીલીના વડાએ થોડી રકમ આપવાની ઓફર કરી. જ્યોર્જે તેનો સાભાર ઈન્કાર કર્યો. વડાએ કહ્યું, હું આ વાત યાદ રાખીશ. 'આભાર'.

જ્યોર્જે રૂટીન સમજી આ વાતને ભૂલી ગયો. ત્રણ વર્ષ બાદ જ્યોર્જને એક મોટા શહેરની ભવ્ય હોટલના ઉદ્દ્ઘાટનનું આમંત્રણ કાર્ડ મળ્યું. એના નિમંત્રક હતા પેલા પરિવાર ગેસ્ટ કસ્ટમર હતા. જ્યોર્જ ત્યાં ગયો. તેનું સારું સ્વાગત થયું. હોટલ જોઈ તેને અચંબો થયો. પરંતુ તેને આશ્ચર્ય ત્યારે થયું જ્યારે નિમંત્રક વડીલે સૌ મહેમાનોને કહ્યું, આ મિ. જ્યોર્જ. આજથી મારી આ હોટલના નવા મેનેજર છે. સર્વે સર્વા છે. તેઓએ જ્યોર્જને કહ્યું કે આજથી આ હોટલ તમારે સંભાળવાની છે. તમે ઈચ્છો તે પગાર અને શરતે. તમારા વિવેકપૂર્ણ વ્યવહારનું આ વળતર અને સમય પારખી અને ગ્રાહકની સેવા કરવાની તત્પરતા શાલીનતાનો આ શિરપાવ છે.

આપે તે દિવસે મેં ઓફર કરેલી તે રકમ લીધી હોત હોત તો કદાચ આજે આપને યાદ કર્યો ન હતો.

મિત્રો, Courtesy costs nothing but gives more and unbelivable every thing. વિવેકનું વજૂદ વર્તાતું નથી. પરંતુ એનું વજન અકલ્પ હોઈ શકે છે.

આપ સૌનું જીવન સુખ, સમૃદ્ધ, શિક્ષિત, શાંતિ, સ્વાસ્થ્યમય અને સેવામય રહે. મારા કાર્યભારને બે વર્ષ બાકી છે. ત્યારે મંડળના મહામાર્ગ દ્વારા સર્વાંગી વિકાસના ઉચ્ચ શિખર પર શ્રી સાબરકાંઠા કચ્છ મારૂં કંસારા સોની સમાજને બિરાજમાન કરવાના શ્રેષ્ઠ પ્રયાસો માટે આપના હૃદયતાપૂર્વક સહકાર સાથે પ્રભુ મને સક્ષણ અને નિમિત્ત બનાવે એજ આપ સૌના હૃદયકમળમાં બિરાજમાન શ્રી પ્રભુને પ્રાર્થના.

શુભેચ્છા સહ....

ફોન નં. (૦૨૮૩૨) ૨૨૨૪૬૫

હરીલાલ

ઝવેરલાલ સોની

સ્ટેનસ્ટીલ તથા તાંબા પિત્તળના વાસણના વહેપારી

કંસારા બજાર, ભુજ

# આધાર

સ્મિતા હરિલાલ વીશાપરમાર-અંજાર

મહિલા સશક્તિકરણ વિશેષાંક ખૂબ જ સરસ રહ્યો. આપણા સમાજની બહેનોની શક્તિઓ ખૂબીઓનો પરિચય થયો. આભાર.

આ અંકમાં ધ્યાન ખેંચવા જેવી બાબત એ છે કે, આપણા સમાજમાં કેટલીક વડીલ બહેનો, માતાઓ જે એકલવાઈ જીંદગી જીવે છે. એના માટેનું !!

આ બધી બહેનોને જે રીતે એકલા જીવન પસાર કરે છે એ હિંમતભર્યું કામ છે. પાછળની જીંદગી આમ એકલા કાપવાની આવે એ અવસ્થા ખૂબ જ દયનીય છે. જો કે આપણી બહેનો ખૂબ સ્વસ્થતાથી અને ધીરજથી આવું એકલવાયું જીવન વિતાવે છે એ ધન્ય તો છે જ...

પણ, આ માટે એક વિચાર એ થાય છે કે, આપણો સમાજ આપણી આવી બહેનો કે વડીલ એકલવાયા વ્યક્તિઓ માટે એવી આધાર સંસ્થા સ્થાપે કે જેમાં તેઓ એક જ છત્રછાયામાં કુટુંબીઓની જેમ નિવૃત્તિકાળ વિતાવી શકે. આ એવી સંસ્થા કે જ્યાં વિધવિધ પ્રવૃત્તિઓ થઈ શકે અને એકલતા ટળી જાય.

આવી સંસ્થા જો ઊભી કરીએ તો ઘણી પ્રવૃત્તિઓથી સભર કાર્યક્રમોથી આપણી આ વડીલ વ્યક્તિઓનું પાછળનું જીવન ખૂબ આનંદમય પસાર થઈ શકે સાથે સાથે એમના અનુભવોનો નિચોડ આપણા સંતાનો લઈ શકે એ રીતની પ્રવૃત્તિઓ થઈ શકે અને આ વડીલોની આવડત અનુભવોનો આપણને અને સંતાનોને લાભ મળી શકે.

આ બહેનો, એમનું બાકીનું જીવન શાંતિથી, સહજતાથી ભય-ભાર વગર પસાક કરી શકે એ જ આ વિચારનો સાર છે. એમનું આવું એકલવાયાપણું ટળશે તો સમાજને એમના મૂક આશીર્વાદ પણ મળશે.

વળી, આ બહેનો કે વડીલોને કદાચ આર્થિક સહાયની જરૂર હોય પણ સમાજ પાસે હાથ લંબાવવો ન ગમે તો એમની આ વ્યવસ્થા પણ આમાં સચવાઈ જાય.

મોટા શહેરોમાં તો હવે દોડધામથી કંટાળીને સમવયસ્ક લોકો આવી સંસ્થાઓ ઊભી કરીને માનસિક શાંતિ મેળવતા હોય છે અને સમવયસ્કો સાથે મૈત્રીપૂર્ણ જીવન વિતાવતા હોય છે. એકબીજા સાથે વિચારોની આપલે કરતા હોય છે એ એજ્યુકેશનલ કે આધ્યાત્મિક કે બીજા કોઈ પણ સ્તરે ચર્ચાઓ પ્રવૃત્તિઓ કરીને જીવન વિતાવતા હોય છે.

તો આપણી પણ આપણા વડીલ વ્યક્તિઓના આધાર બનીએ અને વડીલોના આશીર્વાદ મેળવીએ. એવું મારું મંતવ્ય છે આ જ સાચી 'વડીલ વંદના' છે.

જ્ઞાતિના વડીલો અને મહામંડળ આ વિચાર પર મનન કરે અને ઘટતું કરે એવી અભ્યર્થના.

> સુશ્રી સ્મિતાબેનનો આ પત્ર ખરેખર તો પ્રતિભાવરૂપે મળ્યો છે. પરંતુ એમાં વ્યક્ત થયેલો વિચાર વિચારમંચમાં મૂકવા યોગ્ય છે. સ્મિતાબેનની વાત ખરી છે. એકલ વડીલ (નર ખાસ કરીને નારી)ને જૈફ વયે, માયાળુ હુંફની જરૂર હોય છે. આપણા સમાજના મહિલા મંડળો અને યુવા મંડળોનું પ્રથમ કર્તવ્ય આવી વ્યક્તિઓની 'ખોજ' અને 'ખબર' મેળવવાની છે.
>
> ગામવાર આ માહિતી એકત્ર કરી એમનામાંની જરૂરતમંદ વ્યક્તિઓની પ્રાથમિકતા આધારીત સૂચિ તૈયાર કરવી જોઈએ. આ વ્યક્તિઓની વ્યક્તિગત આવશ્યકતાઓ પણ અલગ અલગ હોઈ શકે છે. કોઈને અવારનવાર ડોક્ટર પાસે જવાનું હોય છે, તો કોઈને ઘરના રોજબરોજના અન્ય કામો માટે સપોર્ટની જરૂર હોય છે. આમાંની થોડી વ્યક્તિઓને કદાચ આર્થિક મદદની પણ આવશ્યકતા હોય. આ પ્રકારની વિગતો તૈયાર થયે જ્ઞાતિ ઘટક વડીલો, શ્રેષ્ઠીઓને પ્રસ્તુત કરી નાના પાયે કાર્યક્રમ ઘડી તેનો અમલ કરવો જોઈએ. સુજ્ઞ યુવા-યુવતિઓએ આ પડકાર ઝીલવા આગળ આવવું જોઈએ. તેવી સેતુ પરિવારની નમ્ર અપીલ છે — મુખ્યતંત્રી

---

**અનુસંધાન પાના નં. ૯ પરથી ચાલુ**

રીતે કામ કરે છે તેને માટે નાણાં ભંડોળ કેવી રીતે એકત્રીત કરે છે. તે સમજવાની - જાણવાની સૌએ જરૂર છે. સમાજના કાર્યો માટે કાર્યકરો ફક્ત સુખી - સમૃદ્ધ વ્યક્તિઓ તરફથી ફંડ - ફાળાની અપેક્ષા રાખે છે. તો આપણું શું ! આપણે કેમ બાકાત ? એવું આપણને થવું જોઈએ. આ માટે કાર્યકરો આપણી પાસે આવે, ફંડ-ફાળા માટે વિનંતી કરે તો આપણે કંઈક આપીએ. પછી તે ઉઘરાણી કરવા આવે ત્યારે તેમને કંઈક સંભળાવીએ, આવી મનોવૃત્તિ પણ સમાજને નુકશાનકર્તા છે. આપણે આપણાથી શક્ય 'ફુલ નહી તો ફુલની પાંખડી' ગણી જે ઈચ્છા થાય તે સામેથી જમા કરાવીએ દર વર્ષે સભ્ય બનીને અને પારદર્શક વહીવટ થાય તેની કાળજી રાખીએ. ધનથી મદદ થઈ શકે તેમ ન હોય તો તન થી અને તે પણ ન થઈ શકે તો મનથી સમાજના સારા કાર્યોમાં સામેલ થઈ પ્રેરણાદાયક ઉદાહરણ પુરુ પાડીએ તો કાર્યકરોમાં ઉત્સાહ વધે.

મહિલા સશક્તિકરણ

# એકલ નારી તું ન હારી

**સંકલીત**

ગત અંકના અનુસંધાને મળેલા પ્રોત્સાહક પ્રતિભાવો ઉપરાંત કેટલીક વધુ મહિલાઓની વિગતો મળી છે. જે આ અંકમાં સમાવિષ્ટ છે. હજુ પણ જો બીજા કોઈ સ્થળેથી આવું એકલવાયું જીવન વ્યતિત કરતી મહિલાઓની વિગતો મળશે તો તે સાભાર પ્રકાશિત થશે. **– મુખ્યતંત્રી**

## જમુબેન (જમુનાબેન કેશવલાલ બારમેડા) (ઉ.વ. ૯૦)



જમુનાબેન કેટલાય વર્ષથી એકલવાયુ જીવન જીવે છે. એમના જમાનામાં દીકરીઓને ભણાવતા નહીં પણ તેઓએ ધો. ૭ સુધી અભ્યાસ કર્યો. વ્યવસાયે શિક્ષક થયા. ખોજા કન્યાશાળામાં ભણાવતા ૬૦ કોરી પગાર મળતો. આપણી જ્ઞાતિના ૩૫ વિદ્યાર્થીઓ તેમની પાસે ભણ્યા. ઈંદરજી ભાઈએ રૂમ આપ્યો તેમાં ટ્યુશન કરાવતા. શાળાંત પાસ કરી માનકુવા પ્રા. શાળામાં નોકરી મળી ગઈ. ત્યારથી જીવનનું ગાડુ ચલાવી રહ્યા છે. છ દિકરીઓને પરણાવી સાસરે મોકલી પતિના અવસાન થયા પછી સમય સંજોગ પ્રમાણે તેઓ જીંદગી જીવી રહ્યા છે. અત્યારે પેન્શન મળે છે ને ગુજરાન વ્યવસ્થિત ચાલે છે.

હવે ૯૦ વર્ષની ઉંમર પ્રમાણે રહે છે બને એટલું પ્રભુ સ્મરણ કરે છે. એમને ગૌરવ છે કે ઈશ્વરે કંસારા સોની જ્ઞાતિમાં જન્મ આપ્યો છે એ એને પોતાના અહોભાગ્ય સમજે છે.

જ્ઞાતિમાં પોતાના જન્મને અહોભાગ્ય માનનારા જમુબેનને જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી સ્વસ્થ, આનંદી અને સુદીર્ઘ જીવન માટે ખૂબ ખૂબ શુભેચ્છા...

**લી. શિતલબેન અરૂણભાઈ બુદ્ધભટ્ટી**

## નર્બદાબેન અમૃતલાલ છત્રાળા-ભુજ (ઉ.વ. ૬૧)



નર્બદાબેન પતિના અવસાન પછી ત્રણેક વર્ષથી એકલવાયુ જીવન વ્યતિત કરે છે. દીકરો છે એના છૂટાછેડા થઈ ગયા છે અને કાકા સાથે રહે છે. ક્યારેક આવે પગાર સાવ ઓછો છે. સંસ્થાએ ભૂકંપ પછી બંધાવી આપેલ મકાનમાં લાખોદ પાસે આશાપુરા કોલોનીમાં રહે છે. પોતાનું ગુજરાન ચલાવવા નર્બદાબેન સખત મહેનત કરે છે. મીરઝાપરથી કોઈ સગાસંબંધીની દુકાનેથી ચણિયા, બ્લાઉઝ, સાડી, ચિલ્ડ્રન વેરના કાપડ લાવી વેચે છે અને ખૂબ જ કસકસર કરે ત્યારે બે ટંકના રોટલા ભેળા થાય છે. તેમના પતિ જનરેટર બનાવતા અને રીપેરીંગ કરતા ત્યારે ચિંતા ન'તી. પણ માંદા પડ્યા ત્યારે નાતમાંથી ૫૦૦/- લાવી ઘર ચલાવતા. અવસાન પછી નથી લેતા પોતે મહેનત કરી રોટલો રળે છે. તેઓ કહે છે અત્યારે તો હાથ પગ ચાલે છે પણ પછીની ચિંતા છે. તબિયત એકંદરે સારી રહે સાજે માંદે છોકરો પૂછા કરે દવા લઈ આવે એટલો આશરો છે. તેઓ પાસે એક રૂમ છે તેઓ કહે છે કે કોઈ સંસ્થા બીજો રૂમ બાંધી આપે તો દીકરાને પરણાવી પાસે રાખું. બીજું કોઈ જો ૧૦,૦૦૦/- આપે તો રેડીમેડ કપડાનો ધંધો પોતા પર કરવો છે. જેથી વધુ વળતર મળે. પોતે નવ ધોરણ ભણેલા છે અને સાંભળી નથી શકતા. તેઓએ હજી કોઈ સગા પાસે ૧૦,૦૦૦/- માગી નથી જોયા કેમકે કોઈ માલદાર નથી. બધા ટૂંકા પગારની નોકરીવાળા છે. સમાજ પાસેથી અપેક્ષા એક રૂમની અને ધંધા માટે પૈસાની જરૂર છે આ પણ ન થઈ શકે તો રાશન કોઈ ભરાવી આપે તો પણ રાહત થશે. નિખાલસ, શાંત અને આપબળે કમાઈ જીવન જીવતા નર્બદાબેનને જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી દીર્ઘાયુ અન ખુમારીભર્યું જીવન જીવવા ખૂબ ખૂબ શુભેચ્છા...

## જનકબેન ત્રિકમદાસ બુદ્ધભટ્ટી (ઉ.વ. ૬૦)



જનકબેન અઢાર વર્ષથી એકલા રહે છે. પતિના અવસાનને ૩૦ વર્ષ થયા ત્યારે દીકરી ચાર વર્ષની હતી. દિકરા-દિકરીને પરણાવ્યા હવે એકલા રહે છે. આત્મબળથી તેઓ જીવનનું ગાડું સુપેરે હાંકી રહ્યા છે. જીવન જીવવાનું બળ કહો એમનું કામ છે. સતત પ્રવૃત્તિશીલ રહે છે. એકંદરે તબિયત સારી રહે છે. ડાયાબીટીસના કારણે પગનો દુ:ખાવો રહે પણ નિયમિત દવા અને પરેજીપાળી તંદુરસ્ત રહેવાના પ્રયત્નો કરે છે. નાની ઉંમરે જ એકલા ઘર સંભાળવવાની જવાબદારી નિભાવવા જાત મહેનત કરતા પારકા કામ કરતા. લગ્નપ્રસંગ કે મોટા રસોડે મૂલીનું કામ કરતા. શવો રસોઈયો (શીવજીભાઈ) અને મૂળીમાંએ (ભુજના ફેમસ ભીખા મમરાવાળાની માતા) તેમને પ્રેરણા આપી કે મૂલમાં કંઈ ન વળે રસોઈ શીખો અને મૂળીમાંએ તેમને વઘાર લગાવતા રસોઈ કરતા શીખવ્યું. તે દિ'ને આજની ઘડી તેઓ રસોડા (કેટરીંગ)નું કામ કરે છે. ૩૫ માણસોનું રસોડું સહજતાથી સંભાળે છે. માતાના મઢના પદ યાત્રિકો માટે પુંઅરેશ્વરમાં ૧૬ વર્ષથી રસોડું સંભાળ્યું જેમાં દર વર્ષે હજારો પદયાત્રિયો પ્રસાદ લેતા અને આ રસોડામાં તેઓએ નિ:શુલ્ક સેવાઓ આપી પદયાત્રિયોના આશિષનું ભાથું બાંધ્યું. સન ૨૦૦૯માં ભુજમાં

સતી માતાજી પાટોત્સવ વખતે ભુજની નાતનું રસોડું સંભાળ્યું હતું. આ કાર્ય સેવા રૂપે જ કરેલ. જનક બેન કહે છે કે ઈશ્વર ઈજ્જતથી જીવવા દે, જાન સાજી રાખે, દુનિયાના કામ કરું અને પારકું ખાવા ન આપે. ઈમાનદારીને પોતાની મુડી ગણે છે. ૫ કિલો ચાંદીનો છેલો મૂળ માલિકને ગોતી પરત આપ્યો હતો. તેઓ કહે છે કે ઈમાનદારી માનવતાનો સથવારો રાખવો. જરૂરિયાતમંદને મજુરી વગર રસોડું કરી આપવું. બીજી બહેનોને પણ તૈયાર કરી છે. જેથી તેઓ પગભર થઈ શકે.

સમાજ પાસે કોઈ અપેક્ષા નથી. સમાજને પોતાની પહોંચ મુજબ ડોનેશન આપે. કેટરીંગના કામથી સંપૂર્ણ સંતુષ્ટ છે. સાજે માંદે દીકરી જમાઈ પૃછા કરે દવા લઈ આપે પોતાને ઘેર લઈ જાય એટલે મન ભર્યું લાગે. એકલતાનો ઉપાય પણ કામ છે. આમ સાવજ સાદુ, ઉમદા, મહેનતું પરગજુ, જીવન ગૌરવભેર પસાર કરતા. જનકબેનને જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ. જનકબેનનું જીવન સ્વાસ્થ્ય, સુદીર્ઘ, આનંદમય, પ્રવૃત્તિમય અને સુખમય વિતે એવી શુભકામનાઓ...

## અજમાવવા જેવું

**રસોઈ માટે :**

- ઈડલીની ચટણીમાં ખટાશ લાવવા સહેજ આમલી નાખવી.
- ઈડલીને નરમ બનાવવા માટે ચોખાની સાથે એક મુઠ્ઠી પલાળેલા પૌંઆ નાખીને ખીરું વાટવું.
- દૂધને જલ્દી ઘટ્ટ કરવા દૂધનો પ્રમાણ કરતા બે ગણું ક્રીમ ઉમેરી ઉકાળવું.
- પાણીમાં એક ચમચો સાકર નાખી વટાણા ઉકાળીને શાકમાં ઉપયોગ કરવાથી ચીમળાઈ નહી જાય.
- રગડા પેટીસની પેટીસને તવા પર શેકતા પહેલા તવા પર તેલ લગાડવું. તેમજ પેટીસ તવા પર મૂકવાથી પહેલા પેટીસ તેલમાં બોળવી અને શેકતી વખતે જરૂર પડતું તેલ નાખવાથી પેટીસ ક્રીસ્પી બને છે. ઠંડી પણ સારી લાગે છે. બટાકામાં માવામાં આરાલોટ નાખવો.
- દહીંવડાના વડા ફક્ત તળેલા જ રહેવા દઈ તેના પર બારીક સુધારેલા કાંદા, ટામેટા, લીલા મરચા, કોથમીર વગેરે છાંટી તીખી-મીઠ્ઠી ચટણી સાથે ટેસ્ટી લાગે છે.

**જનરલ ટીપ્સ (સફાઈ માટે)**

- મારબલ પરથી ડાઘા દૂર કરવા બોરોક્સ પાવડરમાં પાણી ભેળવી સાફ કરવું.
- રસોડાની બારી તથા દરવાજાના કાચ ગંદા હોય તો જૂના અખબારને ગરમ પાણીમાં ડુબાડી લૂછવાથી ચકચકિત થાય છે.
- ચોમાસામાં દરવાજાના આલ્ડ્રાફ પર કાટ લાગી જાય છે તેના પર સીંગતેલ અથવા કોઈપણ તેલના બે ટીપા લગાવી દેતાં આલ્ડ્રાફ આસાનીથી ખુલી શકે છે.
- લાકડાના બારી-દરવાજા પર મીણ ઘસી નાંખવાથી દરવાજાનું લાકડું ફૂલશે કે સંકોચાશે નહીં.
- ચાના ડાઘ કપડા પરથી કાઢવા માટે તેના પર લીંબુના ટીપા નાખી ઘસી નાખવું ત્યાર બાદ ધોઈ નાખવા.

**– રોહીણી બી. બુદ્ધભટ્ટી-ભુજ**

## શ્રદ્ધાંજલી



**વાલજીભાઈ ખેતશી ગુજરાતી સ્વ. તા. ૨૫-૬-૨૦૧૩ (૮૩ વર્ષ)**

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે. અમારા શ્વાસમાં, સદૈવ તમે નથી એ સચ્ચાઈ છે, પણ આ અસ્તિત્વમાં તમે છો અને રહેશો એ વિશ્વાસ છે, માત્ર જેની યાદથી પણ પ્રેમ અને હુંફનો ભાસ થાય તેવો આપનો આત્મા ચિરઃ શાંતિ પામે અને આપના આશિર્વાદથી અમીવર્ષા અમારા પર વરસતી રહે એજ અભિલાષા.

સદ્‌ગત શ્રીએ એમની જીવન વાટે નિમ્ન સામાજિક જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

- ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિમાં પ્રમુખ તરીકે સેવા આપેલ.
- કચ્છ ટેક્ષ કન્સલ્ટન્ટ તરીકે એસોશીએશન પ્રમુખ તરીકે સેવા આપેલ હતી.
- જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ, ભુજના ટ્રસ્ટી તરીકે સેવા આપેલ.
- ભુજ ઈગ્લીંસ સ્કુલના સભ્ય તરીકે સેવા આપેલ.
- માનકુવા કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કુલમાં મંત્રી તરીકે સેવા આપેલ. (પાયાના પ્રણેતા)
- હરજી લાલજી લીંબાણી હોસ્પીટલ, માનકુવા મંત્રી તરીકે સેવા આપેલ. (પાયાના પ્રણેતા)

**માનકુવાવાળા સ્વ. સોની ખેતશી પરિવાર**

મો. ૯૪૨૬૩૬૫૬૯૫



# હરી ૐ કેટરર્સ

**ભોજન સમારંભના જુના અને જાણીતા કોન્ટ્રાક્ટર**

લક્ષ્મી ઓટો સર્વિસ સેન્ટર, મોડાસા રોડ, તલોદ.

**પ્રો. લક્ષ્મણરાજ રાજપુરોહિત**



મો. ૯૭૧૨૨૦૨૧૦૫



# શ્રી કૃષ્ણ જવેલર્સ

**પ્રો. સોની આશિષકુમાર કાનજીભાઈ**

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

દુ.નં.૪, પાવન એપાર્ટમેન્ટ, મોહનનગર સોસાયટીની સામે,

બેઠક પાછળ, નરોડા-અમદાવાદ.

# દુનિયાનો છેડો ઘર !!!

**મીતા નીતિન સોલંકી**

નમસ્કાર દોસ્તો ! જીવનને સમૃદ્ધ, સુખી અને પ્રગતિશીલ બનાવવું એ દરેક મનુષ્યની ચાહતો હોય જ છે. પરંતુ તેનો રાહ ક્યો છે એ નથી સમજાતું ! ગયા મહિને એક મારી પસંદગીન વિષય 'વાસ્તુશાસ્ત્ર' ને લગતા પ્રોગ્રામમાં આમંત્રણ મળતા જવાનું થયું. આનાથી અગાઉ પણ વાંચન, અભ્યાસ, વિવિધ વાસ્તુ નિષ્ણાંતના ટીવી. પ્રોગ્રામ વગેરેમાંથી 'વાસ્તુ'ને લગતા જ્ઞાનનો ભંડાર વિસ્તાર પામ્યો છે તેના નિચોડરૂપે જે પરિણામ મારા મનમાં સ્પષ્ટ થયું છે તે મારા સુજ્ઞ વાચકો સમક્ષ પ્રસ્તુત કરતા ખુશી થાય છે.

માર્કેટીંગના આ જમાનામાં ચાઈનીઝ વસ્તુઓથી ભરેલી ભારતની બજારોમાં 'ફેંગશુઈ' ના નામે અનેક વસ્તુનો ખડકલો થયો છે, જે ભારતીય ભોળા લોકોની નબળી નસનો ઉપયોગ કરી વસ્તુ વેચવા માટે વિવિધ પેતરા કરી અને લોકોને આડે રસ્તે ધ્યાન દોર્યુ છે.

અનેક સંશોધનો અને વ્યક્તિગત તેમજ અનુભવો વડે આપણા ઋષિમુનિઓએ ઉત્તમશાસ્ત્ર એવા 'વાસ્તુશાસ્ત્ર'ની શોધ મનુષ્યજીવનને સમૃદ્ધ અને સુખી બનાવવા માટે કરી છે. જે સંપૂર્ણ વિજ્ઞાન આધારીત છે.

સમગ્ર સૃષ્ટિ પાંચ તત્વ વડે જ બની છે. પૃથ્વીમાં હવા, પાણી, અગ્નિ, માટી અને વાયુના તત્વોનું સંમિશ્રણ છે. અને આપણું શરીર પણ આજ પાંચ તત્વોનું બનેલું છે. મુખ્ય દિશા પણ પાંચ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને આકાશ. વાસ્તુશાસ્ત્ર આ મુખ્ય દિશા ઉપરાંત બીજી ચાર દિશા પણ બતાવે છે. વાયવ્ય, ઈશાન, અગ્નિ, નૈઋત્ય. દરેક દિશાની ચોક્કસ અસર છે. કોઈપણ મકાન તથા જ્યોતિષ શાસ્ત્રનો સમન્વય કરી તેમનું માર્ગદર્શન મેળવવામાં આવે તો ચોક્કસ સારા પરિણામો મળે એવું મારું માનવું છે.

વાસ્તુશાસ્ત્રમાં દરેક જરૂરિયાતોનું ચોક્કસ સ્થાન આપેલું છે. નિષ્ણાંતોના મત મુજબ ૧૦૦% વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ભવનનું નિર્માણ સંભવ નથી. છતા મુખ્ય બાબતોનું ધ્યાન રાખવાથી સારા પરિણામ મળી શકે છે. આનો મતલબ એવો ક્યારેય ન કરવો કે જે તે જગ્યાનું બાંધકામ તોડીફોડીને નવું બનાવવું. સમજ્યા વગર પરવડતો ન હોય તેવો ખર્ચ કરી બેસવો. આપણા શાસ્ત્રો દરેક વસ્તુનો મધ્યમ માર્ગ પણ બતાવવામાં આવ્યો છે. એક ચાર્ટ બતાવેલ છે જે મારી વાત સમજવામાં અનુકૂળ પડશે.

| | | |
|---|---|---|
| **વાયવ્ય**<br>સ્ટોરરૂમ, ગેસ્ટરૂમ, રસોઈઘર, બાથરૂમ પાર્કિંગ | **ઉત્તર**<br>દીવાનખંડ, કુબેરનું સ્થાન, બારણું ખુલ્લી જગ્યા | **ઈશાન**<br>બોરવેલ, પાણીની અંડર ગ્રાઉન્ડ ટાંકી મંદિર (પૂજારૂમ) |
| **પશ્ચિમ**<br>ભોજન કક્ષ, ઉપર અગાસીની પાણીની ટાંકી, બાથરૂમ | **બ્રહ્મ સ્થાન**<br>ખાલી અને ખુલ્લી જગ્યા | **પૂર્વ**<br>દીવાનખંડ, સ્ટડીરૂમ, ભોજન કક્ષ |
| **નૈઋત્ય**<br>માસ્ટર બેડરૂમ, તિજોરી, દાદરો, સીડી, અગાસીની ટાંકી | **દક્ષિણ**<br>બેડરૂમ, દાદરો, સ્ટોર રૂમ | **અગ્નિ**<br>રસોઈઘર, ભંડાર રૂમ, ઈલેક્ટ્રીકલ ઉપકરણો, મીટર |

ચાર્ટમાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે ઈશાનમાં પાણીની ટાંકી અન્ડર ગ્રાઉન્ડ રાખવી, ઘરમાં પૂજાનો ખૂણો ત્યાં છે. આ દિશા ખૂબ પવિત્ર છે. શક્ય હોય તો ત્યાં માથું ન રાખવું અને ભંગારની વસ્તુ તેમજ સંડાસ-બાથરૂમ ન બનાવવા. નૈઋત્યમાં માસ્ટર બેડ (ઘરની મુખ્ય કમાનારા વ્યક્તિનું) બનાવવું. આ ખૂણો લગ્નજીવનને સુમેળ આપતો ખૂણો છે.

આ બાબતનું જ્ઞાન ઘણી ઊંડી વિચારસરણી માંગી લે તેમ છે. છતાં આપણા નિષ્ણાતો એ બાબતનું ખાસ સૂચન કર્યું છે કે ઘરમાં રોજ પૂજામાં ઘંટડી વગાડી, ધૂપ આખા ઘરમાં ફેરવવું અને હોમહવન કરવાથી પણ રહેનારાઓના મગજમાં શાંતિનો અનુભવ થાય છે. તિજોરીનું દ્વાર ઉત્તર તરફ ખુલે તેમ દક્ષિણે રાખવું, ભંગાર તેમજ બીનજરૂરી વસ્તુનો સંગ્રહ ન કરવો, દિશાઓને સ્પષ્ટ રીતે સમજવા માટે કંપાસ (હોકાયંત્ર) જેવું નાનું સાધન ઘણું ઉપયોગમાં આવે છે.

આ બાબતમાં ખોટી માહિતી અને વહેમ ખૂબ નુકશાન કરે છે. લેભાગુ વાસ્તુશાસ્ત્રીઓ લોકો સામાન્ય માહિતીને મોટી અને ખોટી રીતે રજુ કરી વાતનું વતેસર કરી પૈસા પડાવી લેતા હોય છે. સામાન્ય મુશ્કેલી તો જીવનમાં સૌને આવતી હોય છે. અને આપણે તેને સુલઝાવી લેતા હોઈએ છીએ. પરંતુ જીવનમાં સતત અને અણધારી મુશ્કેલીઓ આપણા વાંકગુન્હા વગર આવ્યા જ કરતી હોય તો સારા અને સાચા અનુભવી નિષ્ણાતો આપણે માર્ગદર્શન આપી નવી રાહ ચીંધી શકે છે.

આખરે દરેક જ્ઞાનની શોધ મનુષ્ય જીવનને સુખી, સમૃદ્ધ અને શાંતિભર્યું બનાવવા માટે જ થાય છે ને ! ઉપયોગી ટિપ્સ સાથે વધુ આવતા અંકે...

ફોન નં. (૦૨૭૭૦) ૨૨૦૦૬૩
મો. ૯૮૯૮૪૦૨૮૩૨



# બેસ્ટ જ્વેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**પ્રો. સોની મેહુલકુમાર શાન્તીલાલ**

સુભાષ ચોક, મેઈન બજાર, તલોદ જી. સાંબરકાંઠા.

ફોન નં. (૦૨૭૭૮) ૨૨૨૩૭૦
૨૨૨૪૧૫
મો. ૯૯૨૫૭૯૧૧૫૧



# શક્તિ વોચ કું

**દરેક જાતની ઘડિયાળ વેચનાર તથા રીપેરીંગ કરનાર**

**પ્રો. સોની શાન્તીલાલ કલ્યાણજીભાઈ**

**ડી.જે. ચેમ્બર્સ, હાઈવે રોડ, મુ. વડાલી જી. સાબરકાંઠા**

# હિંમતે મર્દા...

**અતુલ સોની**

ધો. ૧૨નું પરિણામ આપની અપેક્ષા મુજબ નથી આવ્યું. માર્કસ ટકાવારી ઓછી છે, અરે કદાચ નાપાસ થયા છો, તો પણ શું ? એક પરીક્ષામાં નાપાસ થવાથી નિરાશ કે નાસી-પાસ થવાની જરા પણ જરૂર નથી. નીચેનો કિસ્સો વાંચો અને તમારું મન મજબૂત કરી ફરી પ્રયાસ કરો.

કોઈ વિદ્યાર્થી પ્રાયમરીથી કરી ધો. ૧૧ સુધી જ્વલંત સફળતાઓ હાંસલ કરે છે. પરંતુ, શૈક્ષણિક કારકિર્દીના અઘરા/કઠીન ચઢાવ દરમિયાન ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ અણીના સમયે એટલે કે ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં જ એને ઓછા માર્કસથી પાસ થાય છે કેટલાક તો નાપાસ પણ થાય છે.

આ પરિસ્થિતિમાં વિદ્યાર્થી માટે તેમજ વાલી બંને માટે અત્યંત કઠીન હોય છે. કારણકે આ તબક્કો વિદ્યાર્થીની સમગ્ર કારકિર્દી માટે નિર્ણાયક હોય છે. આવી કપરી પરિસ્થિતિનો ધીરજપૂર્વક અને સધિયારો આપવો આવશ્યક છે અને આ ધીરજ માંગી લે તેવો તબક્કો છે.

ધો. ૧૨માં ધાર્યા કરતાં અને આગળ વધવા માટે જરૂર કરતા ઓછું પરિણામ આવે ત્યારે વિદ્યાર્થીએ અને તેમના વાલીએ ધીરજ રાખી પ્રથમ તો નિષ્ફળતાના મૂળભૂત કારણોની / સમીક્ષા કરી, ભવિષ્યમાં આવું ન બને તે માટેનું આયોજન કરવું જરૂરી છે.

દરેક વાલી તેમના સંતાનને અભ્યાસ કરવા માટે તેમની આર્થિક પરિસ્થિતિ અનુસાર તેમના સંતાનને પુસ્તકો, નોટબુકો, જરૂરી નાનું મોટું વાહન અને એનું ઇંધણ તેમજ શાળા કોલેજ માટે જરૂરી ફી વગેરે તમામ સુવિધા પુરી પાડે છે, જે પાડવી જોઈએ. પરંતુ આમ છતાં કેટલાક વિદ્યાર્થીઓ કોઈ અગમ્ય કારણોસર કે શારિરીક કે માનસિક તકલીફોના લીધે તેમના અભ્યાસમાં પુરતું ધ્યાન ન આપવાના કારણે પાછળ રહી જાય છે અને ધાર્યા પરિણામ આવતા નથી, ત્યારે વાલીઓ તરફથી નિષ્ફળતા માટે વિદ્યાર્થીને જ માત્ર દોષિત જાહેર કરે છે. આના કારણે આવા વિદ્યાર્થી વધારે નિરાશ થાય છે અને તેમની ભાવી કારકિર્દી રૂંધાઈ જાય છે. આના બદલે વાલીઓએ વિદ્યાર્થીને ભૌતિક જરૂરીયાતો પુરી પાડી સંતોષ માનવાના બદલે વિદ્યાર્થીના અભ્યાસમાં પડતી તકલીફો જાણી દૂર કરવી જોઈએ. સક્રિય થઈ તેમના અભ્યાસ માટે અનુભવતી, તેમની તકલીફો જાણી જે તે સમયે ઉપાય કરવા જોઈએ. તો પરિસ્થિતિ નિયંત્રણમાં આવી શકે છે.

ક્યારેક એવો વિચાર આવે છે કે શું આપણી શિક્ષણ પદ્ધતિ, પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓમાં રહેલ ક્ષમતાનું સાચું મૂલ્યાંકન કરવા સક્ષમ છે ? એસ.એસ.સી. અને હાયર સેકન્ડરી પરીક્ષાઓમાં સફળતા-નિષ્ફળતા તણાવની સ્થિતી સર્જાય છે. એવા અનેક મહાનુભાવો છે જેમની શૈક્ષણિક કારકિર્દી ભવ્ય નથી પરંતુ તેમની ક્ષમતા જગ જાહેર છે. આપણા સમાજના ઘણા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ પરીક્ષામાં નિમ્ન પરિણામથી નિરાશ થયા વગર સ્વબળે સમાજમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરી શકેલ છે. આપણા સમાજના એક વિદ્યાર્થીનો પ્રેરણાદાયક કિસ્સો જાણવાલાયક છે.



આપણા કંસારા સોની સમાજના શ્રી હાર્દિક નરેન્દ્રકુમાર સોની, રહેવાસી ગાંધીનગરનો છે. શ્રી હાર્દિક ધો.૧ થી ૧૧ સુધી સરેરાશ ૮૫ થી ૯૦ ટકા પરિણામ દર વર્ષે મેળવતા હતા. ધો. ૧૦માં ૭૧ ટકા સાથે પાસ કરેલ, પરંતુ ધો. ૧૨ની પરીક્ષા તેમણે માત્ર ૪૮% એ પાસ કરી. તે તબક્કે હાર્દિક અને તેમના માતા-પિતા જરૂર થોડા નિરાશ થયા, પરંતુ હાર્દિકે પણ હાર ન માની. માતા-પિતાએ પુરતી સ્વસ્થતા ધારણ કરી, શ્રી હાર્દિકભાઈ બી.એસ.સી. (મેથ્સ) અભ્યાસ કરવાનું નક્કી કરેલ અને તે દિશામાં આગળ વધતા ગયા અને FY. B.Sc. 66%, SY. B.Sc. 65%, T.Y. BSc. 63%, M.Sc. 75% ડીગ્રી હાંસલ કરી એટલું જ નહિં પરંતુ શ્રી હાર્દિકભાઈએ તેમની ૨૭ વર્ષની ઉંમરે Mathematics માં P.hd. ની ડીગ્રી પણ મેળવી. છેલ્લા ૧૨ વર્ષથી શ્રી હાર્દિકભાઈ શ્રી ચીમનભાઈ પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન, અમદાવાદ ખાતે ઈન્ચાર્જ ડાયરેક્ટર કમ પ્રાધ્યાપક તરીકે તેમની સેવાઓ આપી રહેલ છે. શ્રી હાર્દિકભાઈ તેમના ક્ષેત્રમાં હજુ પણ ભવિષ્યમાં વધુમાં વધુ પ્રગતિ કરે તેવી 'સેતુ' પરિવાર શુભેચ્છા પાઠવે છે. આશા છે 'હાર્દિક' નો કિસ્સો સૌના માટે પ્રેરણાદાયી બની રહેશે.


## જિંદગી જીવી જાણો

લાંબી આ સફળમાં જિંદગીના ઘણા રૂપ જોયા છે,
તમે એકલા શાને રડો છો સાથી તો અમેય ખોયા છે.
આપ કહો છો આપને શું દુઃખ છે આ તો સદા હસે છે,
અરે આપ શું જાણો આ સ્મિતમાં કેટલા દુઃખ વસે છે.
મંજિલ સુધી ના પહોંચ્યા તમે એ વાતથી દુઃખી છો.
અરે ચાલવા મળ્યો રસ્તો તમને એટલા તો સુખી છો.
આપને છે ફરિયાદ કે કોઈને તમારા વિશે સુજ્યું નથી,
અરે અમને તો 'કેમ છો ? એટલુંય કોઈએ પુછ્યું નથી'
જે થયું નથી એનો અફસોસ શાને કરો છો.
આ જિંદગી જીવવા માટે છે આમ રોજ રોજ શાને મરો છો.
આ દુનિયામાં સંપૂર્ણ સુખી તો કોઈ નથી,
એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.
બસ એટલું જ કહેવું છે જિંદગીની દરેક ક્ષણ દિલથી માણો,
નસીબથી મળી છે જિંદગી તો એને જીવી જાણો.

**રશ્મિન જે. સોની-તલોદ**

# સાબરકાંઠા : યુવા પ્રતિભા પરિચય

સોના-ચાંદીના પરંપરાગત વ્યવસાય ઉપરાંત હાલની યુવા પેઢી શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરી અનેકવિદ્ વ્યવસાયો તથા નોકરીમાં ઉચ્ચતર સ્થાન પ્રાપ્ત કરેલ છે. સાબરકાંઠાની યુવા પ્રતિભાઓને જ્ઞાતિસેતુની ઉજ્જવલ કારકિર્દી માટે શુભકામના...



**ભાઈલાલભાઈ જીવરામભાઈ સોની (બારમેડા)**
ધનસુરા
અભ્યાસ : બી.કોમ.
સાબરકાંઠા મારું સોની મહામંડળ - પ્રમુખ
વ્યવસાય : સોનાના ઘરેણા



**જીતેન્દ્ર ખીમજીભાઈ સોની (બુદ્ધભટ્ટી)**
ગાંધીનગર
અભ્યાસ : ડી.ઈ.આઈ.ઈ.
સાબરકાંઠા મારું સોની મહામંડળ - મંત્રી
વ્યવસાય : જનરલ મેનેજર, હિટાચી હાયરલ પાવર ઈલેક્ટ્રોનીક્સ પ્રા. લી.



**ઘનશ્યામ પ્રેમજીભાઈસોની (કટ્ટા)**
મોડાસા
અભ્યાસ : બી.ઈ. (સીવીલ)
વ્યવસાય : કન્ટ્રક્શન



**રશ્મીન વાડીલાલ સોની**
ગાંધીનગર
અભ્યાસ : બી.ઈ. (Inst. & Con.)
નોકરી : સીની. મેનેજર, રીયેલો પીસીઆઈ ઈન્ડીયા પ્રા.લી.



**અશ્વિનકુમાર પ્રેમજીભાઈ સોની (કટ્ટા)**
મોડાસા
અભ્યાસ : બી.ઈ. (ઈન્સ્ટ)
વ્યવસાય : ઈલેક્ટ્રોનીક્સ



**હેમાંગ નરેન્દ્રકુમાર સોની**
ગાંધીનગર
અભ્યાસ : B.E. EC
નોકરી : Ireland-Tuam City- Valio Vision Pvt. Ltd.



**રીતેશકુમાર કિશોરભાઈ સોની (બુદ્ધભટ્ટી)**
વડોદરા
અભ્યાસ : બી.ઈ. (ઈલેક્ટ્રીકલ)
નોકરી : મેનેજર, એબીબી લીમીટેડ, વડોદરા



**મીતુલકુમાર પરષોત્તમદાસ સોની (બારમેડા)**
ડેમાઈ
અભ્યાસ : એમ.કોમ.
નોકરી : મેનેજર, ડેમાઈ કો-ઓ. બેન્ક લી.



**સચીન દીલીપભાઈ સોની (પોમલ)**
કઠલાલ
અભ્યાસ : સીએ.
(એપ્રોચીંગ ફર્ધર સ્ટડીસ)



**હીરેનકુમાર જયંતભાઈ સોની (કટ્ટા)**
મોડાસા
અભ્યાસ : એમ.એસ.સી. (કેમેસ્ટ્રી)
વ્યવસાય : એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ, બાયડ (સાબરકાંઠા)



**ગૌરાંગ જીતેન્દ્ર સોની (બુદ્ધભટ્ટી)**
ગાંધીનગર
અભ્યાસ : બી.ઈ. (કોમ્પ્યુટર)
(એપ્રોચીંગ ફર્ધર સ્ટડીસ)



**આશિષા સૂર્યકાંત પોમલ**
નરોડા-અમદાવાદ
અભ્યાસ : M.A.B.Ed.,LLB.
વ્યવસાય : વકીલાત

# સાબરકાંઠા : યુવા પ્રતિભા પરિચય



**હરીતાબેન વિનોદભાઈ સોની**
ગાંધીધામ
અભ્યાસ : B.E. Computer Science
Web developer-SOLITS



**જીજ્ઞેશ જયંતીલાલ કોટડીયા**
ગાંધીનગર
અભ્યાસ : B.Com., PGDCA,
Tattoo Learning Institute,
Gandhinagar



**કોમલ પંકજભાઈ સોની**
અમદાવાદ
અભ્યાસ : M.Sc. Chemistry
વ્યવસાય : વિઝીંટીંગ લેક્ચરર



**પાર્થ નરેશભાઈ સોલંકી**
ખેડબ્રહ્મા
અભ્યાસ : B.E. EC.
વ્યવસાય : સોના-ચાંદીનો શો રૂમ



**ડો. ગિરીશભાઈ દામજીભાઈ સોલંકી**
ખેડબ્રહ્મા
અભ્યાસ : Bech. of Veterinary
Science & Animal Husbandary
સર્વિસ : સાબર ડેરી




**વિરલ પંકજભાઈ સોની**
અમદાવાદ
અભ્યાસ : M.Sc. Chemistry
વ્યવસાય : વિઝીંટીંગ લેક્ચરર



**માનસી પંકજભાઈ સોની**
અમદાવાદ
અભ્યાસ : M.Sc. Chemistry
વ્યવસાય : બાયોલોજી, કેમેસ્ટ્રીના
ટ્યુશન ક્લાસ



**મનીષા આર. લાયચા**
(કોટડા જડોદર)
અભ્યાસ : M.B.A (Finance)
વ્યવસાય : Deputy Manager,
Axis Bank, Ahmedabad



**ગ્યાનેશ રાજેશભાઈ સોની**
વડોદરા (હાલ - રાજકોટ)
અભ્યાસ : B.Tech (Electrical)
Running

**વિનોદભાઈ લાલજીભાઈ સાકરીયા**
ગાંધીધામ
Deputy Manager
State Bank of India

## મહિલા સશક્તિકરણ વિશેષાંક 'એપ્રિલ-મે '૨૦૧૩' ભૂલ સુધારણા

● પૃષ્ઠ ૨૬ તસવીરો ઉલટ છપાયેલ છે. જે નીચે મુજબ જોવા વિનંતી છે.



**અભિજીત ભરત બુદ્ધભટ્ટી - ભુજ**



**હાર્દિક હસમુખભાઈ બગા**

● પૃષ્ઠ ૧૦ છેલ્લા પેરેગ્રાફ દ્દટ્ઠી લાઈનમાં (સ્વ.) શબ્દ ભુલથી છપાયેલ છે. જે બદલ ક્ષમાયાચના. અહીં શ્રી નાનાલાલ પરશોત્તમ વાંચવા વિનંતી.

● પૃષ્ઠ ૨૯ ડો. મૃદુલા પરમારના લેખની ત્રીજી લાઈનમાં કાજણ કિરણ ને બદલ કાજલ કુણાલ તેમજ એજ લીટીમાં કિરણને બદલે કુણાલ વાંચવા વિનંતી.

## સર્વે તેજસ્વી વિદ્યાર્થીઓને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન..



કાવ્ય પી. પોમલ
ધો. : UKG A+



ઓમ કે. પોમલ
ધો. : UKG A+



વ્યોમ ટી. બીજલાણી
માંડવી
UKG B



રુદ્ર ડી. સોની
સતલાસણા
JKG 74.60%



પ્રથમ સી. સોની
KG-1
95%



ગરવી એમ. સોની
ડેમાઈ
KG-2 99%



દક્ષિત એન. સોની
ધનસુરા
KG-2 99%



શીવમ સોની
ભુજ
SR. KG A+



પ્રાચી પી. બુદ્ધભટ્ટી
ભુજ
ધો. : ૧ A



પાર્થ એચ. પોમલ
નરોડા
ધો. : ૧ ૮૭.૮૦%



કાવ્ય બીજલાણી
માંડવી
ધો. : ૧ A



દેવી એમ. પરમાર
દહેગામ
ધો. : ૨ A



વિધી સોની
ભુજ
ધો. : ૨ A+



નિશીત વી. બુદ્ધભટ્ટી
ભુજ
ધો. : ૨ A+



તેજસ વી. બીજલાણી
ભુજોડી
ધો. : ૨ A



ત્વીશા સી. સોની
ધનસુરા
ધો. : ૩ ૯૩%




હેત્વી એ. સોની
મોડાસા
ધો. : ૩ ૯૫.૧%



ભવ્યા એન. પોમલ
નરોડા
ધો. : ૩ ૯૭.૫%



કૃપા વી. બીજલાણી
નખત્રાણા
ધો. : 3 A+



મોહિત પી. પોમલ
અંજાર
ધો. : 4 A



અવી એ. સની
ભુજ
ધો. : ૪ B



પરમ પી. સોની
વડોદરા
ધો. : ૪ AA



ઉમંગ કે. સોલંકી
ધો. : ૪ 91%



ક્રિમા પી. સોની
મોડાસા
ધો. : ૪ 90.45%



મિલાપ એચ. પોમલ
ભુજ
ધો. : ૫ A+



પંક્તી એ. કંસારા
તલોદ
ધો. : ૫ A



પ્રત્યુષ જે. સોની
તલોદ
ધો. : ૫ 82.69%



નમન પી. પરમાર
ભુજ
ધો. : ૫ 76.17%



યશવી કે. પોમલ
ધો. : ૫
72%



ખુશી જે. સોની
દેમાઈ
ધો. : ૫ 99%



ધ્રુવ વી. બીજલાણી
ભુજ
ધો. : ૬ A



ભાવીક જી. સોની
મોડાસા
ધો. : ૬ 85%



શિવાંગ એ. સોની
તલોદ
ધો. : ૬ 88.66%



ફાગુન એમ. સોની
ધો. : ૬ 80%



પ્રણવ ડી. સોલંકી
તલોદ
ધો. : ૭ 95.25%



હેમલ એચ. પોમલ
ભુજ
ધો. : ૭ A+



મૈત્રી જી. સક્કરીયા
માંડવી
ધો. : ૭ A



દર્શન ડી. સોની
તલોદ
ધો. : ૭ A



પ્રીત જી. સોની
ખેડબ્રહ્મા
ધો. : ૭ A



દેવી એન. સોની
અંજાર
ધો. : ૭ A



કૃનાલી પી. પોમલ
અંજાર
ધો. : ૭ A



તન્વી એ. સોની
મોડાસા
ધો. : ૮ 96%



આયુષ એ. સોની
તલોદ
ધો. : ૮ A



બંસીલ બી. બીજલાણી
માંડવી
ધો. : ૮ A



પ્રિન્સી એચ. પોમલ
નરોડા
ધો. : ૮ ૯૮.૧%



હેનીલ વી. સોની
અમદાવાદ
ધો. : ૮ B



કૌશીલ એસ. સોની
તલોદ
ધો. : ૮ B



હિનલ પોમલ
ભુજ
ધો. : ૯ A2



ધ્રુવ ડી. સોની
સતલાસણા
ધો. : ૯ B+



કક્ષા એમ. સોની
તલોદ
ધો. : ૯ A



કેની કે. કોટડિયા
ઈડર
ધો. : ૯ A+



અવની જે. સોની
દેમાઈ
ધો. : ૧૦ 83.0%



શીવાંગી કે. બુદ્ધભટ્ટી
અંજાર
ધો. : ૧૦ 82.86%



રીમા એમ. સાકરીયા
ભુજ
ધો. : ૧૦ A2


**મીરલબેન ડી. સોની**
**ધો. : ૧૦ B2**



**દીપ આર. સોની**
**બાયડ**
**ધો. : ૧૦ A2**



**ખુશ્બુ જી. સોની**
**મોડાસા**
**ધો. : ૧૦ 89.33%**


**ભક્તિ ડી. સોલંકી**
**તલોદ (સા.)**
**ધો. : ૧૧ 70.56%**


**ઉર્વી એચ. બુદ્ધભટ્ટી**
**અમદાવાદ (સાયન્સ)**
**ધો. : ૧૨ 91.81**


**જય એન. સોની**
**ધાનેરા (સાય.)**
**ધો. : 12 88.0%**



**વત્સલ કે. કોટડીયા**
**(સાયન્સ)**
**ધો. : ૧૨ 83.38**



**મનાલી ડી. સોની**
**તલોદ (સાયન્સ)**
**ધો. : ૧૨ 78.62**


**કિંજલ જી. સોની**
**(સાયન્સ)**
**ધો. : ૧૨ 63.28**


**માનસી આર. કટ્ટા**
**ભુજ**
**ધો. : 12 76.44%**


**નેન્સી એસ. સોની**
**(સાયન્સ)**
**ધો. : ૧૨ 54.90**


**કિર્તન એ. સોની**
**અંજાર (કોમર્સ)**
**ધો. : ૧૨ 78.85**


**જયમીત વી. સોની**
**અમદાવાદ**
**B.COM. 60%**


**પરીતા વી. સોની**
**ગાંધીધામ**
**M.B.A.**


**જીનલ પી. સોલંકી**
**માંડવી**
**M.COM. 81.80%**


**જાનકી મૈચા**
**BCA. SEM-3**
**72%**


**પાર્થ એ. બુદ્ધભટ્ટી**
**MECH. ENG.**
**SEM-5 B**


**હેતલ જે. સોની**
**INF. TEC.**


**પાર્થ કે. સોની**
**માધાપર**
**ધો. : 3 A**


**ઉમેશ સોની**
**માધાપર**
**ધો. : 10 84%**


**રીન્કુ પી. બીજલાણી**
**ભુજ**
**B.ED.. 88.93%**
**ACC./COMMERCE**

## જો મને મારા બાળકને ફરી ઉછેરવાની તક મળે

જો મને મારા બાળકને ફરી ઉછેરવાની તક મળે
તો હું તેના તરફ આંગળી ચીંધવાનું ઓછું કરું
અને તેની આંગળી વધારે વાર પકડું.
હું કચકચ ઓછું કરું ને કાળજી વધારે લઉં.
ઘડિયાળ પરથી નજર હટાવી તેના ચહેરાને માણું
તે જે ન જાણતો હોય તેની પાછળ પડવા કરતા
તેને પોતાને જાણવાની કોશિશ વધારે કરું
તેને વધારે ફેરવું
તેની સાથે પતંગો ઉડાડું
તેને ગંભીર રહેવાનું ન કહું
પણ ગંભીરતાપૂર્વક રમવાનું કહું
તેની સાથે ખેતરો - મેદાનમાં દોડું
અને તારાઓ ગણું
વઢું છું અને વહાલ ઝાઝું કરું
કઠોર થવાને બદલે દૃઢતાથી તેને આધાર આપું
તેનો આત્મવિશ્વાસ મજબૂત બનાવવાનું પહેલા વિચારું
ને ઘર બાંધવાનું પછી,
શક્તિશાળી થવા ને પ્રેમ કરવા કરતાં,
પ્રેમની શક્તિને જાણવાનું શીખવું.

**અલ્પા મનન પોમલ-અંજાર**

# રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન : શ્રી વિમલ જેઠા

**– તુલસીદાસ કંસારા**



Vimal Bhai being honoured by the Hon'ble Chief Minister of Delhi Smt. Shiela Dixit with the "Best Citizen's Award" at a grand function in New Delhi for his outstanding contribution towards social welfare



Jetha Bhai Zaveri awarded as "Quality Brands India" at the National Seminar Mumbai Feb. 2013 Vimal Bhai receiving the second honour

આ તસ્વીરમાં દેખાતો એક મુઠેરી ઊંચી ઊંચાઈ ધરાવતો વિમલે, રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન એવોર્ડ અંકે કરલે છે, જે તે ઉદ્યોગનો ઉચ્ચત્તમ એવોર્ડ લેખાય છે. તે સાથે તેણે નેશનલ ઈન્ડસ્ટ્રીયલ એક્સીલન્સ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. જે રાષ્ટ્રના આર્થિક વિકાસમાં તે ઉદ્યોગ તરફથી સિંહ ફાળો આપનારને ભાગે જાય છે, અને આ જેમ્સ અને જ્વેલરીના ઉદ્યોગમાં આ એવોર્ડ મેળવનાર તે માત્ર એક જ છે. અન્ય ઉદ્યોગોમાં કિર્લોસ્કર એન્જિન્સ, વિક્કો વજદંતી તેમજ લિજ્જ પાપડ વગેરે નામો છે. તેના સર્કલમાં તેઓ વિમલભાઈ તરીકે જાણીતા છે. સાઉથ દિલ્હીમાં મિની ન્યુયોર્ક તરીકે જાણીતા વસંત વિહાર વિસ્તારમાં આવેલ જેઠાભાઈ ઝવેરી નામની તેમની ડાયમંડ અને ગોલ્ડ જ્વેલરી શોપનું તે સફળ સંચાલન કરી રહેલ છે. તેમના પિતાશ્રી નરેન્દ્રભાઈએ ચાલીસેક વર્ષ પહેલા સ્થાપેલ આ શોપની આજુબાજુના વિસ્તારોમાં સમાજ સેવા કરવાની તેની ધગશને કારણે બસંતલોક કમ્યુનીટી સેન્ટર વેલ્ફેર એસોસીએશનના પ્રમુખ તરીકે તેણે ૧૯૯૫ થી ૨૦૦૪ એટલે કે દશ વર્ષ જેટલા લાંબાગાળા સુધી જવાબદારી નિભાવેલ અને સેવાઓ આપેલ, જે દરમ્યાન 'ભાગીદારી' નામની સંસ્થા સાથે જોડાઈને તેણે નિસ્વાર્થ ભાવથી આદરેલ અને પૂર્ણ કરેલ કાર્યોની કદરરૂપે તેમને માનનીય ચીફ મીનીસ્ટર શ્રીમતી શીલા દિક્ષીતના હસ્તે **'બેસ્ટ સીટીઝન એવોર્ડ'** થી નવાજવામાં આવેલ જે ઉપરની તસ્વીરમાં જોઈ શકાય છે. અત્યારે પણ તે આ સંસ્થા સાથે સક્રિય રીતે કાર્યરત છે.

શ્રી વિમલભાઈ તેના જ્વેલરીના ધંધામાં પણ નિપુણ છે અને અનેક પેનલોમાં નિષ્ણાંત તરીકે સેવા આપતાં આપતાં રાષ્ટ્રીય કક્ષાએ એની પેઢીનું નામ રોશન કરેલ છે. બીજી તસ્વીરમાં તે તેની જ્વેલરીની ઉચ્ચ કોટીની ગુણવત્તા જાળવવાની ચોકસાઈને કારણે **'ક્વોલીટી બ્રાન્ડ્સ ઈન્ડીયા'** નામનો ૨૦૧૩નો એવોર્ડ મુંબઈમાં યોજાયેલ સમારંભમાં સ્વીકારતા દેખાય રહેલ છે.

જેઠાભાઈ ઝવેરીની પેઢીને છેલ્લા ૧૯૯૯ થી ૨૦૧૩ સુધીમાં અનેક સંસ્થાઓ તરફથી વિવિધ સિદ્ધિઓને વરેલી છે. જેવી કે બેસ્ટ શો રૂમ, નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ પ્લેટીનમ શો રૂમ, ડાયમંડ ડીઝાઈનર્સ જ્વેલરી ઈત્યાદી માટે લગભગ ૧૯ એવોર્ડ મેળવેલ છે. જવેરાત અને ગ્રહોની ગતિના જાણકાર જ્યોતિષીઓનો કોઈ અજબ સંબંધ રહેલ છે. સમાજ સેવા સાથે સાથે તેમણે જ્યોતિષનો શોખ પણ કેળવેલ છે. આમ આ વ્યક્તિમાં જ્યોતિષ, સમાજસેવા અને એક સફળ બિઝનેશમેનનો ત્રિવેણી સંગમ થયેલ છે. શ્રી વિમલભાઈ દ્વારા સમાજની પ્રવૃત્તિમાં સહકાર મળતો રહે છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી તેઓને હાર્દિક શુભકામના.

- *The rare and remarkable beauty of diamond Jewellery at "Jetha Bhai Zaveri" will leave people Spellbound. – exclaimed* ***Aishwarya Rai***
- *"Jetha Bhai Zaveri rocks... !" announced* ***Perizaad Zorabian***
- *"The price of success is hard work, dedication to the job at hand, and the determination that whether we win or lose, we have applied the best of ourselves to the task at hand."*

***- Vince Lombardi***

**વ્યક્તિ વિશેષ**

# પ્રદેશ ભાજપ ચૂંટણી ડેટા સેલ કન્વીનર શ્રી ભરતભાઈ સોની

**પી.જી. સોની 'દાસ'**

ભાજપે કચ્છ નખત્રાણાના આપણા સ્વર્ણીમ સમાજના અગ્રણી ભરતભાઈ બગા (સોની)ની ચૂંટણી ડેટા સેલમાં કન્વીનર તરીકે વરણી કરતા શ્રી ભરતભાઈને ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર કચ્છમાંથી લોકસભાની બેઠકો કબજે કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું હોય તેમ વિવિધ સેલ પૈકી આ ડેટા સેલમાં મહત્વની નિમણુંક પ્રદેશ ભાજપે કરી છે. ઘણા સમયના બ્રેક પછી ભાજપે શ્રી ભરતભાઈ સોનીની પ્રદેશ કક્ષાએ યોગ્ય કદર થઈ તેથી સોની સમાજમાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

## શ્રી ભરતભાઈ સોનીએ તૈયાર કરેલું સોફ્ટવેર 'અતિત'





કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી શ્રી ભરતભાઈ સોનીએ તૈયાર કરેલ ગુજરાત વિધાનસભા/લોકસભા તેમજ પેટા ચૂંટણીઓની સંપૂર્ણ વિગતો દર્શાવતું સોફ્ટવેર 'અતિત' મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અર્પણ કરવામાં આવ્યું હતું. આ સોફ્ટવેરમાં સંગ્રહાયેલી માહિતી આગામી વિધાનસભા/લોકસભાની ચૂંટણીમાં ભાજપને ચિંતનની તકો પૂરી પાડશે.

આ સોફ્ટવેરમાં ૧૯૬૨થી આજ દિવસ સુધીની ચૂંટણીમાં વિધાનસભા-લોકસભા સીટનો ઈતિહાસ, ઉમેદવારોનો ઈતિહાસ, પ્રદેશ લેવલે પાર્ટીનો દેખાવ, ઉમેદવારોનો દેખાવ વિગેરે જોઈ શકાય છે.

બુથ વાર આંકડાકીય માહિતી, તાલુકાવાર માહિતી, નગરપાલિકાવાર માહિતી, વિધાનસભા/લોકસભા ક્ષેત્રવાર માહિતી, જિલ્લાવાર માહિતી, પ્રદેશ સુધીની પોલીટીકલ બાયોડેટા દર્શાવતી માહિતી એક જ ક્લીક સાથે જ મળી જાય છે.

શ્રી ભરતભાઈ સોનીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે અઢી વર્ષથી પક્ષની જવાબદારીમાંથી રાહત મળતા મેં મારું ધ્યાન સમસ્ત પણે રાજ્ય લેવલે શ્રી નરેન્દ્રભાઈ (પક્ષ)ને કેમ ઉપયોગી થાવું તેમાં લગાવ્યુ હતું જેના ફળસ્વરૂપે ઉપરોક્ત સોફ્ટવેરનું નિર્માણ કરેલ છે. જેમાં ભુજના મહેતા ઈન્ફોસીસના મારા મિત્રો, શ્રી જુલેશભાઈ મહેતા, શ્રી હિમાંશુભાઈ જેઠી તથા પરેશભાઈ બાયડ, જયેશભાઈ સોનીનો ખૂબ જ સહકાર પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત સોફ્ટવેર મા. મુખ્યમંત્રીશ્રી જોઈને ઘણા પ્રભાવિત થયા હતા તથા સોફ્ટવેર આગામી વિધાનસભા-લોકસભામાં પક્ષને બહુ જ ઉપયોગી થાશે તેવું જણાવી ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતાં. આવું સોફ્ટવેર રાષ્ટ્રીય લેવલે તમામ લોકસભા ક્ષેત્રનું પણ તૈયાર કરવું જોઈએ તેવું સૂચવ્યું હતું અને ગત વિધાનસભામાં જે રીતે પોતાના મતક્ષેત્ર મણિનગરનું કામ સોપ્યું હતું તે પાછું નવા સિમાંકન પ્રમાણેનું કામ સોપ્યું હતું.



## એનીમેશન ડાયરેક્ટર - મેહુલ મહિચા

અમદાવાદ નિવાસી સ્વ. તનસુખભાઈ મહિચાના સુપુત્ર મેહુલ મહિચાનો ઉછેર ઘરના કલાપૂર્ણ વાતાવરણમાં થયેલ. તેમના પિતા વિખ્યાત ચિત્રકાર હતા. તેમની પ્રેરણાથી મેહુલે એનિમેશન ક્ષેત્રને પોતાની કલા અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું. તેઓએ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન (એનઆઈડી) અમદાવાદથી ફાઈન આર્ટસમાં ગ્રેજ્યુએશન કર્યુ. તેઓની અનેક એનીમેશન ફિલ્મોને નેશનલ અને ઈન્ટરનેશનલ એવોર્ડ્સ મળેલ છે. ચિલ્ડ્રન ક્વીઝ શો જેવી એજ્યુકેશન સીરીઝ, કાર્ટુન નેટવર્ક તથા પોગો જેવી ચેનલ પર પ્રસારિત થયેલ છે. તેઓની ઉજ્જવલ કારકિર્દી માટે જ્ઞાતિસેતુની શુભકામના..



પ્રો. જયમીનભાઈ જે. સોની
ફોન : ૦૭૯-૬૬૬૧૧૩૨૨
મો. ૯૮૨૪૫૪૬૬૫૦

# જે. જે. જવેલર્સ

**૯૧૬ હોલમાર્ક સોનાના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

સુપર મોલ, લાલ બંગલાની બાજુમાં, સી.જી. રોડ, અમદાવાદ.

---

**પ્રો. સોની ધર્મેન્દ્રકુમાર ભાઈલાલભાઈ**

**મો. (ઓ) ૯૮૯૮૪૯૮૭૨૫**
**મો. (રહે) ૯૪૨૬૩૯૧૧૬૧**



# ભક્તિ જવેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**અંબિકા હોટલની પાસે, તલોદ-ધનસુરા રોડ, મુ. તાજપુર કેમ્પ જી. સાબરકાંઠા**

# મહિલા સશક્તિકરણ વિશેષાંક વિષે..

સંકલીત

**જ્ઞાતિ સેતુના 'મહિલા સશક્તિકરણ વિશેષાંક'ને અનુલક્ષીને ઘણા વાચકો તરફથી રૂબરૂ, ટેલીફોન તથા લેખીત સ્વરૂપે પ્રોત્સાહક પ્રતિભાવો મળેલ છે. તે સર્વેનું 'જ્ઞાતિસેતુ' હાર્દિક આભાર માને છે.**

● 'જ્ઞાતિસેતુ' દ્વારા વિવિધ વિષયોને અનુલક્ષીને સમયાંતરે વિવિધ વિશેષાંકો પ્રગટ થતા રહે છે. જે સમય સમયને અનુરૂપ આપણી જ્ઞાતિના પ્રતિબિંબનો પડઘો પાડતા રહે છે.

જ્ઞાતિસેતુના મહિલા સશક્તિકરણ વિશેષાંક દ્વારા જ્ઞાતિની મહિલાઓને સાહિત્યક્ષેત્રે આગળ ધપાવવા સુંદર પ્રયાસ થયો. મહિલાઓ દ્વારા મહિલા સશક્તિકરણનું સંપાદન કર્યું તે અભિનંદનને પાત્ર છે. મારા તરફથી ને અંજાર મારું કંસારા જ્ઞાતિ તરફથી શુભકામના આપું છું.

**સોની રાજેશ કેશવલાલ**
પ્રમુખશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-અંજાર

● મહિલા સશક્તિકરણ વિશેષાંક અંક મહિલાઓની શક્તિ વધારવા માટે એક પ્રેરકબળનું ભાગ ભજવ્યું છે, સમાજની મહિલાઓ જે તકલીફનો સામનો કરી જીવન જીવે છે તેમાંથી વાકેફ કરાવી બાકીની મહિલાઓની તાકાત વધારવામાં મદદરૂપ બન્યુ છે. આજના સમયે નારી પુરુષોની બરાબરીથી હાલે છે. એક સારી જીવનશૈલી જીવી શકે છે, હું આભારી આ અંકના સંપાદીકાઓની જેમને ખૂબ મહેનતથી આ માહિતી અમારા સુધી પહોંચાડી.

**શિવાંગી પંકજ પોમલ-રાયપુર**

● આપણા સમાજ માટે 'જ્ઞાતિ સેતુ' એક અગત્યનું સામયિક બની ગયો છે. એનો દરેક અંક વિશેષ અંક બને છે જેની પરિવારો કાગને ડોળે રાહ જોતા હોય છે. ઘણા અંકો વિશેષ આવી ગયા. દિવાળી અંક, વ્યવસાયિક અંક, સમજણનાં સુર અને મહિલા સશક્તિકરણ આદિ આપણા આ વિશેષ અંકની ચાહત દિવસે દિવસે વધતી જાય છે. આપણા સમાજ પરિવારોનો દિલચસ્પ અને હૃદય સ્પર્શી હિસ્સો બની ગયો છે તેમાં પણ મહિલા સશક્તિકરણનાં દરેક લેખકે તેમાં વાસ્તવિક્તા લખી છે તંત્રી સ્થાનેથી હંસરાજભાઈએ લખ્યું છે કે આ એક સામાજીક સિમિત અંક છે પણ સાહિત્ય જગત તેની નોંધ લે તો ખરૂં. એવું વાંચીને પણ સેતુની વિશેષતાઓનો ખ્યાલ આવી જાય તે સ્વાભાવિક છે. **– શાંતાબેન અમૃતલાલ બારમેડા**

● મહિલા સશક્તિકરણ વિશેષાંક ખૂબ જ સરસ રહ્યો. સંપાદકીય કું. એકતા કટ્ટા, લતાબેન સોલંકી તથા રોહીણીબેન બુધ્ધભટ્ટીને મારા તથા અંજાર મહિલા મંડળના ખુબ ખુબ અભિનંદન. ઈતિહાસ તો આપણે વાંચેલી, સાંભળેલી કથા છે ભલે તે સત્ય છે પણ આ ત્રણે બહેનો તો આપણી નજર સમક્ષ છે. ''નારી તું નારાયણી''.

આપણા સમાજમાં અનેક વયોવૃધ્ધ મહિલાઓ એકલવાયું જીવન વ્યતિત કરે છે તેઓની અમોએ મુલાકાત લીધી અને જે અનુભવ રહ્યો છે તેમની હિંમત, અત્મવિશ્વાસ અને શારીરીક ક્ષમતા જોઈને હૃદય દ્રવી ઉઠે છે. સમય સંજોગોએ તેમને જીંદગી સામે લડતા શીખવી દીધું હશે. 'નારી તુ ન હારી' અને 'નારાયણી' નું ઉપનામ ત્યારે જ મળ્યું છે.

આવું એકલવાયું જીવન વ્યતિત કરનારને હુંફની જરૂરત હોય છે કોઈના મીઠા બે બોલ સાંભળવાથી તેઓને ખુશી મળે છે. આવું એકલવાયું જીવન જીવતી મહિલાને મળવું જોઈએ અને ક્ષમતા મુજબ તેઓને મદદ પણ કરવી જોઈએ. તેમના અનુભવ સાંભળવાથી ઘણું શીખવા મળશે. દરેક ગામમાં મહિલા મંડળોને આવું એકલવાયું જીવન જીવતી મહિલાઓને મળવું જોઈએ. મહિલા મંડળોએ ગૃહઉદ્યોગ કરતા વિશેષ જરૂરી છે. ગૃહ ઉદ્યોગ એ સરળ નથી. દરેક વ્યક્તિ ધીરૂભાઈ અંબાણીની જેમ શૂન્યમાંથી સર્જન નથી કરી શકતા એ જ રીતે દરેક મહિલા સંસ્થા લિજ્જત પાપડની જેમ ગૃહઉદ્યોગ નથી કરતી. જરૂરતમંદ વ્યક્તિ છે તેઓ વ્યક્તિગત ગૃહઉદ્યોગ ચલાવે જ છે. તેઓને મહિલા મંડળોએ પ્રોત્સાહિત કરવા જોઈએ. અંજાર મહિલા મંડળે તાજેતરમાં આવી બહેનોને પ્રોત્સાહન આપવા આનંદમેળાનું આયોજન કર્યું હતું. ભુજમાં પણ આવું આયોજન થતું જ હોય છે.

**– અંજના પોમલ-અંજાર**

● 'જ્ઞાતિસેતુ' નો મહિલા વિશેષાંક મળ્યો. કોઈપણ જ્ઞાતિ સમાજ માટે દાખલારૂપ એવો આ વિશેષાંક ખૂબ જ માહિતીપ્રદ અને સમાજોપયોગી લાગ્યો. ખાસ કરીને એકલનારી જેવા અભ્યાસ પૂર્ણ લેખો પ્રેરણાદાયક છે. દરેક સમાજમાં એવી એકલી રહેતી વયોવૃદ્ધ મહિલાઓ હોય જે છે. આ મહિલાઓની 'દેખભાળ' સમાજની જવાબદારી છે. 'એકલનારી' લેખો આ બાબત તરફ સમાજનું ધ્યાન દોરે છે. અમારા સામયિક લોહાણા પ્રકાશ અને આપના સામયિક 'જ્ઞાતિસેતુ' ના આ રીત પરસ્પર આદાનપ્રદાનથી બંને સમાજને એકબીજા સમાજ વિષે ઘણું જાણવા અને સમજવા મળે છે. આશા છે આપનું 'સેતુ' અમને નિયમીત મળતું રહેશે.

**– ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર-અમદાવાદ**

● આપના તથા આપની અતિથી સંપાદકીય બહેનો શ્રીમતી લત્તાબેન, શ્રીમતી રોહીણીબેન તેમજ કુ. એકતા કટ્ટાની મહેનત અને લગનથી તૈયાર થયેલો મહિલા સશક્તિકરણ અંક જોઇને મારી આંખોમાં હર્ષ છલકાઇ ગયો અને મારી જ્ઞાતિ તથા મારા સમાજની મહિલાઓ માટે મને ગર્વ થયો. આપણા સમાજની આવી પ્રબુદ્ધ મહિલા શક્તિને મારા વંદન છે અને આવો સુંદર અંક છાપવા બદલ. સંપાદીકા બહેનોએ જે એકલવાયુ જીવન જીવતી આપણા સમાજની વયોવૃદ્ધ મહિલાઓની વિગતો આપી છે તે ખરેખર હૃદયદ્રાવક છે.

આવી બહેનોને આપણે આપણા ઘરના સારા પ્રસંગોને માનભેર આમંત્રણ આપીને આપણા આનંદમાં તેમને સામેલ કરવા જોઈએ એવું મારું માનવું છે. જેથી તેમને પણ એમના જીવન પ્રત્યે આદર અને સન્માન રહે તથા હતાશાઓ અને નિરાશાઓથી દૂર રહીને પ્રફુલીત જીવન જીવી શકે.

છેલ્લા લગભગ દસેક વર્ષથી જ્ઞાતિસેતુ બહાર પડે છે સેતુ થકી આપ આપણા સમાજમાં છુપાયેલી પ્રતિભાઓને ઓપ આપીને ઉજ્જવળ બનાવો છો તે બાબત ખરેખર સરાહનીય છે મને એક વાચક તરીકે આપણા ઉન્નત અને આવા ખમીરવંતા સમાજમાં જન્મ લીધાનો મને ગર્વ થાય છે.

જ્ઞાતિસેતુ થકી આપે ઘણા છોકરા-છોકરીઓને વધુ અભ્યાસ, કળા અને વાંચન તથા લેખનની ભૂખ લગાડી છે. જેનું સમાજલક્ષી લેખન તેમજ કાર્યો કરતા કર્યા છે, હવે સ્પષ્ટ વર્તાય છે. અંતમાં આપની તથા સમગ્ર સેતુ ટીમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મારા અંતઃપૂર્વક ધન્યવાદ.

**– અનિલ મો. બીજલાણી-ભુજ**

● મહિલા સશક્તિકરણ વિશેષાંક પ્રકાશિત કરવા માટે સેતુ પરિવારને ખૂબ જ અભિનંદન.

ફરીથી કુ. એકતા કટ્ટા, લત્તાબેન સોલંકી અને રોહિણી બુદ્ધભટ્ટી સાથે સર્વેને મારા જયશ્રીકૃષ્ણ.

આજના યુગમાં સ્ત્રીને ખૂબ જ સચેત રહેવાની જરૂરત છે તો તે પોતાના બાળકોને ઉત્તમ શિક્ષણ તેમજ સારા સંસ્કાર આપીને એક સારો નાગરિક સમાજને આપી શકે તે કામ સ્ત્રીનું જ છે. તે પોતાના બાળકોમાં પશ્ચિમી સંસ્કારની જે ઘેલછા છે તેને લીમીટ કરી ભારતીય સંસ્કૃતિ જાળવી રાખે તેવા પ્રયાસ કરવા જોઈએ અત્યારે આઘાત પમાડે તેવા કિસ્સા દરરોજ બનતા હોય છે. આવા બનાવો આપણા સમાજમાં ન બને તે માટે તકેદારી રાખવી જોઈએ માટે સૌ બહેનોની ફરજ બની રહે છે કે તેઓ ભારતીય સંસ્કૃતિ જીવંત રહે તેવા સંસ્કાર બાળકોને આપીને ઉછેરે તો જ સમાજનું અને દેશનું ભાવિ ઉજ્જવળ રહેશે. સૌ સલામત રહો તેવી શુભેચ્છા..

**– આર.પી. પોમલ-અંજાર**

● મહિલા સશક્તિકરણ
વહેતુ ઝરણું,
ફૂટતું અંકુર,
બે કાંઠે વહેતી લોકમાતા,
ઉતુંગ શીરે સરહદો રક્ષતો પર્વાધિરાજ,
મંદ મંદ વહેતી હવા જેવું હાલરડું કે રણહાંક ગજવતી રણચંડી.

કોઈ પણ અલંકાર કે ઉપમા નાની પડે એવી આ મહિલાશક્તિનું સશક્તિકરણી ક્યા ક્ષેત્રમાં એ શક્તિશાળી નથી ? સંપાદકીય લેખમાં પણ બહેનશ્રી લત્તાબેન, રોહિણીબેન, કુ. એકતાબેનને આ જ કહ્યું છું. Positive sign for self respect and self confidence. બહેનશ્રી લત્તાબહેને ખાસ ફોન કરીને અભિપ્રાય અને ઉણપ બતાવવાનું કહ્યું એટલે કે અંક ફરીથી ધ્યાનપૂર્વક વાંચ્યો. પ્રતિભાઓનો પરિચય થયો. ઉણપ ક્યાંયે ના મળી. ખૂબ જ અગત્યની સમાજ માટેની વાત 'એકલવાયું જીવન જીવતી મહિલાઓ'ની વ્યથા કથા વ્યક્તિગત સંપર્ક થકી સંપાદિકાઓએ અંધારિયા ખૂણા તરફ પ્રકાશ ફેંકીને સમાજને વિચારતો કરવાનું પુણ્યકાર્ય કર્યું અને આ પુણ્યકાર્ય થકી સમાજની એકલવાયી બહેનો માટે કોઈ નક્કર કાર્ય થઈ શકશે તો એના મૂળમાં આ વિચાર પ્રેરનાર બહેનોનું નામ રહેશે. અને એવું કંઈ થશે તો અંગત રીતે અમારા પરિવારનો દરેક પ્રકારે સાથ રહેશે.

તંત્રીસ્થાનેથી આદરણીય હંસરાજભાઈએ સમગ્ર અંકનું 'નવનીત' પહેલાંથી જ ચટાડી દીધું એટલે અંક ખોલ્યા પછી અધુરો મૂકવાનું મન કોઈને પણ નહીં થાય I am sure. આહાર વિહાર, વાનગી, વુમન પ્રોપર્ટી હક, બિઝનેશ ક્ષેત્રની મહિલાઓ, તરૂણીના સ્વપ્ન, સુલક્ષણા નારી મહિલા મહાત્મ્ય શું શું નથી મૂક્યું. આ અંકની 'ભીંત' પર કોમલ હૈ કમજોર નહીં, શક્તિ કા નામ નારી હૈ ।

અતિથી સંપાદિકા બહેનોને તથા સેતુના આધાર સ્તંભ એવા શ્રી હંસરાજભાઈ, શ્રી અતુલભાઈ, શ્રી મનુભાઈને ખૂબ ખૂબ ધન્યવાદ.

**– હરિલાલ લખમશી - વિશાપરમાર**

● નારી સશક્તિકરણ વિશેષાંક ખૂબ જ રસપ્રદ માહિતી સભર છે. આ અંકની વિશેષતા 'એકલ નારી...' વ્યથા કથા... સમસ્ત સમાજને એમની સ્થિતિ તથા સમસ્યાઓ પ્રત્યે જાગ્રત કરે છે. સંપાદીકા બહેનો કુ. એકતા કટ્ટા, શ્રીમતી લત્તાબેન, શ્રીમતી રોહીણીબેન તથા તેમની સહયોગી સર્વે બહેનોની જહેમત કાબીલે તારીફ છે. 'જ્ઞાતિ સેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજ કંસારા, શ્રી અતુલ સોની તથા શ્રી મનુભાઈ કોટડિયા સહિત સમગ્ર સેતુ ટીમ અને અમદાવાદ જ્ઞાતિને ખૂબ ખૂબ અભિનંદન.

**– રીના પી. પોમલ-વડોદરા**

# નિરોગી-દીર્ઘાયુષ્ય માટે આયુર્વેદ જીવનશૈલી

ડૉ. જીગર ગોર

કોઈ વ્યક્તિને યાદ કરતા હોઈએ અને સામે જ તે આવી ચડે તો તરત મોંમાંથી શબ્દો સરી પડે છે કે – 'ભાઈ, તું તો સો વર્ષનો થઈશ...!'

બોલતાં તો બોલાઈ ગયું, પણ ખરેખર વિચાર કર્યો છે. શું ખરેખર દીર્ઘાયુષ્ય કે ૧૦૦ વર્ષનું જીવન જીવાય ખરું ?

'શતમ્ જીવમ્ શરદઃ' આવા આશીર્વાદ જન્મદિને વડીલો પાસેથી સાંભળતા હોઈએ છીએ. ૧૦૦ જેટલી શરદઋતુ સુખરૂપી આયુષ્યનો અર્થ સમજવાનો આ પ્રયાસ છે.

બ્રિટનમાં થયેલી એક શોધ મુજબ ૨૦-૨૦ વ્યક્તિના બે જૂથને અલગ અલગ ખંડમાં મુકવામાં આવ્યા હતા. પહેલા જૂથને માત્ર આરામથી રહેવાનું જ હતું અને ભોજન આરોગવાનું હતું. બીજા જૂથને દરરોજ ૩ કલાક કોઈ કાર્ય આપવામાં આવતું હતું. ૨ મહિના બાદ જોવા મળ્યું કે કોઈપણ કામ ન કરતા જૂથમાં ૮૦% લોકો બિમાર પડ્યા હતા. જ્યારે બીજા જૂથમાંથી કોઈ પણ બિમાર પડ્યુ ન હતું.

આયુર્વેદ શાસ્ત્રમાં નિરોગી દિર્ઘાયુષ્ય કેમ ભોગવી શકાય એ માટે રસાયણ અધ્યાય તેમજ દિનચર્યા ઋતુચર્યાના અધ્યાયમાં આપણી જીવનશૈલી કેવી હોવી જોઈએ તેનું સવિસ્તાર વર્ણન કરવામાં આવેલું છે.

ચ્યવનપ્રાશ સવારે ખાવું, ત્રિફળાચૂર્ણ રાત્રે લેવું, ગળો-આમળા-ગોક્ષુર સમભાગે ખરી સાકર - દૂધ સાથે લેવું વગેરે. 'રસાયન' દીર્ઘાયુષ્ય માટે કહેલા છે આયુર્વેદ ઔષધ પ્રવૃત્તિ તાસીર પ્રમાણે લેવામાં ન આવે તો પરિણામ આપતી ન હોવાથી અહીં અન્ય ઔષધનો ઉલ્લેખ નથી કરતો. તે માટે ક્વોલીફાઈડ આયુર્વેદ ડોક્ટર પાસેથી જ સલાહ લેવી જીવનશૈલીમાં રસાયન એટલે શું ? તેના ઉદાહરણ સ્વરૂપે આયુર્વેદના જ અમુક બાબતો અહીં નિર્દેશ કરું છું. રાત્રે વહેલા સુઈ વહેલા ઉઠવું, મન તેમજ હૃદયને સારા કાર્યોમાં પરોવવું, નિંદા-કુંથલી-હિંસા, મન-વચન-કર્મથી ન કરવા વગેરે બાબતો વિહાર-રસાયન કહેવાય છે. જે શરીર સાત્વિકતા વધારી નિરોગી દીર્ઘાયુષ્ય આપે છે.

અહીં મેં દિર્ઘાયુષ્યની પહેલા નિરોગી શબ્દ લખેલ છે. આયુષ્ય લાંબુ હોય પરંતુ છેલ્લા ૫-૧૦ વર્ષ પલંગ કે વ્હીલ ચેર પર બેસી પરતંત્રતાપૂર્વકનું હોય તો એ દીર્ઘાયુષ્ય નકામું છે. કોઈ વ્યકિતનું મરણ થાય ત્યારે કેવી રીતે બન્યું એ પૂછતાં, કેન્સર, કીડની ફેઈલ, હાર્ટએટેક, ટ્યુમર જેવા કારણો વધારે સાંભળવા મળે છે. રોજેરોજના પેશન્ટને તપાસતાં મને એવું લાગે છે કે આ બધા કારણો માટે આપણી આજની જીવનશૈલી તેમજ આહારશૈલી વધારે કારણભૂત છે.

આયુર્વેદ સંહિતામાં એક સરસ શ્લોક આપેલ છે - 'સર્વ રોગઃ અપિ મંદ અગ્નિઃ 'સુતરામ ઉદરાની ચ' એટલે કે સર્વ રોગનું મુખ્ય કારણ મંદ-નબળી પાચનશક્તિ છે. ખાસ કરીને ઉદર રોગમાં ઉદર રોગ એ એક જ નહીં પણ પેટના સર્વ અવયવોને ધ્યાનમાં રાખીને કહેલી બાબત છે તો પાચનતંત્ર સારું રહે તે માટે શું કરી શકાય ?

ભોજનમાં સુપાચ્ય - હળવો ખોરાક જ લેવો. વિશેષતઃ રાત્રી સમયે પચવામાં ભારે ખોરાક શક્ય તેટલો ટાળવો. ભોજનની આપણી ક્ષમતાથી વધારે જમવું નહીં. જઠરના ૪ કાલ્પનીક ભાગ કરીએ તો ૨ ભાગ ઘન પદાર્થ (રોટલી, ભાત, શાક વગેરે), ૧ ભાગ તરલ પદાર્થ (દાળ, છાશ વગેરે) અને ૧ ભાગ યોગ્ય પચન થાય તે માટે ખાલી મુકવો.

પોષક અન્ન કયું છે અને મારક અન્ન ક્યું છે તેની સમજદારી આપણે કેળવવી પડશે અને બાળકોને પણ શિખવાડવી પડશે. ટી.વી., મેગેઝીન કે ન્યુઝપેપરની લલચામણી જાહેરાતોમાં ન ફસાતાં યોગ્ય શું છે તે વિચારવું જ રહ્યું. પેકેટવાળા ફુડ કે ફ્રીજમાં લાંબો સમય રાખવામાં આવતા ખોરાકના રૂપ-રંગ કે સ્વાદ બદલાતા ન હોવા છતાં તે વાસી અન્ન હોતાં શરીરને નુકશાનકર્તા છે. ભોજનની અનિયમિતતા, રાત્રે જાગવું, મોડેથી ઉઠવું, ચાલતા - ફરતાં - ઉભા - ગપ્પાં મારતાં - ટીવી જોતાં ભોજન લેવાથી તેનું પાચન યોગ્ય રીતે નથી થતું અને શરીર રોગીષ્ઠ બને છે. જમ્યા પહેલાં કે પછી તુરંત ગટાપટ પાણી પીવું પાચનશક્તિ મંદ કરે છે. વચ્ચે વચ્ચે પાણી કે છાશ લેવાથી પાચનતંત્ર સબળ બને છે.

અકાળે વૃદ્ધત્વ ટાળવા માટે આયુર્વેદિય જીવનશૈલી અપનાવવી અત્યંત જરૂરી છે. નિરોગી શરીર રાખવા માટે આપણા પ્રદેશની આપણી આહારશૈલી જ ઉત્તમ છે. આંધળું અનુકરણ પાશ્ચાત્ય દેશોના આહાર-વિહારનું શરીર માટે હાનિકર્તા છે. એટલે થોડું સમજપૂર્વકનું આહાર-વિહાર આયોજન થકી સ્વસ્થ દીર્ઘાયુષ્ય મેળવી શકાય છે.

> વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની વ્યાખ્યા મુજબ માત્ર પૂર્ણ સ્વાસ્થ્ય એ શરીરમાં કોઈ રોગ ન હોય તેને નહીં પરંતુ સ્વસ્થ શરીર ઉપરાંત વ્યક્તિની આસપાસના સામાજિક વાતાવરણ અને માનવ મનની તંદુરસ્તી પર આધારિત છે. એટલે આપણી સૌની ફરજ બને છે કે આપણે આપણી આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખીએ અને મનને તંદુરસ્ત રાખવા ચિંતામુક્ત રહેવાના પ્રયાસો કરીએ.

# સો વર્ષ પુરાણું માણસાનું શ્રી મહાકાળી માતાજીનું મંદિર

**કનુભાઈ કંસારા**

ઉત્તર ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં આવેલા માણસા નગર એક રજવાડી સ્ટેટ હતું. પ્રજા વત્સલ રાજવીઓએ નગરના વિકાસ માટે ઉજળીયાત વસ્તીને નગરમાં વસાવી અને આના કારણે માણસા કાપડ, કરીયાણું અને કંસારા બજાર માટે આખા પરગણામાં વિખ્યાત હતું. એ વખતે એટલે કે એક સૈકા પહેલા માણસામાં નાના મોટા ૭૦ થી ૮૦ જેટલા કંસારા કુટુંબો વસતા હતા. જે આજે આ વિસ્તાર કંસારા બજાર તરીકે ઓળખાય છે.

એ જમાનામાં આજથી સો વર્ષ પહેલા માણસાના કંસારા ભાઈઓએ માણસાના કંસારા બજારમાં, ભાટવાડાના નાકે આપણા કુળદેવી મા કાલિકાનું ભવ્ય, વિશાળ શિખરબંધી મંદિર બંધાવેલ જે નગરનું સૌથી ઊંચું મંદિર ગણાતું, જેનો શતાબ્દી મહોત્સવ આવતા વર્ષથી ભારે ધામધૂમ અને ઉમંગથી ઉજવવાનો છે.

સફેદ આરસમાં, મહિષાસુર મર્દિનીના સ્વરૂપવાળી, અદ્‌ભૂત, અલૌકિક દિવ્ય અને ચમત્કારિક મૂર્તિ મંદિરમાં બિરાજમાન છે. જેનું દિવ્ય દર્શન કાલિકા પુરાણમાં પણ મૂકેલ છે.

આજે આ પ્રાચીન મંદિર ફક્ત કંસારાઓનું જ નહીં પરંતુ ભાટવાડા સહિત સમગ્રહ ગામમાં આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક બન્યું છે. દર વર્ષે જેઠ-વદી ૧૦ના રોજ માતાજીનો પાટોત્સવ ભારે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય છે. હવન થાય છે અને એનો લાભ માણસામાં વસતા તથા બહારગામ રહેતા તમામ લ્હાણેદારો લે છે.

સો સો વર્ષના વહાણા વાયા લાકડા અને પતરાંથી બનેલુ ંઆ મંદિર હવે જિર્ણોદ્ધાર ઝંખી રહ્યું છે. જીર્ણ થયું હોવાથી તેને ઉતારી લેવામાં આવ્યું છે અને તેને નવેસરથી બનાવવા માતાજીનો હુકમ થયેલ છે. એટલે અમે માણસાના તમામ જ્ઞાતિભાઈઓ આપ સમક્ષ ટહેલ નાખીએ છીએ. આપ આપનાથી બની શકે તેટલી સેવા નોંધાવશો અને સો વર્ષથી પ્રજ્વલિત આ જ્યોતને તેની આભાને વધુ દેદીપ્યમાન બનાવશો એવી નમ્ર વિનંતી....

મા કાલિકા સૌનું ભલું કરે - કલ્યાણ કરે અને આપ તથા આપના કુટુંબ ઉપર સદાય અમીદૃષ્ટિ રાખે.

**સૌજન્ય : ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**


સુનીલભાઈ
મો. ૯૩૭૬૧૧૦૧૧૨
(ઓ) ૨૨૧૫૩૦૮૨



*B. R. Casting*

**પરમાનંદભાઈ વીંટીવાળા**

૧૧૭૮, બંધારાનો ખાંચો, માણેકચોક, અમદાવાદ.

॥ શ્રી વેરાઈ માતાય નમઃ ॥

શુભેચ્છા સહ..

**સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી**

મો. ૯૪૨૭૩૬૫૩૭૭ (કચ્છ માંડવીવાળા)

***સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર***

---

**સોની અતુલકુમાર પ્રેમજીભાઈ સોલંકી**

મો. ૯૪૨૬૩૬૫૪૩૫

**સોની વિજયકુમાર પ્રેમજીભાઈ સોલંકી**

મો. ૯૮૯૮૬૫૩૨૩૭

**સોની સંજયકુમાર પ્રેમજીભાઈ સોલંકી**

મો. ૯૫૫૮૬૬૭૨૫૯

સહ પરિવાર

મું. વડાલી, જી. સાબરકાંઠા

---

**સોની કીર્તિકુમાર કેશવજીભાઈ સોલંકી**

મો. ૯૪૨૭૪ ૩૫૪૬૦

**સોની ત્રિલોકકુમાર કીર્તિકુમાર સોલંકી**

મો. ૯૮૨૫૯ ૧૨૭૬૦

**સોની રવિકુમાર કીર્તિકુમાર સોલંકી**

મો. ૯૯૨૫૮ ૭૬૩૩૯

**સોની નરેનકુમાર કીર્તિકુમાર સોલંકી**

મો. ૯૯૦૯૫ ૮૦૩૫૧

મું. ભુજ, જી. કચ્છ

**ચાંદીના દાગીના હોલસેલ બનાવનાર**

## શું આપનું લવાજમ બાકી છે ???

જ્ઞાતિસેતુનું પ્રકાશન દર બે માસે થાય છે તેનું લવાજમ ત્રણ વર્ષ માટે રૂા. ૩૦૦/- અને આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- છે. આ અંગેનો હિસાબ નાણાંકીય વર્ષ એટલે એપ્રિલ માસથી ગણવામાં આવે છે.

આપનું લવાજમ નિયમીત રીતે રીન્યુ કરાવવું જરૂરી છે. આપનું લવાજમ પુરુ થઈ ગયેલ હોય તો તાત્કાલીક આગામી ત્રણ વર્ષ માટે અથવા આજીવન લવાજમની રકમ જમા કરાવવા વિનંતી. આપની અગાઉની બાકી રહેલ લવાજમની વિગતો નીચે દર્શાવેલ સ્થાનિક જ્ઞાતિસેતુના સહયોગી પાસેથી મેળવી શકાશે. આપ આપનું લવાજમ પણ તેમની પાસે જમા કરાવી શકશે. લવાજમની રકમ રોકડમાં, મનીઓર્ડરથી અથવા ચેકથી ભરી શકાશે. ચેક **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ**ના નામનો લખવાનું રહેશે.

આ ઉપરાંત લવાજમની રકમ રોકડ/ચેકથી **અલ્હાબાદ બેંકના સેવિંગ્સ ખાતા નં.** 20008658973 **- શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ**ના ખાતામાં જમા કરાવી શકાશે. પરંતુ આ કિસ્સામાં બેંકની પે સ્લીપની નકલ જ્ઞાતિસેતુના કાર્યાલય પર મોકલી આપવા અથવા ઈ-મેઈલથી મોકલવા વિનંતી.

**જો આપના બાકી રહેલ લવાજમની રકમ તાત્કાલિક જમા કરાવવામાં નહી આવે તો અમારે ના છૂટકે 'જ્ઞાતિસેતુ' મુખપત્ર મોકલવાનું બંધ કરવાની ફરજ પડશે. આગામી અંકથી આપને ત્યાં 'જ્ઞાતિસેતુ' મોકલવામાં નહીં આવે તેની ખાસ નોંધ લેશો.**

**<u>જાહેરાત તથા લવાજમ માટે સ્થાનિક સંપર્ક</u> :**

- **અમદાવાદ** : શ્રી ઉદય પરમાર (મો) ૯૮૭૯૧ ૦૬૩૫૩
  શ્રી કનુભાઈ બીજલાણી (મો) ૯૨૭૬૮ ૪૦૯૧૩
- **ભુજ** : શ્રી ઈશ્વરભાઈ વી. હેડાઉ (મો) ૯૪૨૯૦ ૮૩૨૯૫
  શ્રી વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી (રૂલપ્રેસવાળા)(મો) ૯૯૭૯૭ ૯૭૫૮૪
- **અંજાર** : શ્રી અનિલ એસ. સોની (મો) ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા** : શ્રી પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી માર્ટ) (મો) ૯૮૭૯૧૨૨૨૬૫
- **માધાપર** : શ્રી હિતેશ સોની (કરણ જ્વેલર્સ) (મો) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **માંડવી** : શ્રી વિનોદભાઈ હેડાઉ (મો) ૯૮૯૮૮૩૧૫૨૦
- **અબડાસા** : શ્રી કાંતિલાલ દામજી પોમલ (કોઠારા) (મો) ૯૯૭૯૭૯૮૬૨૧
- **મુંબઈ** : શ્રી જયંતિભાઈ સાકરીયા (મો) ૦૯૯૬૯૮૪૦૩૪૫
- **રાયપુર** : શ્રી પ્રફુલભાઈ બારમેડા (મો) ૦૯૩૦૨૨૨૦૮૮૮
- **સાબરકાંઠા** : શ્રી નરેન્દ્રભાઈ સોની-ગાંધીનગર (મો) ૯૪૨૭૩૦૫૮૭૪
- **નાગપુર** : શ્રી પિનાક હાલાઈ (સોની) (મો) ૦૯૯૨૨૫૭૯૯૯૬
- **કાર્યાલય** : શ્રી રાજેન્દ્ર સોની
  ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
  ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮, ઈ-મેલ : editor@gnyatisetu.com
- **વિશેષ વિગત માટે સંપર્ક :**
  **શ્રી મનુભાઈ કોટડીયા (મો) ૯૬૦૧૨૭૫૦૭૮**


**પ્રો. રાજેશભાઈ કે. સોની** **મો. ૯૯૭૪૦ ૩૦૫૩૫**



# માનસી જ્વેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**યમુના હોટલની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ, મુ.પો. બાયડ, જિ. સાબરકાંઠા**

## પૈસાનું ગ્રુપ ચેક કર્યું ?

માણસ જન્મે છે ત્યારે તેનું વજન હોય છે
માત્ર અઢી કિલો,
અને મૃત્યુ પછી તેના શબથી રાખનું વજન હોય છે
માત્ર અઢી કિલો,
જિંદગીનું પહેલું વસ્ત્ર, જેનુ નામ છે ઝભલું,
જેને ખિસ્સું નથી હોતું,
જિંદગીનું અંતિમવસ્ત્ર, જેનું નામ છે કફન,
જેને ખિસ્સું નથી હોતું
તો પછી જન્મ અને મૃત્યુ વચ્ચે
ખિસ્સા માટે આટલી માથાકૂટ શા માટે ?
આટલા બધા છળ અને કપટ શા માટે ?
લોહીની બોટલ શરીરમાં ચઢાવતાં પહેલા
બ્લડ ગ્રુપ ચેક કરીએ છીએ ?
પૈસા લેતા તેને ચેક કરો કે
પૈસા ક્યા ગ્રુપના છે ?
હાય ગ્રુપના છે ? હરામ ગ્રુપના છે ? કે ન્યાય ગ્રુપના છે ?
ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જતાં,
ઘરમાં ફેલાય છે અશાંતિ, લડાઈ અને ઝઘડા,
હરામ અને હાયના પૈસા આવી જતા,
દવાખાના, કલબ અને બારમાં પૈસા ખત્મ થઈ જાય છે
અને પોતાને પણ ખત્મ કરી નાખે છે
બેંક બેલેન્સ વધે પણ ફેમિલી બેલેન્સ ઘટી જાય તો
સમજી જજો કે પૈસા આપણને સુટ થતા નથી.

**– ધર્મેન્દ્ર બી. સોની-તલોદ**

## મહિલા દિન

આજે મહિલા દિન
દર વર્ષે મહિલાઓ માટે મહિલા દિન ઉજવાઈ રહ્યો છે.
ઘરમાં હરતી, ફરતી શણગારેલી જીવીત, કઠપૂતળીનો દોર,
ક્યારેક પતિના હાથમાં ક્યારેક વડીલોના હાથમાં રહેલો છે.
આજેય તેને દહેજનો દાવાનળ સળગાવી રહ્યો છે.
મહિલાદિને તેણે કોણ બચાવશે ?
આ નવા યુગમાં આજેય ઘરને ખૂણે,
આ સુંપીને બાળ વિધવાઓ રડી રહી છે,
શિક્ષિત મધ્યમવર્ગીય મહિલાઓ આજેય,
ઘરને, વરને પકડીને જીવી રહી છે.
અધૂરી આશાઓ, પોતાના સપના સંકોરીને,
ઘરના ખૂણે સંકોડાઈને, સવારની રાહ જુવે છે.
એને ખુલ્લા આકાશમાં ઉડવું છે
પણ, તેને બેડીરૂપ ઝાંઝર પહેરાવ્યા છે.
તેની કલા કરમાઈ રહી છે કારણ,
તેના હાથ બંગડીઓથી બંધાયેલા છે.
મંગળસૂત્ર તેના જીવનનું સૌભાગ્ય બન્યું છે.
હજારો બંધનથી તેને બાંધી દીધી છે.
જેથી મહિલાદિને બહાર નીકળી ન શકે,
વિધવા, વ્યક્તા, અસહાય, નિ:સહાય,
પિડીત પત્ની, વૃદ્ધાશ્રમની વૃદ્ધા,
ગરીબ મહિલાઓને કોઈ દિવસ તો પૂછો,
તમારે શું જોઈએ ? તમારે શું કહેવું છે ?
તમારા સપના શું છે ?
તેને મન ગમતું કરવા માટે એક દિવસ તો આપો
મહિલા દિન ! આ તે કેવો મહિલા દિન !

**– અલ્પા જે. સોની-અમદાવાદ**

## સમાજ ગીતા

**– દર્શન ડી. સોની-તલોદ**

સમાજ સુખની સીડી છે, પ્રેમ સમાજની પ્રતિષ્ઠા છે.
સદાચાર સમાજની મૂડી છે, ત્યાગ સમાજની વૃદ્ધિ છે.
સમાધાનથી સમાજ શોભે છે.
વ્યવસ્થાથી સમાજ ઓપે છે.
સમાજ સેવામાં પ્રભુનો વાસ છે.
ઘર સુધારથી સમાજ સુધાર સંભવે
સમાજ સુધારથી રાષ્ટ્ર સુધાર સંભવે
સમાજ સુધારમાં વ્યક્તિ સુધાર છે.

સમાજ વિકાસમાં વ્યક્તિ કેન્દ્રમાં છે.
વિવેક અને વિનય ગુમાવશો નહિ.
ખોટું લાગે તેવું બોલશો નહિ.
પેટ બગડે તેવું ખાશો નહિ.
ચિંતા થાય તેવું કરશો નહિ.
ધર્મ જોખમાય તેવું લાણશો નહિ
અધર્મ પોષાય તેવું વાવશો નહિ
મન બગડે તેનું વાંચશો નહિ

અમદાવાદ જ્ઞાતિ સેતુ તેમજ
શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા
સોની જ્ઞાતિ મંડળને હાર્દિક
શુભકામના પાઠવું છું.



## મહેન્દ્રસિંહ કે. બારૈયા

પ્રાંતિજ - તલોદ તાલુકા
ધારાસભ્યશ્રી
જિ. સાબરકાંઠા.

અમદાવાદ જ્ઞાતિ સેતુ તેમજ
શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા
સોની જ્ઞાતિ મંડળને
હાર્દિક શુભેચ્છા સહ..



## પટેલ વિષ્ણુપ્રસાદ ગાંડાલાલ

(ગંભીરપુરવાળા - તલોદ)
ગુજરાતી ફિલ્મઅભિનેતા એન્ડ પ્રોડયુસર
મહામંત્રી શ્રી,
યુવા યુથ કોંગ્રેસ સમિતિ તલોદ/પ્રાંતિજ તાલુકા.



ફોન નં. (૦૨૭૭૦) ૨૨૧૨૯૭
૨૨૦૮૯૭
મો. ૯૪૨૬૪૪૮૫૯૭

# વૈશાલી જવેલર્સ

**પ્રો. સોની દિનેશકુમાર જેઠાલાલ**

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**ઠે. અંબાજી ચોક,**
**મુ. તલોદ જી. સાબરકાંઠા**

---

ફોન નં. (૦૨૮૩૫) ૨૨૨૯૪૫
મો. ૯૮૨૫૭૪૮૨૪૬
મો. ૯૮૭૯૧૨૨૯૪૫



# શ્રી મધુસુદન જવેલર્સ

**સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર**

**પ્રો. ગંગારામભાઈ કે. સોની**
**(કાદીયાવાળા)**
**મેઈન બજાર, નખત્રાણા - કચ્છ.**